ખૂશ્બૂ ગુજરાત કી વિશેષાંક ભાગ-૧

# પ્રસ્તાવના

ખૂશ્બૂ ગુજરાત કી વિશેષાંક ભાગ-૧

*સુજ્ઞ સારસ્વત મિત્રો,*

વેકેશનમાં પરિવાર સાથે રજાઓ માણવા આપ ક્યાંકને ક્યાંક ફરવા ગયા હશો. જાણકારી વિના ફરવાની અને સ્થળોને જોવાની અને માણવાની મજા આવતી નથી. ડાયટ સંતરામપુર દ્વારા ''ખૂશ્બૂ ગુજરાત કી'' ભાગ-૧ અને ''ખૂશ્બૂ ગુજરાત કી'' ભાગ-૨ વિશેષાંક દ્વારા ગુજરાતની વિશેષતા અને વૈવિધ્યતાને આપની સમક્ષ ઉજાગર કરવાનો પ્રયત્ન થયો છે.

આ વિશેષાંકમાં ગુજરાત અંગે ભરપૂર માહિતી આપેલ છે. જળ, જમીન, વન, ખનીજ, કળા, સંગીત, સાહિત્ય શિક્ષણ, સ્પોટ્સ, જોવાલાયક સ્થળો, તીર્થો, યાત્રાધામો, લેખકો, કવિઓ, સાહિત્યકારો, સંતો, સમાજસુધારકો, વિરલ વિભૂતિઓ, પ્રાણી, પક્ષી તમામ પ્રકારની વૈવિધ્યતા અને ગુજરાતની આગવી વિશેષતાઓ આપની સમક્ષ મૂકી છે. મારી સૌ સારસ્વતમિત્રોને આગ્રહભરી વિનંતી છે કે આ વિશેષાંક આપ અવશ્ય વાંચો અને વિદ્યાર્થીઓ સમક્ષ બુલેટીનબોર્ડ ઉપર તેની વિગતો પ્રદર્શિત કરો.

કે. ટી. પોરાણીયા
પ્રાચાર્ય
ડાયટ, સંતરામપુર

ખૂશ્બૂ ગુજરાત કી વિશેષાંક ભાગ-૧

# સંપાદકીય

ખૂશ્બૂ ગુજરાત કી વિશેષાંક ભાગ-૧

વ્હાલા ગુરૂજનો,

નવા અભ્યાસક્રમમાં પ્રત્યેક ધોરણમાં આપણા ગુજરાતનો ક્યાંકને ક્યાંક ઉલ્લેખ થયેલ છે. ત્યારે આપણા બાળદેવો અને ગુરૂજનો ગુજરાતની વૈવિધ્યતા વિષે જાણે. **સૌનો સાથ સૌનો વિકાસ''નો મંત્ર લઈ ગુજરાતે વિશ્વ કક્ષાએ નામ કાઢ્યું છે.** આપણી ગુજરાત સરકારે પણ ખૂશ્બુ ગુજરાત કી અંતર્ગત ડીઝીટલ **આયોજન કરેલ છે.** અને તમામ ક્ષેત્રે અવનવા પ્રોજેક્ટ મૂકેલ છે. આ કાર્યક્રમના એક પિંછારૂપ આ મૈત્રીના માધ્યમથી ગુજરાતની ગરીમાને આપ સમક્ષ ઉજાગર કરવાનો પ્રયત્ન કરેલ છે. ત્યારે **''આપણું ગુજરાત આગવું ગુજરાત''** એવો આદરભાવ દરેક ગુજરાતીના મનમાં પેદા થાય. આપણા બાળકો ગુજરાતની નદીઓ, કૃષિ સંપત્તિ, જળ સંપત્તિ, વન સંપત્તિ, પશુ, પ્રાણી, પક્ષી, મત્સ્ય સંપત્તિ, ખનિજ સંપત્તિ વિષે જાણે. આપણા ગુજરાતના ઉદ્યોગો શિક્ષણ, કળા, ઉત્સવો, મેળાઓ, જોવાલાયક સ્થળો જાણે અને માણે તે જરૂરી છે.

આપણા ગુજરાતના સંતો, કવિઓ, લેખકો, લોકનૃત્યો, સાહિત્ય સમાજસુધારકો, સાહિત્યકારો, સંગીત, ચિત્ર, કળા, ગુજરાતના રમતવીરો, એવોર્ડે વિજેતાઓ, ગુજરાતની વિરલ વિભૂતિઓ અને રત્નસમા દિવડાઓ વિષે જાણે અને પ્રેરણા મેળવે પોતે પણ પોતાના ગુજરાત માટે કંઈક યોગદાન આપે અને એક ગરવા ગુજરાતી તરીકે સારો નાગરિક બને તે હેતુસર **''ખૂશ્બૂ ગુજરાત કી''** ભાગ-૧ અને **''ખૂશ્બૂ ગુજરાત કી''** ભાગ-૨ આપ સમક્ષ મૂકતાં એક ગુજરાતી તરીકે હું આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. આશા રાખુ એક સંદર્ભ સાહિત્ય તરીકે મૈત્રી ના આ બન્ને વિશેષાંક ખૂબજ ઉપયોગી નીવડશે.


આપનો સહપંથી<br>
ડૉ. એ. વી. પટેલ<br>
તંત્રી "મૈત્રી"<br>
(૧) (મો.) ૯૪૨૬૩ ૨૦૯૦૫<br>
(૨) (મો.) ૯૪૦૯૦ ૮૬૪૭૫<br>
ડાયટ, સંતરામપુર

# ખૂશ્બૂ ગુજરાત કી

સંકલન : ડૉ. એ. વી. પટેલ
તંત્રી મૈત્રી, ડાયટ, સંતરામપુર

## ૧. ધાર્મિક સ્થળો

### (૧) હિન્દુ યાત્રાધામો

- સોમનાથ, પ્રભાસપાટણ (જિ. જૂનાગઢ) : બાર જ્યોતિર્લિંગોમાંનું એક
- અંબાજી (જિ. બનાસકાંઠા) : શક્તિ સંપ્રદાયનું સૌથી મોટું પ્રાચીન તીર્થધામ, ૫૧ શક્તિપીઠો પૈકીની એક
- બાલારામ (જિ. બનાસકાંઠા) : કોટેશ્વર મહાદેવનું મંદિર
- શામળાજી (જિ. સાબરકાંઠા) : શ્રીકૃષ્ણના ગદાધર શ્યામ સ્વરૂપની મૂર્તિ
- બહુચરાજી (જિ. મહેસાણા) : બહુચર માતાનું પ્રાચીન મંદિર
- નારાયણ સરોવર (જિ. કચ્છ) : ભારતનાં પાંચ પવિત્ર સરોવરોમાંનું એક
- કોટેશ્વર (જિ. કચ્છ) : કચ્છમાં દરિયાકિનારે આવેલું શિવાલય
- ગલતેશ્વર (જિ. ખેડા) : સોલંકી યુગનું શિવાલય
- ડાકોર (જિ. ખેડા) : રણછોડરાયજીનું મંદિર
- કાયાવરોહણ (જિ. વડોદરા) : પાશુપત સંપ્રદાયનું પવિત્ર તીર્થધામ
- નારેશ્વર (જિ. વડોદરા) : મહારાજશ્રી રંગ અવધૂતનો આશ્રમ
- વીરપુર (જિ. રાજકોટ) : ભક્ત જલારામનું સ્થાનક
- સત્તાધાર (જિ. જૂનાગઢ) : સંતશ્રી આપાગીગાનું સમાધિ સ્થળ
- ગુપ્ત પ્રયાગ (જિ. જૂનાગઢ) : ગુપ્ત પ્રયાગરાજજીનું પ્રાચીન મંદિર
- રાજપરા (જિ. ભાવનગર) : ખોડિયાર માતાનું ભવ્ય મંદિર
- ગોપનાથ (જિ. ભાવનગર) : સમુદ્રકિનારે ગોપનાથનું શિવમંદિર
- સાળંગપુર (જિ. અમદાવાદ) : હનુમાનજીનું પ્રસિદ્ધ મંદિર
- પાવાગઢ (જિ. પંચમહાલ) : મહાકાલી માતાનું પ્રાચીન તીર્થધામ
- કામરેજ (જિ. સુરત) : નારદ-બ્રહ્માની અનોખી પ્રતિમા
- દ્વારકા (જિ. જામનગર) : ભગવાન શ્રીકૃષ્ણની નગરી, દ્વારકાધીશનું ભવ્ય મંદિર
- ઊંઝા (જિ. મહેસાણા) : કડવા પાટીદારના કુળદેવી ઉમિયા માતાનું મંદિર
- બિંદુ સરોવર (સિદ્ધપુર, જિ. પાટણ) : ભારતનાં પવિત્ર સરોવરોમાંનું એક
- ચાંદોદ (જિ. વડોદરા) : પિતૃકાર્ય અને શ્રાદ્ધતર્પણ માટે પ્રસિદ્ધ સ્થળ
- ભૃગુ આશ્રમ, ભરૂચ (જિ. ભરૂચ) : ભૃગુ ઋષિનો પ્રાચીન આશ્રમ
- ગિરનાર (જિ. જૂનાગઢ) : ગોરખનાથ, અંબા માતા, ગુરુ દત્તાત્રેય, ઓઘડ અને કાલકા શિખર

### (૨) જૈનતીર્થો

- પાલિતાણા (જિ. ભાવનગર) : જૈનોનું પવિત્ર તીર્થધામ ૮૬૩ દેરાસરો
- ભદ્રેશ્વર (જિ. કચ્છ) : ભગવાન મહાવીરનાં મંદિર ઉપરાંત ૫૨ દેરાસરો
- તારંગા (જિ. મહેસાણા) : એક જ શિલામાંથી કંડારાયેલ ભગવાન અજિતનાથની પ્રતિમા
- મહેસાણા (જિ. મહેસાણા) : શ્રી સીમંધર સ્વામીની મૂર્તિ
- ભોયણી (જિ. મહેસાણા) : ભગવાન શ્રી મલ્લિનાથની સુંદર પ્રતિમા
- શંખેશ્વર (જિ. પાટણ) : પાલિતાણા પછીનું જૈનોનું મહત્ત્વનું તીર્થધામ
- મહુડી (જિ. ગાંધીનગર) : શ્રી ઘંટાકર્ણમહાવીરની મૂર્તિ
- શેરીશા (જિ. ગાંધીનગર) : શ્રી પાર્શ્વનાથ અને શ્રી પદ્માવતી દેવીની ભવ્ય પ્રતિમા

- ➤ પાનસર (જિ. ગાંધીનગર) : ભગવાનશ્રી ધર્મનાથની મૂર્તિ
- ➤ ગિરનાર (જિ. જૂનાગઢ) : નેમિનાથજીનાં દેરાસર સહિત ૮૦૦ જૈન દેરાસરો

**(૩) મુસ્લિમ આસ્થાકેન્દ્રો**

- ➤ મીરાં દાતાર (ઉનાવા, જિ. પાટણ) : સૈયદ અમિ દાતાર ઓલિયાની શાનદાર પુરાતન દરગાહ
- ➤ દેલમાલ (જિ. મહેસાણા) : હસનપીરની દરગાહનું પવિત્ર સ્થાન
- ➤ શેલાવી (જિ. મહેસાણા) : દાઉદી વહોરા કોમની બે દરગાહો
- ➤ દાતાર (જિ. જૂનાગઢ) : જમિયલશા પીરની દરગાહ
- ➤ રોજારોજી (મહેમદાવાદ, જિ. ખેડા) : પ્રસિદ્ધ રોજો

**(૪) પારસી તીર્થો**

- ➤ સંજાણ (જિ. વલસાડ) : ઈરાનથી આવેલા પારસીઓએ સંજાણના રાજાનો આશ્રય મેળવ્યો હતો.
- ➤ ઉદવાડા (જિ. વલસાડ) : પવિત્ર આતશ બહેરામ પ્રજ્વલિત છે.

**(૫) યહૂદી તીર્થ**

- ➤ ખમાસા (અમદાવાદ) : સિનેગૉગ (ગુજરાતનું એકમાત્ર પ્રાર્થનાગૃહ)

**(૬) ખ્રિસ્તી તીર્થ**

- ➤ વડોદરા (જિ. વડોદરા) : નિષ્કલંક માતાનું ધામ
- ➤ ખંભોળજ (જિ. આણંદ) : નિરાધારોની માતા

**(૭) સ્વામિનારાયણ સંપ્રદાયનાં તીર્થો**

- ➤ ગઢડા (જિ. ભાવનગર) : સ્વામિનારાયણ સંપ્રદાયનું મુખ્ય તીર્થ
- ➤ વડતાલ (જિ. આણંદ) : શ્રી સ્વામિનારાયણ ભગવાનનું મનોહર મંદિર
- ➤ બોચાસણ (જિ. આણંદ) : શ્રી અક્ષર પુરુષોત્તમ સંસ્થાનું મુખ્ય મથક
- ➤ અક્ષરધામ (ગાંધીનગર) : સ્વામિનારાયણ સંપ્રદાયનું આધુનિક અને ભવ્ય મંદિર
- ➤ સાળંગપુર (જિ. અમદાવાદ) : સ્વામિનારાયણ સંપ્રદાયનું જાણીતું તીર્થ

## ૨. સાગરીય સ્થળો

અહમદપુર માંડવી (જિ. જૂનાગઢ), ચોરવાડ (જિ. જૂનાગઢ), ઉભરાટ (જિ. નવસારી), તીથલ (જિ. વલસાડ), ઉમરગામ (જિ. વલસાડ, હજીરા (જિ. સુરત), ડુમસ (જિ. સુરત), માંડવી (જિ. કચ્છ), મોટા ગોપનાથ (જિ. ભાવનગર), પીરમ બેટ (જિ. ભાવનગર), પીરોટન ટાપુઓ (જિ. જામનગર).

## ૩. ઉજાણી સ્થળો

સરદાર સરોવર (કેવડિયા કૉલોની, જિ. નર્મદા), ચાંદોદ-કરનાળી (ગુજરાતનું કાશી, જિ. વડોદરા), ધરોઈ (જિ. મહેસાણા), દાંતીવાડા (જિ. બનાસકાંઠા), બાલારામ (જિ. બનાસકાંઠા), શુક્લતીર્થ, કબીરવડ (જિ. ભરૂચ), તુલસીશ્યામ (જિ. જૂનાગઢ), ઉનાઈ (જિ. સુરત), ઉકાઈ (જિ. સુરત), લસુન્દ્રા (જિ. ખેડા), ટુવા (જિ. પંચમહાલ), મુન્દ્રા (કચ્છનું પૅરિસ, જિ. કચ્છ), ઉત્કંઠેશ્વર (જિ. ગાંધીનગર), લીંબડી (હાઈવે ટૂરિઝમ, જિ. સુરેન્દ્રનગર.)

## ૪. ઐતિહાસિક સ્થળો

લોથલ (જિ. અમદાવાદ), ધોળાવીરા (જિ. કચ્છ), મોઢેરા (જિ. મહેસાણા), વડનગર (જિ. મહેસાણા), પાટણ (જિ. પાટણ), સિદ્ધપુર (જિ. પાટણ), પોળોના મંદિર (જિ. સાબરકાંઠા), આંતરસુંબા (જિ. સાબરકાંઠા), ધુમલી (જિ. જામનગર), મોરબી (જિ. રાજકોટ), વાંકાનેર (જિ. રાજકોટ), કુંભારિયા (જિ. બનાસકાંઠા), ગોરજ (જિ. વડોદરા) - રાજ્યનું સૌથી પ્રાચીન મંદિર. દાંડી (જિ. નવસારી).

## ૫. વિહારધામો

કોટેશ્વર (જિ. બનાસકાંઠા), ગલતેશ્વર (જિ. ખેડા), ગળતેશ્વર (જિ. સાબરકાંઠા), ગોપનાથ (જિ. ભાવનગર), હાથબ (જિ. ભાવનગર), ડેઝર (જિ. પંચમહાલ), પાવાગઢ (જિ. પંચમહાલ), વિલ્સન (જિ. વલસાડ), માલસામોટ (જિ. ભરૂચ), સાપુતારા (જિ. ડાંગ), મહોદ (જિ. કચ્છ), સાસણ (જિ. જૂનાગઢ), નળ સરોવર (જિ. અમદાવાદ).

## ૬. જોવાલાયક સ્થળો

### અમદાવાદ જિલ્લો

**૧. અમદાવાદ :** જિલ્લાનું મુખ્ય મથક છે. સાબરમતી નદીના કિનારે ખાંટ રાજા આશાભીલનું ગામ આશાવલ (આશાવલ્લી). કર્ણદેવ સોલંકીએ અહીં મહત્ત્વનું નગર વિસ્તાર્યું જે 'કર્ણાવતી' કહેવાયું. ૧૪મી સદીમાં ગુજરાતમાં રાજપૂત સત્તાનો અંત આવ્યો. ૧ એપ્રિલ ૧૪૧૧ના રોજ સુલતાન અહમદશાહે અમદાવાદ શહેરની સ્થાપના કરી અને ભવ્ય ઈમારતોથી શહેરની શોભા વધારી. ભદ્રનો કિલ્લો, ગાયકવાડની હવેલી, ત્રણ દરવાજા, જામા મસ્જિદ, બાદશાહનો હજીરો, રાણીનો હજીરો, ઝકરિયા મસ્જિદ, કુતુબુદ્દીન શાહની મસ્જિદ, સારંગપુરની મસ્જિદ, રાણી રૂપમતીની મસ્જિદ, રાણી સિપ્રીની મસ્જિદ, સીદી સૈયદની જાળી, આઝમખાનનો રોજો, દરિયાખાનનો ઘુમ્મટ, અહમદશાહની મસ્જિદ વગેરે મુસ્લિમ સ્થાપત્યો જોવાલાયક છે. મહંમદ બેગડાએ નગર ફરતો કોટ બનાવી તેને બાર દરવાજા મૂક્યા. કુતુબુદ્દીને બંધાવેલા તળાવ 'હૌજે કુતુબ' (કાંકરિયા તળાવ)ની ગણના ભારતનાં મોટાં નગર તળાવોમાં થાય છે. શાહજહાંએ બંધાવેલો શાહીબાગ અને મહેલ વિખ્યાત છે. મુઘલ સામ્રાજ્ય દરમિયાન કાળુપુર ટંકશાળમાં સિક્કાઓ બનતા હતા. દિલ્લી દરવાજા બહારનું હઠીસિંગનું જિનાલય અને સરસપુરનું ચિંતામણીનું દેરું, ઝવેરીવાડનું પાર્શ્વનાથનું દેરાસર કલાનો અદ્‌ભુત નમૂનો છે. કામનાથ મહાદેવ, ભીમનાથ મહાદેવ, નગરદેવી મા ભદ્રકાળીનું મંદિર, સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરો, વૈષ્ણવોની હવેલી, અંબાજી, રણછોડજી, શ્રીકૃષ્ણ અને રામનાં અનેક મંદિરો છે.

નગરદેવતા જગન્નાથજીનું ભવ્ય મંદિર છે. અષાઢ સુદ બીજના દિવસે અહીંથી રથયાત્રા નીકળે છે. ઝૂલતા મિનારા, દરિયાખાનનો ઘુમ્મટ, ચંડોળા તળાવ, ગીતા મંદિર, સરદાર પટેલ મ્યુઝિયમ, કાંકરિયા બાલવાટિકા અને પ્રાણી સંગ્રહાલય, પતંગ હૉટેલ, સાબરમતી આશ્રમ (ગાંધી આશ્રમ), કોચરબ આશ્રમ, શાહ આલમનો રોજો, સુંદરવન, સાયન્સ સિટી આઈ-મેક્સ થિયેટર, મલ્ટિપ્લેક્સ થિયેટરો, મૉલ વગેરે અમદાવાદનાં જોવાલાયક સ્થળો છે. આ ઉપરાંત દાદા હરીની વાવ, માનવમંદિર, સારંગપુરનું વૈષ્ણવ મંદિર, ભાવનિર્ઝરનું યોગેશ્વર મંદિર, ચિન્મય મિશન, ઈસ્કોન મંદિર, ગુરુદ્વારા, ભાગવત વિદ્યાપીઠ અને કૃષ્ણમંદિર જોવાલાયક છે. લૉ. ગાર્ડન, તિલકબાગ, સરદારબાગ, સૌરભ ગાર્ડન, પરિમલ ગાર્ડન, ભક્ત કવિ નરસિંહ મહેતા સરોવર (વસ્ત્રાપુર) વગેરે અમદાવાદનાં જાહેર ઉદ્યાનો છે. ધીર સ્પેસ ઍપ્લિકેશન સેન્ટર, અટીરા, ધી ફિઝિકલ રિસર્ચ લૅબોરેટરી, ઇન્ડિયન સ્પેસ રિસર્ચ સેન્ટર, નૅશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન, કેલિકો કાપડ સંગ્રહાલય, શ્રેયસ લોકકલા સંગ્રહાલય, સંસ્કાર કેન્દ્ર, નિરમા યુનિવર્સિટી, ગુજરાત યુનિવર્સિટી વગેરે કેન્દ્રો અમદાવાદને ગૌરવ બક્ષે છે. સાબરમતી નદી પર તોરણ બાંધ્યા હોય તેવાં દસ પુલો બંધાયા છે. સાબરમતી રિવર ફ્રન્ટ યોજના અમદાવાદ શહેરના સૌંદર્યમાં વધારો કરે છે. નર્મદા યોજનાને કારણે નદી બે કાંઠે છલકાય છે. એક જમાનામાં 'ભારતનું માંચેસ્ટર' ગણાતું આ ઐતિહાસિક શહેર પ્રગતિશીલ વેપાર, ધંધા અને કુનેહ માટે જાણીતું છે.

'રાજપથ' અને કર્ણાવતી' જેવી ક્લબો, એક જ ઈમારતમાં ચાર-છ થિયેટરો, શૉપિંગ, બુકશોપ, રેસ્ટોરન્ટ વગેરે સુવિધાઓ વિકસી છે. અમદાવાદના આશ્રમ રોડ અને સીજી (ચીમનલાલ ગિરધરદાસ) રોડ અદ્યતન માર્ગો ગણાય છે.

**૨. સરખેજ :** અમદાવાદથી નજીક સરખેજ ગામમાં મહમદ બેગડા અને તેના શાહજાદાઓની મઝાર છે. નજીકમાં મહમદ બેગડાની બેગમનો રોજો તેમજ સુલતાન અહમદશાહના ગુરુ અહમદશાહ ખટુગંજબક્ષનો રોજો તથા મસ્જિદ છે. અહીં મોટું તળાવ પણ છે.

**૩. લાંભા :** બળિયાદેવનું ભવ્ય મંદિર છે.

**૪. ધોળકા :** મીનળદેવીએ બંધાવેલું મલાવ તળાવ અહીં છે. પાંડવોની શાળા, ભીમનું રસોડું, સિદ્ધનાથ મહાદેવ વગેરે પુરાણી જગાઓ છે.

**૫. ગણેશપુરા :** ભગવાન શ્રી ગણેશનું ભવ્ય મંદિર છે.

**૬. સાળંગપુર :** હનુમાનજીનું મોટું અને પ્રખ્યાત મંદિર છે. અહીંનું સ્વામિનારાયણનું મંદિર ભવ્ય અને જોવાલાયક છે.

**૭. ભીમનાથ :** નીલકા નદીના કાંઠે મહાદેવનું મોટું અને પ્રખ્યાત દેવાલય છે.

**૮. માંડલ :** રાવલ કુટુંબના કુળદેવી ખંભલાવ માતાનું ભવ્ય મંદિર છે. મંદિરમાં સુવર્ણમઢમાં માતાજીની મૂર્તિ બિરાજમાન છે. તળાવની મધ્યમાં પ્રાગટ્યસ્થાને પણ મંદિર બાંધવામાં આવ્યું છે. અતિથિગૃહ અને ભોજનાલયના કારણે દર પૂનમે અનેક શ્રદ્ધાળુઓ અહીં આવે છે.

**૯. વીરમગામ :** મીનળદેવીએ બંધાવેલું મુનસર અને ગંગુ વણઝારાએ બંધાવેલું ગંગાસર તળાવ અહીં આવેલાં છે.

**૧૦. નળ સરોવર :** ૧૨૦.૮૨ ચો. કિમી વિસ્તારમાં ફેલાયેલા આ અભયારણ્યમાં શિયાળાની ઋતુમાં સ્થળાંતરીય પક્ષીઓ જેવાં કે બગલાઓ, પેલિકેન, ફ્લૅમિંગો, સારસકુંજ, રાજહંસ વગેરે પ્રવાસીઓને આકર્ષે છે.

**૧૧. લોથલ :** સિંધુ સંસ્કૃતિના સમયનું બંદર હતું. અહીંથી બારું, નગર, ભઠ્ઠી, ગટરવ્યવસ્થા, હાડપિંજરો, અલંકારો, સ્મશાન વગેરે મળ્યાં છે.

## અમરેલી જિલ્લો

**૧૨. અમરેલી :** જિલ્લાનું મુખ્ય મથક છે. ઈ.સ. પૂર્વે ૩૦૦૦ના પુરાતત્ત્વ અવશેષો અહીંથી મળ્યા છે. અહીં પ્રાચીન મંદિરો, ગિરધરલાલ મહેતા સંગ્રહાલય જોવાલાયક છે. અહીં તેલની મિલો આવેલી છે.

**૧૩. લાઠી :** કવિ કલાપીની કર્મભૂમિ અને જન્મભૂમિ છે.

## આણંદ જિલ્લો

**૧૪. આણંદ :** જિલ્લાનું મુખ્ય મથક છે. ઈ.સ. ૧૯૪૬માં સરદાર પટેલના માર્ગદર્શન હેઠળ સ્થપાયેલ 'અમૂલ ડેરી' એશિયાની મોટામાં મોટી ડેરી છે. 'નૅશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ'નું મુખ્ય મથક અહીં છે.

**૧૫. વલ્લભવિદ્યાનગર :** અહીં સરદારની દૃષ્ટિ અને શ્રી ભાઈલાલ પટેલની વ્યવસ્થાશક્તિના સુભગ પરિણામરૂપે ઊભું થયેલું વિદ્યાધામ છે. અહીં અને કૉલેજો અને સંશોધનશાળાઓ છે.

**૧૬. બોરસદ :** બોરસદમાં મહાકાળેશ્વરનું શિવાલય, ફૂલમાતા, બહુચરાજી, તોરણમાતા તથા નારાયણ દેવનાં મંદિરો છે.

**૧૭. કરમસદ :** સરદાર પટેલનું વતન. હૉસ્પિટલ અને મેડિકલ કૉલેજ છે.

**૧૮. ખંભાત :** આ પૌરાણિક ઐતિહાસિક નગર અગાઉ 'સ્તંભતીર્થ' તરીકે ઓળખાતું. અહીંની જુમ્મા મસ્જિદ ભવ્ય કોતરણીવાળી છે. ખંભાતથી ૫ કિમી દૂર કાકાની કબર વહોરાઓનું મોટું યાત્રાધામ છે.

**૧૯. લુણેજ :** ઈ.સ. ૧૯૫૮માં અહીંથી ખનીજ તેલ મળ્યું હતું. અહીં ગૅસનો મોટો ભંડાર છે. આ ગૅસ ધુવારણના તાપવિદ્યુતમથકને પૂરો પાડવામાં આવે છે.

**૨૦. વડતાલ :** સ્વામિનારાયણ સંપ્રદાયમાં વડતાલની ગાદીનું બહુ મહાત્મ્ય છે. મંદિરમાં આવેલી લક્ષ્મીનારાયણની ભવ્ય મૂર્તિની સ્થાપના ઈ.સ. ૧૯૨૪માં સહજાનંદ સ્વામીએ કરી હતી.

## કચ્છ જિલ્લો

શિયાળે સોરઠ ભલો, ઉનાળે ગુજરાત,
ચોમાસે વાગડ ભલો, કચ્છડો બારે માસ.

**૨૧. ભુજ :** જિલ્લાનું મુખ્ય મથક છે. ભૂજિયા ડુંગરની તળેટીમાં વસેલું આ ઐતિહાસિક સ્થળ છે. જૂનું શહેર ભૂજિયા કિલ્લાથી સુરક્ષિત હતું. રામસંગ માલમે બાંધેલો આયના મહેલ, મહારાવ લખપતજીની સુંદર કોતરણીઓવાળી છત્રીઓ, ફતેહમામદ આરબનો હજીરો, મહારાવસિંહ મદનસિંહજી મ્યુઝિયમ, આનંદ કુંજ, પ્રાગ મહેલ, કચ્છ મ્યુઝિયમ, શરદબાગ પૅલેસ, સ્વામિનારાયણ મંદિર, હાટકેશ્વર મંદિર, સૂર્યમંદિર, ભારતીય સંસ્કૃતિ દર્શન (લોકકલાનું મ્યુઝિયમ), પન્ના મસ્જિદ, પ્રાગમલજીનો રાજમહેલ વગેરે અહીંનાં જોવાલાયક સ્થળો છે. દેસલસર અને હમીરસર સરોવર શહેરને સુંદરતા બક્ષે છે.

**૨૨. નારાયણ સરોવર :** ભારતનાં અડસઠ

તીર્થોમાં નારાયણ સરોવરનો સમાવેશ થાય છે. સરોવરની આજુબાજુ આકર્ષક મંદિરો છે. નારાયણ સરોવરથી ૨ કિમી દૂર દરિયાકિનારે કોટેશ્વરનું ભવ્ય શિવમંદિર છે. રાજ્ય સરકારે આ સ્થળને પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવ્યું છે.

**૨૩. મુંદ્રા :** વાડી-બગીચા અને તંદુરસ્ત આબોહવાને કારણે કચ્છના હરિયાળા પ્રદેશ તરીકે ઓળખાય છે. અહીં ખારેકનું પુષ્કળ ઉત્પાદન થાય છે. અહીં ખારેક સંશોધનકેન્દ્ર અને કુદરતી ઉપચારકેન્દ્ર આવેલાં છે. અદાણી પૉર્ટ કંપનીએ મુંદ્રાનો આધુનિક બંદર તરીકે વિકાસ કર્યો છે.

**૨૪. માંડવી :** જૂનું બંદર છે. ક્ષયના રોગીઓ માટે અહીં 'ટી.બી. સૅનેટોરિયમ' છે. એશિયાનું સૌથી પહેલું 'વિન્ડ ફાર્મ' અહીં આવેલું છે. વિજય પૅલેસ અને ભદ્રેશ્વરનું મંદિર જોવાલાયક છે.

**૨૫. ધોળાવીરા :** અહીંથી હડપ્પા સંસ્કૃતિના અવશેષો મળ્યા છે. આ સ્થળે ૪૫૦૦ વર્ષ પહેલાં એક વિશાળ અને ભવ્ય નગર હતું. અહીંથી વિશાળ ભવનો, ભંડારો, સભાખંડો, વાસણો, મુદ્રાઓ, તોલમાપનાં સાધનો, હોકાયંત્ર, અલંકારો વગેરે અવશેષો મળ્યાં છે.

**૨૬. અંજાર :** છરી-ચપ્પાં અને સૂડીના ઉદ્યોગ માટે આ શહેર જાણીતું છે. જળેશ્વરનું પ્રાચીન શિવાલય અને જેસલ-તોરલની સમાધિ વિખ્યાત છે. અંજારથી આશરે ૪ કિમીના અંતરે ઘુડખર અભયારણ્ય આવેલું છે.

**૨૭. આશાપુરા માતાનો મઢ :** કચ્છના રાજકુટુંબના કુળદેવી આશાપુરા માતાનું પુરાતનકાળનું ભવ્ય મંદિર છે.

**૨૮. ભદ્રેશ્વર :** જૈનોનું તીર્થધામ છે. અહીં વિશિષ્ટ સ્થાપત્યવાળાં દેરાસરો છે. શેઠ જગડુશાએ આ દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. પાંડવકુંડ તરીકે ઓળખાતી આશરે ૫૦૦૦ વર્ષ પુરાણી વાવ છે. ચોખંડા મહાદેવમાં રાજા સિદ્ધરાજે કોતરાવેલો એક શિલાલેખ (ઈ.સ. ૧૧૩૯) છે. પ્રાચીન ભદ્રાવતી નગરીના અવશેષો અહીંથી મળ્યા છે.

**૨૯. ધીણોધરનો ડુંગર :** ૩૮૮ મીટર ઊંચો અને ડુંગર દાદા ગોરખનાથની તપોભૂમિ તરીકે પ્રખ્યાત છે.

**૩૦. કોટાય :** અહીં કાઠીઓએ બંધાવેલું કોટયર્કનું સૂર્યમંદિર છે.

**૩૧. કંડલા :** ભારતનું આ અગત્યનું બંદર છે. 'ફ્રી ટ્રેડ ઝોન' (મુક્ત વ્યાપાર ક્ષેત્ર) તરીકે આ બંદરનો સારો વિકાસ થયો છે. ગુજરાતનું સૌથી મોટું બંદર છે.

**૩૨. રામપર વેકરા :** સ્વામિનારાયણ સંપ્રદાયનું પવિત્ર યાત્રાધામ છે. અહીં ગંગાજી અને જમનાજી નામના પવિત્ર કુંડ છે. રુકમાવતી નદીના કિનારે કારતક સુદ પૂનમના રોજ ગંગાજીનો મેળો ભરાય છે.

**૩૩. જખૌ :** કચ્છનાં જૈન પંચતીર્થ (સુથરી, કોઠારા, જખૌ, નલિયા અને તેરા)માંનું એક પવિત્ર યાત્રાસ્થળ છે.

**૩૪. સુથરી :** જૈન પંચતીર્થમાંનું એક સ્થળ છે. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી બળવંતરાય મહેતાની સ્મૃતિમાં બાંધવામાં આવેલ બળવંતસાગર બંધ માટે આ સ્થળ જાણીતું છે. તેઓનું વિમાન ૧૯ સપ્ટેમ્બર, ૧૯૬૫ના રોજ પાકિસ્તાની આક્રમણ વખતે અહીં તૂટી પડ્યું હતું.

**૩૫. કંથકોટ :** ખડકાળ ટેકરીની ટોચ પર આશરે ૫ કિમીના પરિઘમાં કિલ્લો આવેલો છે. અહીં ત્રણ મંદિરોના અવશેષો છે.

**૩૬. ગાંધીધામ :** પાકિસ્તાનથી આવેલા નિર્વાસિતોને વસાવવા અહીં નગરવસાહત બનાવવામાં આવી છે.

***'જેણે કચ્છ નથી જોયું એણે કંઈ પણ નથી જોયું.'***

**-અમિતાભ બચ્ચન**

## ખેડા જિલ્લો

**૩૭. નડિયાદ :** જિલ્લાનું મુખ્ય મથક છે. અહીંનું સંતરામ મહારાજનું સંતરામ મંદિર શ્રદ્ધા અને લોકસેવા માટે વિખ્યાત છે. શેઢી નદીના કિનારે ગુજરાતના સંત શ્રી મોટાનો આશ્રમ છે. ગોવર્ધનરામ ત્રિપાઠીનું નિવાસસ્થાન જોવાલાયક છે.

**૩૮. વસો :** પ્રખ્યાત જૈન મંદિર છે. ગોપાળદાસની હવેલીની કાષ્ટકલા ઉત્કૃષ્ટ છે.

**૩૯. ડાકોર :** ડાકોરનું પુરાણું નામ 'ડંકપુર' હતું. ગોમતીના કાંઠે ડંકેશ્વરનું મંદિર તથા આશ્રમ છે.

દ્વારકામાં વસેલા શ્રીકૃષ્ણ, ભક્ત બોડાણાની ભક્તિથી પ્રસન્ન થઈ ઈ.સ. ૧૧૫૬માં દ્વારકાથી ડાકોર આવીને વસ્યા એવી કથા પ્રચલિત છે. રણછોડજીના મંદિરમાં ભગવાન શ્રી રણછોડરાયની કાળા પથ્થરમાંથી બનાવેલી દેદીપ્યમાન મૂર્તિ બિરાજમાન છે. ગોમતી તળાવ, ડંકનાથ મહાદેવ, લક્ષ્મીજીનું મંદિર, બોડાણા મંદિર, સત્યનારાયણનું મંદિર વગેરે દર્શનીય સ્થળો છે.

**૪૦. ગલતેશ્વર :** ડાકોરથી ૧૬ કિમી દૂર મહીકાંઠે આવેલું સોલંકી યુગનું આ શિવાલય દર્શનીય છે. અહીં મહી અને ગોમતી નદીનું સંગમતીર્થ છે. સહેલાણીઓનું આ પ્રવાસધામ છે.

**૪૧. રૈયાલી :** બાલાસિનોરથી ૧૦ કિમીના અંતરે આવેલા આ સ્થળેથી પ્રાગ્ ઐતિહાસિક સમયનાં મહાકાય પ્રાણીઓનાં અસ્થિ-અશ્મકો મળી આવ્યાં હતાં. સમગ્ર વિશ્વમાં ડાયનાસોરનાં ઈંડાં પહેલી વાર આ જગ્યાએથી મળ્યાં હતાં.

**૪૨. લસુંદ્રા :** ગરમ પાણીના ઝરા આવેલા છે.

**૪૩. કપડવંજ :** અહીંની કુંકાવાવ, કાંઠાની વાવ, રાણીવાવ અને સીગરવાવ જાણીતી છે. અહીંનાં તોરણો પ્રાચીન યુગની કીર્તિગાથા ગાતાં ઊભાં છે.

**૪૪. ઉત્કંઠેશ્વર :** વાત્રક નદીને કિનારે ઉત્કંઠેશ્વર મહાદેવનું ભવ્ય મંદિર છે. આ સ્થળ 'ઊંટડિયા મહાદેવ' તરીકે પ્રસિદ્ધ છે.

**૪૫. ફાગવેલ :** ભાથીજી મહારાજનું મંદિર છે.

**૪૬. મહેમદાવાદ :** આ નગર મહમૂદ બેગડાએ વસાવેલું. અહીંનો ભમ્મરિયો કૂવો જોવાલાયક છે. મહમૂદ બેગડાએ તેની બેગમની સ્મૃતિમાં વાત્રકને કાંઠે બંધાવેલ ચાંદો-સૂરજ મહેલ અને કિલ્લાના અવશેષો જોવાલાયક છે.

**૪૭. વડતાલ :** સ્વામિનારાયણનું પ્રસિદ્ધ મંદિર અને યાત્રાધામ છે.

**૪૮. વીરપુર :** જૂનું સોલંકી સમયનું સંસ્થાન હતું. અહીં શ્રી ગોકુળનાથજીનાં પગલાં અને પવિત્ર દરગાહે શરીફ છે.

## ગાંધીનગર જિલ્લો

**૪૯. ગાંધીનગર :** ગુજરાત રાજ્યનું નવું પાટનગર અને જિલ્લાનું મુખ્ય મથક છે. આ નગર સુંદર, રમ્ય અને હરિયાળું છે. આ નગરનું આયોજન ફ્રેન્ચ શિલ્પી લીકા બુર્શીયરે કર્યું હતું. આ સુંદર ઉદ્યાનનગરી ત્રીસ સેક્ટરો અને ૫૭ ચોરસ કિલોમીટરમાં વિસ્તરેલી છે. ગાંધીનગરની મધ્યમાં ૭૫ હેક્ટર જમીન પર ભવ્ય સચિવાલય સંકુલ બાંધવામાં આવ્યું છે. વિધાનસભા ભવન, સચિવાલય, રાજભવન, મંત્રીઓનાં નિવાસસ્થાનો, ઉદ્યાનભવન, ઉજાણીગૃહ, સરિતા ઉદ્યાન, હરણી ઉદ્યાન, બાલ ઉદ્યાન વગેરે ગાંધીનગરનાં આકર્ષણ કેન્દ્રો છે. બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સંસ્થા દ્વારા ૨૩ એકર જમીન પર પથરાયેલા 'અક્ષરધામ'માં ભગવાન સ્વામિનારાયણની સુવર્ણમંડિત મૂર્તિ બિરાજમાન છે. અહીંથી નજીક પ્રાચીન ધોળેશ્વર મહાદેવનું મંદિર દર્શનીય સ્થાન છે.

**૫૦. ઈન્દ્રોડા :** ગાંધીનગર નજીક આવેલા ઈન્દ્રોડા પાર્કમાં હરણ ઉદ્યાન, મગર ઉદ્યાન, સર્પ ઉદ્યાન અને સસલાં ઉદ્યાન આવેલાં છે. આ પાર્કમાં અનેક પક્ષીઓ આવતાં હોવાથી પક્ષી નિરીક્ષણ માટે આ સ્થળ ખૂબ અનુકૂળ છે.

**૫૧. અડાલજ :** અડાલજના વાઘેલા રાવ વીરસિંહની રાણી રૂડાબાઈએ અડાલજમાં વાવ બંધાવી હતી. અવશેષોમાં અડાલજની વાવ પુરાતત્ત્વના આભૂષણ સમાન છે. વાવ ભૂગર્ભમાં પાંચ માળની છે અને પાંચમો માળ પાણીની સપાટી નીચે છે.

**૫૨. મહુડી :** સાબરમતી નદીના કિનારે આવેલું આ જૈનોનું પ્રસિદ્ધ તીર્થ છે. અહીંના પદ્માવતી માતાના મંદિરનો મહિમા મોટો છે. અહીં દેરાસરમાં ઘંટાકર્ણ મહાવીરની મૂર્તિ છે. અહીં સુખડીનો પ્રસાદ ધરાવવામાં આવે છે, જેને પટાંગણમાં જ આરોગી લેવો પડે છે. મહુડીથી થોડે દૂર ખડત ગામમાં કોટયર્ક સૂર્યમંદિરના અવશેષો છે. આ ખડાયતા વણિકોનું તીર્થ છે.

**૫૩. કલોલ :** જાણીતું ઉદ્યોગકેન્દ્ર અને તેલક્ષેત્ર છે. અહીં ઇન્ડિયન ફર્ટિલાઇઝર કો. ઓ. લિમિટેડનું મોટું સંકુલ છે.

## જામનગર જિલ્લો

**૫૪. જામનગર :** જિલ્લાનું મુખ્ય મથક છે.

'સૌરાષ્ટ્રનું પૅરિસ' ગણાતું જામનગર શહેર જામ રાવળે ઈ.સ. ૧૫૪૦માં વસાવ્યું હતું. શહેર વચ્ચેના રણમલ તળાવમાં આવેલો 'લાખોટા મહેલ' વીરતા અને પ્રેમનું પ્રતીક છે. અનેક મંદિરો અને સંસ્કૃત પાઠશાળાઓને કારણે જામનગર 'છોટે કાશી' તરીકે ઓળખાતું હતું. ઝંડુ ભટ્ટજીએ સ્થાપેલી ઝંડુ ફાર્મસી અહીં છે. અહીંના સ્મશાન 'માણેકબાઈ મુક્તિધામ'માં વિવિધ સંતો અને દેવોની પ્રતિમાઓ છે. અહીંની બાંધણી, કંકુ અને મેશ દેશ-વિદેશમાં પ્રખ્યાત છે. ખંભાળિયો દરવાજો, વિભા પૅલેસ અને પ્રતાપ વિલાસનાં શિલ્પ-સ્થાપત્યો સુંદર છે. અહીંની આયુર્વેદિક યુનિવર્સિટી અને સોલેરિયમ શહેરના આકર્ષણરૂપ છે. અહીંના બાલા હનુમાન મંદિરનું નામ ૧ ઑગસ્ટ, ૧૯૬૪થી નિરંતર ચાલતી રામધૂનના કારણે 'ગિનેસ બુક'માં નોંધાયેલું છે. અહીં ભારતના નૌકાસૈન્યનું તાલીમકેન્દ્ર 'વાલસુરા' છે. નજીકમાં બાલાછડી ખાતે સૈનિક શાળા આવેલી છે. કચ્છના અખાતમાં જોડિયાથી ઓખા સુધી પરવાળાના સુંદર રંગોના ખડકોવાળા 'પીરોટન' ટાપુઓ છે. આ ટાપુઓ અનેક પ્રકારનાં સાગરીય જીવોના સામુદ્રિક આશ્રય સ્થળ હોવાથી આ વિસ્તાર 'દરિયાઈ રાષ્ટ્રીય ઉદ્યાન' તરીકે જાહેર કરાયો છે. જામનગર નજીક મોટી ખાવડી ખાતે રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડની વિશ્વની સૌથી મોટી ગ્રાસરૂટ ઑઇલ રિફાઇનરી આવેલી છે.

**૫૫. દ્વારકા :** દ્વારકા હિન્દુઓનાં ચાર યાત્રાધામોમાંનું એક યાત્રાધામ અને મોક્ષદાયિની સાત નગરીઓમાંની એક નગરી છે. ભગવાન શ્રીકૃષ્ણે વસાવેલા દ્વારકા નગરમાં આશરે ૨૫૦૦ વર્ષ જૂનું દ્વારકાધીશનું મંદિર છે. ૬૦ મીટર ઊંચું પાંચ માળનું આ વિશાળ મંદિર ૬૦ સ્તંભો પર ઊભું છે. મંદિરના ગર્ભગૃહમાં દ્વારકાધીશની ૧ મીટર ઊંચી ચતુર્ભુજ શ્યામમૂર્તિ છે. આદિ શંકરાચાર્યે સ્થાપેલો શારદાપીઠ આશ્રમ નજીકમાં જ આવેલો છે. આ ઉપરાંત અહીં અનેક મંદિરો અને ધર્મશાળાઓ છે.

**૫૬. શંખોદ્ધાર બેટ :** બેટ દ્વારકા તરીકે ઓળખાતા આ સ્થળે દ્વારકાધીશ તથા તેમની પટરાણીઓના આઠ મહેલો આવેલા છે. અહીંના ગોપી તળાવની માટી ગોપીચંદન તરીકે ઓળખાય છે. શિવનાં બાર જ્યોતિર્લિંગોમાંનું એક નાગેશ્વરનું જ્યોતિર્લિંગ મંદિર અહીં દ્વારકાવનમાં આવેલું છે.

**૫૭. મીઠાપુર :** ટાટાનું કેમિકલ અને મીઠાનું કારખાનું છે.

**૫૮. ધુમલી :** ભાણવડ પાસે આવેલું અત્યંત પ્રાચીન નગર અને મંદિરોના ખંડેરો એટલે ધુમલી. અહીંનું નવલખા મંદિર અગિયારમી-બારમી સદીમાં બંધાયેલું છે. મંદિરનું શિખર અને ગર્ભગૃહનો ઘણો ભાગ નષ્ટ થયો છે.

## જૂનાગઢ જિલ્લો

**૫૯. જૂનાગઢ :** ગિરનાર પર્વતની તળેટીમાં વસેલું જૂનાગઢ શહેર જિલ્લાનું મુખ્ય મથક છે. ગુજરાતના આદિકવિ ભક્ત નરસિંહ મહેતાનાં માતાપિતાનું અવસાન થતાં ભાઈભાભી પાસે જૂનાગઢમાં રહ્યા હતા. ઉપરકોટમાં રાણકદેવીનો મહેલ છે. આ ઉપરાંત અડી કડીની વાવ અને નવઘણ કૂવો, સક્કર બાગ, દરબાર હૉલ મ્યુઝિયમ, નરસિંહ ચોરો, હસ્તકલા ઉદ્યોગની સંસ્થા 'રૂપાયતન' અહીંનાં જોવાલાયક સ્થળો છે.

**૬૦. ગિરનાર પર્વત :** ગિરનારની તળેટીમાં અશોકનો શિલાલેખ, રુદ્રદામનનો શિલાલેખ, દામોદર કુંડ, રેવતી કુંડ, ગોરખનાથનું મંદિર વગેરે જોવાલાયક છે. ગિરનાર પર્વતની પહેલી ટૂંક પર બારમી સદીનું નેમિનાથજીનું જૈન મંદિર છે. બીજી ટૂંક પર અંબાજીનું મંદિર છે. દત્તાત્રેયની ટૂંક સુધી પહોંચવા આશરે દસ હજાર પગથિયાં છે.

**૬૧. સાસણગીર :** ગીરનાં જંગલોમાં આવેલું આ સ્થળ સિંહના અભયારણ્ય તરીકે વિશ્વભરમાં જાણીતું છે. ગુજરાત સરકારના પ્રવાસન ખાતા તરફથી અહીં સિંહદર્શનની વ્યવસ્થા છે.

**૬૨. તુલસીશ્યામ :** ગીરના પ્રદેશની મધ્યમાં આવેલા આ સ્થળે ગરમ પાણીના સાત કુંડો અને શ્યામજી મહારાજનું મંદિર છે.

**૬૩. સતાધાર :** સૌરાષ્ટ્રના સુવિખ્યાત સંત આપાગીગાની સમાધિનું સ્થળ છે.

**૬૪. અહમદપુર-માંડવી :** અહમદપુર-માંડવી

દરિયાકિનારે આવેલું અને નૈસર્ગિક સૌંદર્ય ધરાવતું નયનરમ્ય સ્થળ છે. અહીં નૌકાવિહાર અને વૉટર સાઇકલિંગ તરણ વગેરેની સગવડ છે. નજીકમાં દીવ ટાપુ છે.

**૬૫. સોમનાથ :** સોમનાથ શૈવ પંથનું અત્યંત પુરાતન, સમૃદ્ધ અને મહત્ત્વનું કેન્દ્ર છે. બાર જ્યોતિર્લિંગોમાં સોમનાથનું મંદિર પ્રથમ જ્યોતિર્લિંગ ગણાય છે. હિરણ નદી અને સમુદ્રનો સંગમ પવિત્ર ત્રિવેણીતીર્થ ગણાય છે. તેનાથી થોડે દૂર દેહોત્સર્ગ તીર્થ છે. અહીં શ્રીકૃષ્ણના દેહનો અગ્નિ સંસ્કાર કરવામાં આવ્યો હોવાનું મનાય છે.

**૬૬. ભાલકા તીર્થ :** અહીં એક મોક્ષ પીપળો છે. આ પીપળાની નીચે શ્રીકૃષ્ણ આરામ કરવા બેઠા હતા ત્યારે એક પારધીએ તીર માર્યું હતું, જે શ્રીકૃષ્ણને પગમાં વાગ્યું અને તેમણે દેહત્યાગ કર્યો હતો એવી માન્યતા છે.

**૬૭. વેરાવળ :** એક મોટું બંદર છે. અહીં મત્સ્યોદ્યોગનો સારો વિકાસ થયો છે.

**૬૮. ચોરવાડ :** અહીંનો દરિયાકિનારો પ્રવાસીઓ માટે આહ્લાદક છે. ઉનાળામાં જૂનાગઢના નવાબ અહીં રહેતા હતા. નવાબનો મહેલ હોલી-ડે હોમમાં ફેરવાઈ ગયો છે.

## ડાંગ જિલ્લો

**૬૯. આહવા :** જિલ્લાનું મુખ્ય મથક છે. આદિવાસી વિદ્યાર્થીઓ માટે અહીં આશ્રમશાળા છે.

**૭૦. સાપુતારા :** આયોજનપૂર્વક વિકાસ પામેલું, સહ્યાદ્રિ પર્વતમાળામાં આવેલું ગુજરાતનું એકમાત્ર ગિરિમથક છે. 'સાપુતારા' શબ્દનો અર્થ 'સાપનો નિવાસ' થાય છે. ડાંગના આદિવાસીઓ હોળી તથા દિવાળીના તહેવારોમાં સર્પગંગા નદીના કિનારે ભેગા થઈ સાપની પૂજા કરે છે. હોળીના સમયે અહીં 'ડાંગ દરબાર' ભરાય છે. 'ડાંગર દરબાર' ડાંગી પ્રજાનો સૌથી મોટો લોકોત્સવ છે. સાપુતારાનાં જોવાલાયક સ્થળોમાં સનરાઇઝ પૉઇન્ટ, સનસેટ પૉઇન્ટ, ઈકો પૉઇન્ટ, બોટિંગ, દીપકલા ઉદ્યાન, ઋતંભરા વિશ્વ વિદ્યાલય, સાપુતારા સંગ્રહસ્થાન, વાઘબારી, મધમાખી ઉછેરકેન્દ્ર, ત્રિફળા વન વગેરે મુખ્ય છે. બારડીપાડાનું અભયારણ્ય અહીં છે. પૂર્ણિમા પકવાસાએ અહીં સુંદર વિદ્યાધામ વિકસાવ્યું છે.

**૭૧. વઘઈ :** ડાંગનું પ્રવેશદ્વાર ગણાતું વઘઈ એક અગત્યનું વેપારકેન્દ્ર છે. વઘઈ નજીકના 'બૉટનિકલ ગાર્ડન'માં વનસ્પતિનું સંવર્ધન અને સંશોધન થાય છે.

## તાપી જિલ્લો

**૭૨. વ્યારા :** જિલ્લાનું મુખ્ય મથક છે. વડોદરાના ગાયકવાડનો મહેલ આવેલો છે. પૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીનું જન્મસ્થાન.

**૭૩. ઉકાઈ :** તાપી નદી પર બહુહેતુક યોજના 'વલ્લભસાગર સરોવર' છે. અહીંનું હાઇડલ પાવર સ્ટેશન અને મત્સ્યોદ્યોગકેન્દ્ર જોવાલાયક છે.

**૭૪. કાકરાપાર :** તાપી નદી પર બંધ બાંધવામાં આવ્યો છે.

૭૫. સોનગઢ : પિલાજીરાવ ગાયકવાડે બંધાવેલો કિલ્લો છે. કિલ્લા પર દરગાહ અને મહાકાળી મંદિર છે.

**૭૬. વેડછી :** અર્વાચીન ઋષિ જુગતરામ દવેનો 'વેડછી આશ્રમ' દર્શનીય છે.

## દાહોદ જિલ્લો

**૭૭. દાહોદ :** જિલ્લાનું મુખ્ય મથક છે. આ શહેર વેપાર-ધંધાથી સમૃદ્ધ છે.

**૭૮. દેવગઢબારિયા :** આ જૂનું રજવાડી શહેર છે.

## નર્મદા જિલ્લો

**૭૯. રાજપીપળા :** જિલ્લાનું મુખ્ય મથક છે. રાજપીપળા દેશી રજવાડાની રાજધાનીનું શહેર હતું. અહીંનો એક હજાર બારીવાળો રાજમહેલ જોવાલાયક છે. આ સ્થળ તેની રમણીયતાને કારણે અનેક ગુજરાતી ફિલ્મોનું શૂટિંગ સ્થળ બન્યું છે. હરસિદ્ધિ માતાનું પ્રસિદ્ધ મંદિર છે.

**૮૦. નવાગામ :** નર્મદા નદી પર સરદાર સરોવર (નર્મદા બંધ) બાંધવામાં આવેલ છે. જે પ્રસિદ્ધ વિહારધામ છે.

## નવસારી જિલ્લો

**૮૧. નવસારી :** પૂર્ણા નદીના કિનારે વસેલું જિલ્લાનું મુખ્ય મથક છે. નવસૈયદ પીરની મઝાર હિન્દુ-

મુસ્લિમોમાં પ્રસિદ્ધ છે. જમશેદજી તાતા અને દાદાભાઈ નવરોજીના જન્મસ્થળનાં મકાનો આજે પણ મોજૂદ છે.

**૮૨. દાંડી :** મહાત્મા ગાંધીની ઐતિહાસિક દાંડીકૂચ સાથે સંકળાયેલું આ સ્થળ દરિયાકિનારે આવેલું છે. ૬ એપ્રિલ, ૧૯૩૦ના રોજ અહીં ચપટી મીઠું ઉપાડી ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કર્યો હતો. આ પ્રસંગની યાદમાં અહીં દાંડીસ્મારક બનાવવામાં આવ્યું છે.

**૮૩. બીલીમોરા :** સોમનાથ મહાદેવનું મંદિર બહુ પ્રસિદ્ધ છે. વલસાડી સાગમાંથી રાચરચીલું બનાવવાનાં કારખાનાં અહીં વિકસ્યાં છે.

**૮૪. ઉભરાટ :** લીલી વનરાજી અને દરિયાકિનારાના સૌંદર્યથી મઢાયેલું એક વિહારધામ છે.

**૮૫. મરોલી :** કસ્તૂરબા સેવાશ્રમને લીધે પ્રસિદ્ધ છે. અહીંની માનસિક રોગની હૉસ્પિટલ જાણીતી છે.

## પાટણ જિલ્લો

**૮૬. પાટણ :** જિલ્લાનું મુખ્ય મથક છે. વનરાજ ચાવડાએ વસાવેલા આ નગરનું મૂળ નામ અણહિલપુર પાટણ હતું. સિદ્ધરાજ જયસિંહે બંધાવેલા સહસ્રલિંગ તળાવની આજુબાજુ ૧૦૦૮ શિવલિંગ હતા. આ તળાવના અવશેષો એની ભવ્યતાનો પરિચય આપે છે. રાજા ભીમદેવ પહેલાની રાણી ઉદયમતીની યાદમાં બંધાવેલી 'રાણકી વાવ' રાષ્ટ્રીય સ્મારકમાં સ્થાન પામેલ છે. અહીંનું માટીકામ તથા પટોળાં પ્રખ્યાત છે. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનું વડું મથક છે. પાટણનાં જૈન મંદિરોમાં હેમચંદ્રસૂરિજીનાં પુસ્તકોનો સંગ્રહ છે.

**૮૭. સિદ્ધપુર :** રણમાં વહેતી કુંવારિકા સરસ્વતી નદીના કિનારે વસેલા સિદ્ધપુરમાં કારતક માસની પૂનમે મેળો ભરાય છે. ગુજરાતના રાજા મૂળરાજ સોલંકીએ 'રુદ્રમહાલય'ની રચના કરાવી હતી અને સિદ્ધરાજ જયસિંહે તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. સિદ્ધપુરના બિંદુ સરોવરમાં માતૃશ્રાદ્ધ કરવામાં આવે છે. કપિલ મુનિનો આશ્રમ જોવાલાયક છે.

**૮૮. શંખેશ્વર :** આ સ્થળ મૂળ 'શંખપુર' તરીકે ઓળખાતું હતું. જૈનધર્મીઓ માટે પાલિતાણા પછી બીજા ક્રમનું મહત્ત્વનું સ્થળ છે. અહીં પાર્શ્વનાથજીનું જિનાલય આવેલું છે.

**૮૯. મીરાં દાતાર :** પુષ્પાવતી નદીના કિનારે ઉનાવા ગામ પાસે આવેલું મીરાં દાતારનું સ્થાન મુસ્લિમોનું શ્રદ્ધાનું સ્થાન છે. અન્ય ધર્મના શ્રદ્ધાળુઓ પણ અહીં આવે છે. ઇસ્લામી વર્ષના બીજા મહિનાના પહેલા ચાંદે ભવ્યઉર્ષ ભરાય છે.

## પોરબંદર જિલ્લો

**૯૦. પોરબંદર :** જિલ્લાનું મુખ્ય મથક છે. ગાંધીજીની જન્મભૂમિ છે. કીર્તિ મંદિર (ગાંધીજીનું જન્મસ્થળ), ભારત મંદિર, ગાંધી સ્મૃતિ, આર્ય કન્યા ગુરુકુળ, પ્લેનેટોરિયમ વગેરે અહીંનાં દર્શનીય સ્થાનો છે. આ નગર સુદામાના નામ પરથી 'સુદામાપુરી' તરીકે પણ ઓળખાય છે. અહીંનું સુદામા મંદિર જોવાલાયક છે.

**૯૧. મિયાણી :** અહીંનું હર્ષદ માતાનું મંદિર યાત્રાનું સ્થળ છે. આ સ્થળ રાજા ભોજ અને શેઠ જગડુશાની કથા સાથે જોડાયેલું છે.

**૯૨. માધવપુર :** માધવરાયનું પ્રખ્યાત મંદિર છે. અહીં શ્રીકૃષ્ણે રૂક્ષ્મણી સાથે લગ્ન કર્યા હતા તેવી લોકવાયકા છે.

## પંચમહાલ જિલ્લો

**૯૩. ગોધરા :** જિલ્લાનું મુખ્ય મથક છે.

**૯૪. ચાંપાનેર (પાવાગઢ) :** વનરાજ ચાવડાએ પોતાના સેનાપતિ ચાંપાની સ્મૃતિમાં પાવાગઢની તળેટીમાં આ નગર વસાવ્યું હતું. આ સ્થળે આવેલી 'જામા મસ્જિદ' ગુજરાતની સુંદર મસ્જિદો પૈકીની એક છે. આ ઉપરાંત કેવડા મસ્જિદ, નગીના મસ્જિદ અને ખજૂરી મસ્જિદ પણ જોવાલાયક ઇમારતો છે. પાવાગઢ પર્વતના ઉચ્ચતમ શિખર પર મહાકાલી માતાનું મંદિર છે. મંદિરની બાજુમાં 'દૂધિયા' અને 'છાસિયા' તળાવો છે. પાવાગઢ ડુંગરના મધ્ય ભાગે 'માંચી' નામની જગ્યા છે. માંચી પાસે 'તેલિયા તળાવ' છે.

**૯૫. ટુવા :** જંગલો અને વનરાજી વચ્ચે ઘેરાયેલું ટુવા ગામ એના ગરમ પાણીના ઝરા માટે વિખ્યાત છે.

**૯૬. હાલોલ :** આજુબાજુનું ડુંગરો અને જંગલોની પ્રાકૃતિક સુંદરતાને કારણે અહીં ફિલ્મસ્ટુડિયો વિકસ્યો છે.

## બનાસકાંઠા જિલ્લો

**૯૭. પાલનપુર :** જિલ્લાનું મુખ્ય મથક છે. તેનું મૂળ નામ પ્રહ્‌લાદનપુર હતું અને તે આબુના પ્રહ્‌લાદનદેવે વસાવેલું. અત્તર ઉદ્યોગ અને હીરા ઉદ્યોગ માટે જાણીતું છે. ગુજરાતના પ્રતાપી રાજા સિદ્ધરાજ જયસિંહનું આ જન્મસ્થળ છે.

**૯૮. બાલારામ :** બાલારામ સુંદર વિહારધામ છે. વૃક્ષોના મૂળમાંથી પ્રગટતાં ઝરણાં, વહેતી નદી અને વૃક્ષોનું શાંત-શીતળ મનોરમ્ય પ્રકૃતિ સૌંદર્ય અહીંના આકર્ષણરૂપ છે. અહીં કોટેશ્વર મહાદેવનું મંદિર છે.

**૯૯. અંબાજી :** અરવલ્લી પર્વતમાળાના આરાસુર ડુંગર પર માતાજીનું મહિમાવંત સ્થાનક એટલે અંબાજી. ભારતની ૫૧ શક્તિપીઠોમાં અંબાજીની ગણના થાય છે. અંબાજીના પ્રાચીન મંદિરના સ્થળે અતિ ભવ્ય દેવાલયનું નિર્માણ થયું છે. અંબાજી એટલે ગુજરાતની બધી જ કોમના માતાભક્તોનું મુખ્ય શ્રદ્ધાકેન્દ્ર. અંબાજીની નજીકની ટેકરી ગબ્બર પર માતાજીનું મૂળ સ્થાનક છે.

**૧૦૦. કુંભારિયા :** અંબાજીથી ૨ કિમી દૂર આરસની અદ્‌ભુત સુંદર કોતરણીવાળાં સોલંકી કાળનાં પાંચ જૈન મંદિરો આવેલાં છે. કુંભારિયાથી થોડે દૂર કોટેશ્વરમાં સરસ્વતી નદીનું મૂળ છે.

## ભરૂચ જિલ્લો

**૧૦૧. ભરૂચ :** નર્મદા નદીના કિનારે ભૃગુ ઋષિએ વસાવેલું ‘ભૃગુતીર્થ’ કાળક્રમે અપભ્રંશ થઈને ભરૂચ થયું. જિલ્લાનું મુખ્ય મથક છે. પ્રાચીન સમયમાં ભરૂચ ગુજરાતનું સમૃદ્ધ બંદર હતું. અહીં આવેલો ‘વિક્ટોરિયા ક્લૉક ટાવર’ ભરૂચની શોભા વધારે છે. નર્મદા નદીના બંને કિનારાને જોડે છે પ્રખ્યાત ‘ગોલ્ડન બ્રિજ’.

**૧૦૨. ભાડભૂત :** અહીં દર ૧૮ વર્ષે કુંભમેળો ભરાય છે.

**૧૦૩. શુક્લતીર્થ :** ભરૂચથી ૧૬ કિમી દૂર આવેલા આ સ્થળ પ્રાકૃતિક સૌંદર્ય માણવા જેવું છે. અહીં દર કાર્તિકી પૂર્ણિમાએ મેળ ભરાય છે.

**૧૦૪. કબીરવડ :** શુક્લતીર્થ નજીક, નર્મદા નદીના પટની મધ્યમ કબીરવડ આવેલો છે. એવી માન્યતા છે કે કબીરજીએ ફેંકી દીધેલી વડના દાતણમાંથી આ વિશાળ વડ થયો છે. તે આશરે ૬૦૦ વર્ષ જૂનો છે.

**૧૦૫. અંકલેશ્વર :** અંકલેશ્વર કુદરતી ગૅસ અને તેલના ભંડારના કારણે વિશ્વવિખ્યાત છે.

**૧૦૬. ગંધાર :** અહીંથી તેલ અને કુદરતી ગૅસના ભંડાર મળ્યા છે

**૧૦૭. દહેજ :** ભારતનું એકમાત્ર લિક્વિડ કેમિકલ માટેનું બંદર અહીં આવેલું છે.

**૧૦૮. અલિયાબેટ :** ભારતનું પ્રથમ સાગરીય ખનીજ તેલ (ઈ.સ. ૧૯૭)નું ક્ષેત્ર અહીં આવેલું છે.

## ભાવનગર જિલ્લો

**૧૦૯. ભાવનગર :** જિલ્લાનું મુખ્ય મથક છે. ભાવનગરની સ્થાપના ઈ.સ. ૧૭૨૩માં મહારાજ ભાવસિંહજી પહેલાએ કરી હતી ગાંધી સ્મૃતિ, સરદાર સ્મૃતિ, ગૌરીશંકર તળાવ, બાર્ટન મ્યુઝિયમ બંદર પરનો લૉકગેઇટ, દરબારગઢ, તખતેશ્વરનું મંદિર, રૂવાપરી મંદિર વગેરે મુખ્ય જોવાલાયક સ્થળો છે.

**૧૧૦. પાલિતાણા :** પાલિતાણા પાસેની ૬૦૩ મીટર ઊંચી શેત્રુંજય પર્વતમાળામાં જૈનોનાં ૮૬૩ પ્રસિદ્ધ મંદિરો આવેલાં છે. જૈન ધર્મના પ્રથમ તીર્થંકર ઋષભદેવજીનું આ સ્થાનક મનાય છે. આધુનિક યુગમાં બંધાયેલું ‘સમવસરણ મંદિર’ ગિરિરાજની તળેટીમાં આવેલું છે. આ શહેર ‘મંદિરોના શહેર’ તરીકે વિખ્યાત છે.

**૧૧૧. વલભીપુર :** મૈત્રકોના સમયમાં આ સમૃદ્ધ અને જાહોજલાલીવાળું નગર હતું. વલભીપુર વિદ્યાપીઠ જગમશહુર હતી અહીંના સંગ્રહાલયમાં સિક્કાઓ અને તામ્રપત્રો સચવાયેલાં છે.

**૧૧૨. ગઢડા :** સ્વામિનારાયણ સંપ્રદાયનું મહત્ત્વનું તીર્થસ્થળ છે. ભગવાન સ્વામિનારાયણની મૂળ જગ્યા અને અક્ષર પુરુષોત્તમ સંસ્થાએ બનાવેલું ભવ્ય મંદિર છે.

**૧૧૩. ઘોઘા :** પુરાણું બંદર છે. નવખંડા પાર્શ્વનાથજીનું મંદિર છે.

**૧૧૪. ખોડિયાર :** ખોડિયાર માતાનું પ્રસિદ્ધ મંદિર અને દાતણિયો ધરો છે.

**૧૧૫. વેળાવદર :** કાળિયાર માટેનો દુનિયાનો સૌથી મોટો રાષ્ટ્રીય પાર્ક અહીં છે.

**૧૧૬. ગોપનાથ :** દરિયાકિનારે ગોપનાથનું ભવ્ય શિવમંદિર આવેલું છે. શ્રાવણ માસમાં અહીં મેળો ભરાય છે.

**૧૧૭. તલગાજરડા :** ગુજરાતના લોકપ્રિય સંત મોરારીબાપુનું જન્મસ્થળ છે.

**૧૧૮. મહુવા :** ફળ-ફળાદિના બગીચા માટે જાણીતું છે. અહીં લાકડાનાં રમકડાંનો ઉદ્યોગ વિકસ્યો છે.

**૧૧૯. તળાજા :** નરસિંહ મહેતાનું જન્મસ્થળ છે. અહીં જૈન મંદિરો અને બૌદ્ધ ગુફાઓ છે.

**૧૨૦. શિહોર :** આ શહેર તાંબા-પિત્તળનાં વાસણોનાં ગૃહઉદ્યોગ માટે જાણીતું છે. ગોમતેશ્વરનું મંદિર અને બ્રહ્મકુંડ જાણીતાં છે.

**૧૨૧. હાથબ :** રમણીય દરિયાકિનારો છે. દરિયાકિનારે કાચબા ઉછેરકેન્દ્ર છે.

**૧૨૨. અલંગ :** ગુજરાતનું બંદર છે. એશિયાનું સૌથી મોટું શીપ બ્રેકિંગ યાર્ડ (બિનઉપયોગી જહાજ ભાંગવાનો ઉદ્યોગ) અહીં આવેલું છે.

**૧૨૩. બગદાણા :** સંતશ્રી બજરંગદાસ બાપાનો આશ્રમ છે. બગડ નદીના કિનારે બગડેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર છે.

## મહેસાણા જિલ્લો

**૧૨૪. મહેસાણા :** જિલ્લાનું મુખ્ય મથક છે. અહીંની 'દૂધસાગર ડેરી' અને 'સીમંધર જૈન દેરાસર' પ્રખ્યાત છે. મહેસાણાની ભેંસો વખણાય છે.

**૧૨૫. તારંગા :** બૌદ્ધધર્મીઓની દેવી તારાના નામ પરથી ઓળખાતા તારંગા ડુંગર પર કુમારપાળના સમયમાં બંધાયેલ અજિતનાથનું જૈન મંદિર આવેલું છે. આ ઉપરાંત તારણ માતાનું મંદિર અને હનુમાનજીનું મંદિર છે.

**૧૨૬. મોઢેરા :** પુષ્પાવતી નદીના કિનારે આવેલા પ્રાચીન સૂર્યમંદિર માટે મોઢેરા જાણીતું છે. રાજા ભીમદેવના સમયમાં બંધાયેલું આ મંદિર મધ્ય યુગની શિલ્પકલાનો ઉત્તમ નમૂનો છે. મોઢેરાનું સૂર્યમંદિર સભાગૃહ તથા ગર્ભગૃહની કોતરણીથી શોભાયમાન છે. મંદિરની સામે રામકુંડની ચારે બાજુ પગથિયાં છે. મોઢ જ્ઞાતિની કુળદેવી મોઢેશ્વરી માતાનું મંદિર પણ પ્રખ્યાત છે.

**૧૨૭. વડનગર :** વડનગરા નાગરોનું આ મૂળ વતન છે. અહીં નાગરોના કુળદેવતા હાટકેશ્વર મહાદેવનું પ્રાચીન વિશાળ મંદિર છે. અહીં રાજ્ય સરકાર તરફથી તાના-રીરીની સમાધિ પાસે પ્રતિવર્ષ શાસ્ત્રીય સંગીતના ખ્યાતનામ કલાકારોનો મેળો ભરાય છે. વડનગરના અર્જુનબારી દરવાજામાં આવેલા શિલાલેખમાં વડનગરની ભવ્યતાનું વર્ણન છે. વડનગરની મધ્યમાં 'શર્મિષ્ઠા તળાવ' અને 'શામળશાની ચોરી' નામે ઓળખાતાં બે તોરણો છે. ૧૪ મીટર ઊંચો કીર્તિસ્તંભ તેમજ શહેરને ફરતો કોટ તથા દરવાજાના ખંડેરો વડનગરના ભવ્ય ભૂતકાળનો અણસાર આપે છે.

**૧૨૮. શંકુઝ વૉટર પાર્ક :** મહેસાણાથી ૧૦ કિમી દૂર અમીપુરા ગામ પાસે ૭૫ એકર વિસ્તારમાં અનેક રાઈડ્ઝ ધરાવતો આ વૉટર પાર્ક આવેલો છે.

**૧૨૯. ઊંઝા :** અહીં કડવા પાટીદાર સમાજના કુળદેવી ઉમિયા માતાનું ભવ્ય મંદિર છે. જીરું અને ઈસબગૂલનું વિશ્વનું સૌથી મોટું બજાર છે.

**૧૩૦. વિસનગર :** આ નગર વિશળદેવ વાઘેલાએ વસાવેલું છે. અહીં તાંબા-પિત્તળનાં વાસણોનો ઉદ્યોગ વિકસ્યો છે વિસનગરા નાગરોનું આ મૂળ વતન છે.

**૧૩૧. બહુચરાજી :** અહીંનું બહુચરાજી માતાનું મંદિર ગુજરાતનું પ્રાચીન દેવીતીર્થ શક્તિપીઠ છે. ૧૫ મીટર લાંબા અને ૧૧ મીટર પહોળા પથ્થરના આ મંદિરમાં સુંદર કોતરણી છે. અહીં કિન્નરોની ગાદી છે.

**૧૩૨. ઐઠોર :** ગણપતિનું સુપ્રસિદ્ધ મંદિર છે.

**૧૩૩. આસજોલ :** અહીં આવેલું કુન્તા માતાનું મંદિર ભારતનું એકમાત્ર મંદિર હોવાનું કહેવાય છે.

**૧૩૪. વિજાપુર :** અહીંનું ભવ્ય જૈન દેરાસર યાત્રાળુઓથી ધમધમતું રહે છે.

**૧૩૫. કડી :** મધ્યમાં આવેલો કિલ્લો, રંગમહેલ, મેલડી માતાનું મંદિર, યવતેશ્વર મહાદેવ વગેરે જોવાલાયક છે.

## રાજકોટ જિલ્લો

**૧૩૬. રાજકોટ :** જિલ્લાનું મુખ્ય મથક છે. રાજકોટની સ્થાપના વિભોજી જાડેજા નામના સરદારે કરી હતી. મહાત્મા ગાંધીનું બાળપણ અને પ્રાથમિક શિક્ષણ અહીં થયું હતું. તેમનું નિવાસસ્થાન 'કબા ગાંધીના ડેલા' તરીકે ઓળખાય છે. આ શહેર ઑઈલ એન્જિનો અને મશીનરીના છૂટા ભાગો બનાવવાના ઉદ્યોગો માટે જાણીતું છે. મહાત્મા ગાંધી હાઈસ્કૂલ (આલ્ફ્રેડ હાઈસ્કૂલ), વૉટ્સન સંગ્રહાલય, રામકૃષ્ણ પરમહંસનું મંદિર, રેસકૉર્સ, રાજકુમાર કૉલેજ, લાલપરી સરોવર, આજીડેમ વગેરે જોવાલાયક સ્થળો છે.

**૧૩૭. વીરપુર :** સંત જલારામ તથા તેમનાં પત્ની વીરબાઈ માતાના સ્થાનકને કારણે આ સ્થળ પ્રસિદ્ધ છે. મંદિરના દર્શનાર્થે આવતા યાત્રાળુઓને મંડાલયના સદાવ્રતમાં વિનામૂલ્યે 'પ્રસાદી' (ભોજન) આપવામાં આવે છે.

**૧૩૮. ગોંડલ :** આ શહેર ભુવનેશ્વરી દેવીના મંદિરને કારણે પ્રસિદ્ધ છે. અહીંના રાજા ભગવતસિંહજીએ 'ભગવદ્ગોમંડલ'ની રચના કરી હતી. ગોંડલી નદીના કિનારે વસેલા ગોંડલમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું વિશાળ મંદિર છે. અહીંનો નવલખા દરબારગઢ જોવાલાયક છે.

**૧૩૯. વાંકાનેર :** મચ્છુ નદીના કિનારે, ગ્રીસ-રોમન પદ્ધતિનાં શિલ્પ અને સ્થાપત્ય પ્રમાણે બનાવેલો રાજમહેલ 'અમર પૅલેસ' જોવાલાયક છે.

**૧૪૦. ટંકારા :** સ્વામી દયાનંદની જન્મભૂમિ છે.

**૧૪૧. મોરબી :** આ શહેર મચ્છુ નદીના કિનારે વસેલું છે. અહીંનું મણિમંદિર શિલ્પકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. અહીં ચિનાઈ માટીનાં વાસણો બનાવવાનો ઉદ્યોગ તથા ઘડિયાળ બનાવવાનો ઉદ્યોગ વિકસ્યો છે.

**૧૪૨. જેતપુર :** સાડીઓના ઉત્પાદન માટે આ શહેર જાણીતું છે.

**૧૪૩. રણુજા :** રામદેવપીરના સ્થાનક તરીકે આ સ્થળ વિખ્યાત છે.

**૧૪૪. ઘેલા સોમનાથ :** જસદણ પાસે ઘેલા નદીના કિનારે ભગવાન સોમનાથનું પ્રાચીન મંદિર છે.

**૧૪૫. થાન :** પરશુરામ પોટરીનું કારખાનું છે.

## વડોદરા જિલ્લો

**૧૪૬. વડોદરા :** જિલ્લાનું મુખ્ય મથક છે. ગાયકવાડ રાજાઓની રાજધાની વડોદરાને સુવિકસિત અને સુશોભિત બનાવવાનું શ્રેય સયાજીરાવ ગાયકવાડને ફાળે જાય છે. અનેક ભવ્ય ઈમારતોને લીધે આ શહેર 'મહેલોનું શહેર' કહેવાય છે. આ શહેરમાં ન્યાય મંદિર, કીર્તિ મંદિર, સુરસાગર તળાવ, મહારાજા ફત્તેહસિંહ સંગ્રહાલય, પ્રતાપ વિલાસ પૅલેસ, મકરપુરા પૅલેસ, લક્ષ્મી વિલાસ પૅલેસ, નજરબાગ પૅલેસ વગેરે સ્થાપત્ય અને કલા માટે દર્શનીય છે. કમાટી બાગ, સયાજી બાગ, પ્લેનેટોરિયમ, ઈએમઈ ટેમ્પલ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વગેરે વડોદરાની શોભામાં અભિવૃદ્ધિ કરે છે. વડોદરાનું પુસ્તકાલય સમૃદ્ધ ગણાય છે. નજીકમાં જ ફર્ટિલાઈઝર નગર થતાં વડોદરાની વિકાસ ઝડપી બન્યો છે.

**૧૪૭. આજવા :** આજવા તળાવમાંથી વડોદરા શહેરને પાણી પૂરું પાડવામાં આવે છે. આજવા ડેમ પાસે બનાવેલો ગાર્ડન સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે. અહીં નૌકાવિહારની સગવડ છે.

**૧૪૮. ડભોઈ :** અહીંનો ઐતિહાસિક કિલ્લો પ્રસિદ્ધ છે. હીરા નામના સલાટના નામ પરથી કિલ્લાનો પૂર્વ દરવાજો 'હીરા ભાગોળ' તરીકે ઓળખાય છે. દક્ષિણે નાંદોરી ભાગોળ, પશ્ચિમે વડોદરી ભાગોળ અને ઉત્તરે મહુડી ભાગોળ છે.

**૧૪૯. કાયાવરોહણ (કારવણ) :** અહીં ભવ્ય અર્વાચીન શિવાલય છે. પુરાણપ્રસિદ્ધ અને શિવના અવતાર ગણાતા ભગવાન લકુલીશનો જન્મ અહીં થયો હોવાનું કહેવાય છે. પાશુપત સંપ્રદાયનું આ મુખ્ય મથક છે. સ્વામી કૃપાલ્યાનંદજીએ પ્રાચીન અને અર્વાચીન સ્થાપત્યકલાનો સુમેળ સાધીને અહીં એક યોગ મંદિરનું નિર્માણ કર્યું છે.

**૧૫૦. ચાંદોદ :** 'દક્ષિણના કાશી' તરીકે ઓળખાતું ચાંદોદ-કરનાળી પૌરાણિક મહત્ત્વ ધરાવે છે. નર્મદા નદીના કિનારે આવેલું ચાંદોદ પિતૃઓની શ્રાદ્ધવિધિ માટે જાણીતું છે. ચાંદોદમાં કુબેરેશ્વરનું મંદિર, કરનાળી મહાદેવનું મંદિર, દક્ષિણામૂર્તિ તેમજ ગણપતિ,

ગાયત્રી, હાટકેશ્વર, ગરુડેશ્વર વગેરેનાં મંદિરો દર્શનીય છે.

**૧૫૧. સંખેડા :** લાકડાનાં કલાત્મક ફર્નિચર, રમકડાં અને લાખ કામ માટે પ્રખ્યાત છે.

**૧૫૨. નારેશ્વર :** અહીં નર્મદા નદીના કિનારે મહારાજ શ્રી રંગઅવધૂતનો આશ્રમ આવેલો છે.

**૧૫૩. કોયલી :** અંકલેશ્વરમાંથી નીકળેલું તેલ શુદ્ધ થવા માટે અહીં રિફાઈનરીમાં આવે છે.

**૧૫૪. માલસર :** અહીં ડોંગરેજી મહારાજે બીલી અને કદમના વૃક્ષ નીચે બેસી અનેક ભાગવત કથા કરી હતી. સત્યનારાયણનું મંદિર, પંચમુખી હનુમાનજી મંદિર, અંગારેશ્વર મહાદેવનું શિવાલય અને સેવાશ્રમ દર્શનીય સ્થળો છે.

## વલસાડ જિલ્લો

**૧૫૫. વલસાડ :** જિલ્લાનું મુખ્ય મથક છે. ઔરંગા નદીના કિનારે આવેલા વલસાડમાં રેલવે સુરક્ષાદળનું તાલીમકેન્દ્ર છે.

**૧૫૬. તીથલ :** વલસાડ નજીક આવેલું તીથલ દરિયાકિનારાનું હવાખાવાનું સ્થળ છે. અહીં દરિયાકિનારે સાંઈબાબાનું ભવ્ય મંદિર છે.

**૧૫૭. ઉદવાડા :** ઉદવાડાની અગિયારી પારસીઓનું પવિત્ર તીર્થધામ છે. પારસીઓએ ઈરાનથી લાવેલા અગ્નિ (આતશે બહેરામ)ને આજ સુધી અહીં પ્રજ્વલિત રાખવામાં આવ્યો છે.

**૧૫૮. નારગોલ :** અહીંનું વિદ્યાધામ પ્રખ્યાત છે. અહીં વિવિધ ટ્રસ્ટોનાં વિદ્યાલયો આવેલાં છે. અહીં અરવિંદ આશ્રમ્ પ્રેરિત છાત્રાલય સહિત શાળા પણ છે. નારગોલ અદ્‌ભુત સૌંદર્યધામ છે.

**૧૫૯. ઉમરગામ :** દરિયાકિનારાનું આ આહ્લાદક સ્થાન છે અને ફિલ્મ ઉદ્યોગનું કેન્દ્ર છે.

**૧૬૦. વાપી :** ઈન્ડસ્ટ્રિયલ ટાઉનશિપ આવેલી છે.

**૧૬૧. અતુલ :** ઉદ્યોગપતિ કસ્તૂરભાઈ લાલભાઈએ સ્થાપેલું 'અતુલ'નું રંગ, રસાયણ અને દવાઓનું વિશાળ કારખાનું અહીં આવેલું છે.

**૧૬૨. પારનેરા :** શિવાજીની આરાધ્યદેવી માતા ભવાનીનું મંદિર છે.

## સાબરકાંઠા જિલ્લો

**૧૬૩. હિંમતનગર :** જિલ્લાનું મુખ્ય મથક છે. હાથમતી નદીના કિનારે આવેલું આ શહેર સુલતાન અહમદશાહે વસાવેલું છે. અહીં રાજમહેલ, કાજીવાવ, જામા મસ્જિદ વગેરે જોવાલાયક છે.

**૧૬૪. ઈડર :** ચારેય બાજુ ખડકોની હારમાળા અને ડુંગરાઓથી ઘેરાયેલા ઈડર ગામમાં ૩૧૯ મીટર ઊંચી ટેકરી પર આવેલો વેણીવત્સલા રાજાએ બંધાવેલો 'ઈડરિયો ગઢ' જોવાલાયક છે. ગઢમાં મંદિરો અને વાવ છે. રણમલચોકી જોવાલાયક છે.

**૧૬૫. વડાલી :** અહીંથી ઈ.સ. ૧૨૦૮, ૧૨૧૯ અને ૧૨૭૩ના શિલાલેખો મળી આવ્યા છે.

**૧૬૬. ખેડબ્રહ્મા :** અહીં આવેલા ચતુર્મુખ બ્રહ્માજીના મંદિરના કારણે આ નગર 'ખેડબ્રહ્મા' કહેવાયું. અહીં ૧૭મી સદીમાં બંધાયેલું અંબાજી માતાનું મંદિર છે. પુષ્કરના બ્રહ્મામંદિર સિવાય બ્રહ્માનું મંદિર માત્ર અહીં જ છે.

**૧૬૭. પ્રાંતિજ :** અહીં ખડાયતા બ્રાહ્મણોના ઈષ્ટદેવ કોટયક પ્રભુની ચતુર્ભુજ પ્રતિમા છે. બ્રાહ્મણોની સાત કુળદેવીઓનાં મંદિરો પણ છે.

**૧૬૮. શામળાજી :** શામળાજીને ડુંગરાઓ, અરણ્ય અને મેશ્વો નદીનું સૌંદર્ય સાંપડ્યું છે. અહીં શ્રીકૃષ્ણ-વાસુદેવની ગદા ધારણ કરેલી શ્યામસ્વરૂપની મૂર્તિ બિરાજમાન છે. આથી આ સ્થળ 'ગદાધરપુરી' તરીકે પણ ઓળખાય છે. મંદિરના બાંધકામમાં પ્રાચીન ચૌલુક્ય શૈલી જળવાયેલી છે. શિલ્પસૌંદર્યની દૃષ્ટિ આ સ્થળ અસાધારણ અવલોકનીય છે. અહીં કાર્તિકી પૂર્ણિમાએ મેળો ભરાય છે, જે મુખ્યત્વે આદિવાસીઓનો મેળો છે.

**૧૬૯. ભિલોડા :** કીર્તિસ્તંભ સાથેનું દિગંબર જૈનોનું જૈન મંદિર મહત્ત્વનું યાત્રાધામ છે.

**૧૭૦. પોશીના :** શ્વેતાંબર જૈનોનાં ૪ પ્રસિદ્ધ જૈન મંદિર છે.

**૧૭૧. પોળો :** જૈનોનાં પ્રાચીન મંદિરો છે.

**૧૭૨. મોડાસા :** રાજા બતડનું 'મહુડાસુ' એટલે આજનું મોડાસા. વિશાળ કૉલેજ સંકુલ, ઔષધિ ઉદ્યાન,

રમતગમતનાં મેદાનો, ખુલ્લા રંગમંચો વગેરે આવેલાં છે.

## સુરત જિલ્લો

**૧૭૩. સુરત :** જિલ્લાનું મુખ્ય મથક છે. ભારતનું સૌથી ઝડપી વિકાસ પામતું શહેર. તાપી નદી પર વસેલું સુરત સ્વપ્નશીલો, સહેલાણીઓ, સુધારકો અને સંસ્કૃતિ પ્રેમીઓનું શહેર છે. વીરનર્મદનું નિવાસસ્થાન 'પ્રતિમા' અહીં છે. માનવસર્જિત યાર્નનું એશિયામાં સૌથી મોટું માર્કેટ સુરતમાં છે. એશિયામાં સૌપ્રથમ રિવૉલ્વિંગ રેસ્ટોરન્ટ સુરતમાં બની છે. મુગલ સરાઈ, ચિંતામણી પાર્શ્વનાથનું દેરાસર, નેહરુ બાગ વગેરે અહીંનાં દર્શનીય સ્થળો છે. અહીં પ્રતિવર્ષ નગરપાલિકા 'ત્રિઅંકી' નાટ્યસ્પર્ધા યોજે છે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનું વડું મથક અહીં છે. આ શહેરમાં સોના, ચાંદી તેમજ હસ્તકલા કારીગરીના ઉદ્યોગો વિકાસ પામ્યાં છે.

**૧૭૪. ડુમસ :** સુરતથી ૧૫ કિમી દૂર દરિયાકિનારે આવેલું આ એક વિહારધામ છે. તાપી નદી અને દરિયાનો સંગમ ડુમસ નજીક થાય છે.

**૧૭૫. હજીરા :** સુરતથી ૨૫ કિમી દૂર આવેલું હજીરા એના જહાજવાડા અને ખાતરસંકુલ માટે મશહૂર છે.

**૧૭૬. બારડોલી :** આઝાદીની જંગમાં સરદાર વલ્લભભાઈ પટેલની આગેવાની હેઠળ ખેડૂતોએ ના-કરની અહિંસક લડતની શરૂઆત અહીંથી કરી હતી. અહીં સરદારના નિવાસસ્થાન 'સરદાર સ્વરાજ આશ્રમ'માં ગાંધી વિચારધારાને લગતી પ્રવૃત્તિઓ ચાલે છે. અહીં સંખ્યાબંધ તસવીરોનું કાયમી પ્રદર્શન છે. સરદારશ્રીની પૂરા કદની પ્રભાવક પ્રતિમા અહીં છે. સહકારી ધોરણે ચાલતું ખાંડનું કારખાનું અહીં છે.

**૧૭૭. વેડછી :** અહીં ગુજરાતના સંનિષ્ઠ લોકસેવક અને સર્વાંગી શિક્ષક અર્વાચીન ઋષિસમા જુગતરામ દવેનો 'વેડછી આશ્રમ' આવેલો છે. અહીં નારાયણ મહાદેવ દેસાઈનું 'સંપૂર્ણ ક્રાંતિ' (જયપ્રકાશ નારાયણ પ્રેરિત) મહાવિદ્યાલય છે.

## સુરેન્દ્રનગર જિલ્લો

**૧૭૮. સુરેન્દ્રનગર :** ભોગાવો નદીના એક કાંઠે જૂનું નગર વઢવાણ (વર્ધમાનપુર) અને સામે કાંઠે નવું શહેર સુરેન્દ્રનગરનો ઔદ્યોગિક વિસ્તાર કારખાનાંઓથી ધબકતો રહે છે.

**૧૭૯. વઢવાણ :** મૂળ નામ વર્ધમાનનગર હતું. અહીં મહાવીર સ્વામીના ચરણ પડેલા છે. અહીંનું રાણકદેવીનું મંદિર પ્રસિદ્ધ છે. વઢવાણનો ગઢ સિદ્ધરાજ જયસિંહે બંધાવ્યો હતો. રાજાનો મહેલ, જૈન દેરાસર, સ્વામિનારાયણ મંદિર, વાઘેશ્વરી માતાનું મંદિર વગેરે જોવાલાયક સ્થળો છે.

**૧૮૦. ચોટીલા :** ચોટીલાના ડુંગર પર ચામુંડા માતાનું મંદિર છે.

**૧૮૧. તરણેતર :** અહીં દર વર્ષે ભાદરવા સુદ ચોથ, પાંચમ અને છઠના દિવસે ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિર પાસે જગપ્રસિદ્ધ મેળો ભરાય છે. હાલનું મંદિર લખપતના રાજા કરણસિંહે તેમની પુત્રી કરણબાની યાદમાં બંધાવ્યું હતું. અહીં દ્રૌપદી સ્વયંવરમાં અર્જુને મત્સ્યવેધ કરેલો એવી લોકવાયકા છે.

**૧૮૨. થાન ગઢ :** ચિનાઈ માટીના ઉદ્યોગનું ગુજરાતનું આ મોટામાં મોટું મથક છે. ચિનાઈ માટીનાં વાસણો બનાવવાનું પ્રસિદ્ધ કારખાનું 'પરશુરામ પોટરી' અહીં છે.

## ગુજરાતના સંતો અને સમાજસેવકો

ગુજરાતની લોકસંસ્કૃતિમાં સંતો અને સમાજસેવકોનો મોટો ફાળો છે. તેમના ત્યાગમય જીવનમાં ભગવદ્‌ભક્તિ સાથે સેવાનો ત્રિવેણી સંગમ થયો હતો. આવા કેટલાક સંતો અને સમાજસેવકોનો પરિચય નીચે પ્રમાણે છે :

કચ્છના રણમાં ભૂલા પડેલા અનેક મુસાફરોનો જીવ બચાવનાર દાદા મેકરણ કચ્છના ખાંભડા ગામમાં થઈ ગયા.

ભાણસાહેબના પુત્ર ખીમસાહેબ રાપરમાં થઈ ગયા. તેમની અને ત્રિકમસાહેબની સમાધિ રાપરમાં છે.

સતી તોરલે લૂંટારા જેસલ સાથે લગ્ન કરી, તેના

મનમાંથી મૃત્યુનો ભય દૂર કરી તેનો હૃદયપલટો કર્યો હતો. જેસલ-તોરલની સમાધિ અંજારમાં છે.

બારમી સદીના ગોરખનાથ-કાનફટા પંથના સ્થાપકની સમાધિ અને મઠ ધીણોધર ડુંગર પર છે.

કચ્છમાં હરિદાસ સ્વામી, પ્રાણલાલ શાહ, કાંતિલાલ અંતાણી, ગુલાબ શંકર ધોળકિયા વગેરે સમાજસેવકો થયા.

જૂનાગઢમાં ભક્ત કવિ નરસિંહ મહેતા અને પોરબંદર પાસે વિસાવાડામાં વિઝાત ભક્ત થઈ ગયા.

મોજીદડના નથ્થુરામ શર્માએ બિલખામાં આનંદ આશ્રમ સ્થાપી શુદ્ધ સનાતન ધર્મ-કર્મ અનુસાર જીવન જીવવાની પ્રેરણા આપી.

વિસાવદર તાલુકાના સતાધારમાં ચલાળાના સંત આપા દાનાના શિષ્ય આપા ગીગા થયા. આજે પણ સતાધાર પવિત્ર સ્થાનક ગણાય છે.

ઉના તાલુકાના આમોદરાના મહાત્મા મૂળદાસની સમાધિ અમરેલીમાં છે.

જૂનાગઢ જિલ્લામાં માંગરોળ પાસે લોજમાં અયોધ્યાથી ઘનશ્યામ મહારાજ આવેલા. તે સહજાનંદ સ્વામી તરીકે વિખ્યાત થયા. તેમણે સ્વામિનારાયણ સંપ્રદાય સ્થાપ્યો.

સરસઈ ગામે સંત રોહીદાસ અને બિલખામાં શેઠ સગાળશા થઈ ગયા.

વિધવા અને ત્યક્તાના તારણહાર પુષ્પાબહેન મહેતા જૂનાગઢના અગ્રગણ્ય સમાજસેવિકા હતા.

અમરેલી જિલ્લાના પીપાવાવના સંત પીપા, ફતેહપુરના ભોજા ભગત, ચલાળાના આપા દાના અને ધારીના યોગીજી મહારાજ પ્રખ્યાત છે.

રાજકોટ જિલ્લાના વીરપુરના સંત જલારામ, ટંકારાના આર્યસમાજના સ્થાપક દયાનંદ સરસ્વતી, રાજકોટના રણછોડદાસજી મહારાજ, ઘોઘાવદરના દાસી જીવણ, વવાણિયાના શ્રીમદ્ રાજચંદ્ર અને અનેક નેત્રયજ્ઞોના આયોજક વીરનગરના ડૉ. શિવાનંદ અધ્વર્યુની સેવાઓ જાણીતી છે.

સુરેન્દ્રનગર જિલ્લાના થાનમાં મેવા ભગત અને આપા જાદરા, ચૂડાના હરિકૃષ્ણ મહારાજ અને કન્યા-કેળવણીનાં હિમાયતી અરુણાબહેન દેસાઈ જાણીતાં છે.

આણંદજી સોનીએ જામનગરમાં ‘અણદાબાવાનો આશ્રમ’ સ્થાપ્યો. આ આશ્રમમાંથી અન્નક્ષેત્ર, દવાખાનું, ગૌશાળા, શાળા, પાઠશાળા વગેરેનું સંચાલન થાય છે.

ભાવનગર જિલ્લાના તલ ગાજરડાના મોરારીબાપુ ગુજરાતના પ્રસિદ્ધ સંત અને રામાયણના કથાકાર છે.

બગદાણાના બજરંગદાસજી મહારાજ, પાળિયાદના ઉનડ બાપુ, ગારિયાધારના શંભુભાઈ ત્રિવેદી પ્રખ્યાત છે.

મહેસાણા જિલ્લાના વિજાપુરના બુદ્ધિસાગરજી મહારાજે મહુડીમાં ઘંટાકર્ણમહાવીરની સ્થાપના કરી હતી.

ગુજરાતી વિશ્વકોશ શ્રેણીની સ્થાપનામાં રસ લેનાર વિસનગરના સંનિષ્ઠ લોકસેવક સાંકળચંદ પટેલ ઉત્તર ગુજરાતની અનેક સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓના પ્રેરક તરીકે જાણીતા છે.

ઉનાવામાં મીરાદાતારનું મુસ્લિમ તીર્થધામ સ્થાપનાર મીરાદાતાર પાટણ પાસેના પળી ગામના હતા.

અમદાવાદના ભિક્ષુ અખંડાનંદજીએ ધાર્મિક સાહિત્યની પરબ માંડી સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલય દ્વારા લોકો સુધી ધાર્મિક સાહિત્ય પહોંચાડ્યું હતું. તેમની સ્મૃતિમાં અમદાવાદમાં અખંડઆનંદ આયુર્વેદ મહાવિદ્યાલય અને હૉસ્પિટલ ચાલે છે.

ગુજરાતના અલગ રાજ્યની સ્થાપના માટે અથાગ પરિશ્રમ કરનાર ઈન્દુલાલ યાજ્ઞિકની ફકીરી જાણીતી છે. તેમનો આશ્રમ નેનપુરમાં છે.

સરસવણીના રવિશંકર મહારાજે ઠાકોરોને સન્માર્ગે વાળવા તથા લોકહિતના પ્રશ્નો, ભૂદાન વગેરેમાં રસ લઈને સમગ્ર ગુજરાતની સેવા કરી છે. ગુજરાત રાજ્યનું ઉદ્‌ઘાટન આ મૂકસેવકના શુભહસ્તે થયું હતું.

ચુનીલાલ મહારાજ પૂ. મોટા તરીકે જાણીતા થયા. આ સંતના આશ્રમો અને મૌન મંદિરો સુરત અને નડિયાદમાં છે.

બબલભાઈએ થામણામાં ગુજરાતની પ્રથમ

બુનિયાદી શાળા શરૂ કરી. મોતીભાઈ અમીન ચરોતર એજ્યુકેશન સોસાયટીના સ્થાપક અને પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રણેતા હતા.

ગુજરાતમાં 'સદ્‌વિચાર પરિવાર' તરફથી સમાજસેવાની અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલે છે.

વડોદરા જિલ્લાના કારવણમાં કૃપાલ્વાનંદજી તથા નારેશ્વરમાં રંગ અવધૂત મહારાજ થઈ ગયા.

નારાયણ ગુરુ, જુમ્માદાદા, માણેકરાવજી, છોટુભાઈ પુરાણી અને અંબુભાઈ પુરાણીએ ગુજરાતમાં વ્યાયામ-પ્રવૃત્તિઓને વેગ આપ્યો.

વલસાડ જિલ્લાના નંદીગ્રામમાં મકરંદ દવે અને કુંદનિકા કાપડિયાની આગેવાની હેઠળ અનેક કલ્યાણકારી કાર્યો થઈ રહ્યાં છે.

પંચમહાલમાં ડાહ્યાભાઈ નાયક, સુખલાલભાઈ, અમૃતલાલ ઠક્કર (ઠક્કરબાપા), કમળાશંકર પંડ્યા વગેરેએ ભીલો તથા હરિજનોની સેવા કરી છે.

## ગુજરાતનું લોકસાહિત્ય

ભાષા અને બોલીનો ઉપયોગ કરતી દુનિયાની બધી પ્રજાઓને પોતપોતાનું લોકસાહિત્ય હોય છે. ગુજરાતી લોકસાહિત્યની પરંપરા વૈવિધ્યપૂર્ણ અને સમૃદ્ધ છે. ગુજરાતી લોકકથાઓનાં મૂળ ભારતીય તેમજ વિદેશી કથા સાહિત્યમાં હોવાનું વિદ્વાનોએ દર્શાવ્યું છે આ લોકસાહિત્ય ધર્મ અને સમાજની છત્રછાયામાં સતત પાંગરતુ અને પરિવર્તન પામતું, વિસ્તરતું અને વિકાસ પામતું રહ્યું છે કોશિયાનાં, ટીપણી કરનારાંનાં, ઘાંચીનાં, ખેડૂતોનાં, દરિયાખેડુઓનાં અને ગોવાળનાં-એમ અનેક શ્રમજીવીઓએ શ્રમ કરતાં કરતાં ગાયેલ ગીતો આ સાહિત્યમાં મળે છે. વળી વ્રત, ઉપવાસ, જાગરણ, જાગ-પૂજા વગેરે સાથે સંકલાયેલું લોકસાહિત્ય પણ મળે છે. રામ, કૃષ્ણ વગેરેની ભક્તિ સાથેનું સાહિત્ય છે. ભજનોમાં પ્રભાતિયાં, સંધ્યા, આરતી આરાધના, આગમ, સ્તવન, પ્યાલા, આંબો, બારમાસી, રામગરી ઘોળ, ચાબખા, કાફી, કટારી જેવા અનેક પ્રકારો મળી આવે છે કૃષ્ણભક્તિ અને શક્તિભક્તિ સાથે ગરબી, ગરબા, રાસ, રાસડા તાલીરાસ, લકુટારાસ, હીંચ, હમચી વગેરે ગેય પ્રકારો સીધા લોકનૃત્યો સાથે સંકળાયેલા છે. ગુજરાતમાં નવરાત્રિના નવ દિવસોએ ચોરે ચૌટે ગરબા-રાસની રમઝટ ચાલે છે. દયારામની ગરબીઓ અને વલ્લભ મેવાડાના ગરબાઓ ગવાય છે.

લોકસાહિત્યમાં હોળી, દિવાળી જેવા ઉત્સવોનાં ગીતો તેમજ મેળાનાં ગીતો માનવીના જીવનવિકાસ સાથે સંબંધ ધરાવતાં ગીતો પણ છે. આવાં ગીતોમાં સીમંતનાં ગીતો, જન્મસયમનાં વધાઈનાં ગીતો સલોકા, હાલરડાં, બાલરમતોનાં ગીતો, લગ્નનાં ગીતો, ફટાણાં સ્ત્રી-પુરુષ સંબંધનાં મિલન અને વિરહનાં ગીતો, બાળકો માટેનાં જોડકણાં ઉખાણાં, નાચણિયાં અને કુદણિયાંનાં ગીતો પણ છે.

પ્રશસ્તિ ગીતો, બિરદાવલીઓ, શૌર્યગીતો, ઋતુગીતો, કતાગીતો અને ભવાઈનાં ગીતોનું એક અનોખું ક્ષેત્ર છે. આ ગીતો ઉપરાંત સોરઠા અને દુહાઓ, ચોપાઈ અને સવૈયા તેમજ ચારણી છંદો પદ્યાત્મક લોકસાહિત્યની આશ્ચર્યજનક સમૃદ્ધિ અને સિદ્ધિ દાખવે છે.

ગુજરાતી લોકસાહિત્યે લોકકથા, વ્રતકથા, પ્રેમકથા વગેરેમાં પોતાનાં વૈશિષ્ટ્ય અને વૈભવ દાખવ્યાં છે.

ગુજરાતના પ્રજાજીવનમાં જે જીવનમૂલ્યો કેન્દ્રમાં છે તેમને પ્રગટ કરવાનું, પોષવા અને પ્રચારવાનું સાંસ્કૃતિક કર્મ અને સંસ્કાર ધર્મ અને લોકસાહિત્યે સતત અદા કર્યું છે.

લોકસાહિત્ય નેસડો, ગામડું, લોકાવરણ અને તેર તાંસળી વચ્ચે ફરતું રહ્યું. જ્યારે ચારણી સાહિત્ય રાજ-રજવાડાંની છાયામાં ભાટ ચારણ, ઢાઢી, મીર વગેરે દ્વારા ફરતું રહ્યું. ચારણી સાહિત્યમાં દુહા, છંદ ઋતુગીતો, બારમાસી, ગીતકથાઓ વગેરે અનેક પ્રકારોમાં કૃતિઓ અને ગ્રંથોનાં સર્જનો થયાં છે, જે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સચવાયાં છે.

ગુજરાતમાં ચારણોની જેમ ભાટ, મીર, મોતીસર, રાવળ વગેરે કોમોએ દુહા, વાર્તા, બિરદાવલીઓ આપીને સંસ્કારસેવા કરી છે. ખેડૂતોએ ગાયેલા ચંદ્રાવળા, રાવણહથ્થા સાથે નાથબાવાઓએ ગાયેલાં ગીતો, ભડલીવાક્યોની ઉક્તિઓ, ભવાઈના ચોબોલા,

કબીરપંથી અને નાથસંપ્રદાયના રંગોવાળી ભજનવાણી - આ બધું લોકસાહિત્યની સંપત્તિરૂપ છે.

ગુજરાતી લોકસાહિત્યની કૃતિઓના સંગ્રહ-સંપાદનનું કાર્ય ઓગણીસમી સદીમાં દલપતરામ, નર્મદ, મગનલાલ વખતચંદ, શ્રીમતી પૂતળીબાઈ, જેમ્સ ફૉર્બ્સ, મહીપતરામ નીલકંઠ, હરજીવન શુકલ વગેરેએ કર્યું હતું. ઝવેરચંદ મેઘાણીએ લોકસાહિત્યનાં સંપાદન-સંશોધનના અનેક ગ્રંથો આપી લોકસાહિત્યવિદ્યાનો શાસ્ત્રીય ભૂમિકાએ મહિમા કર્યો. ગિજુભાઈએ બાલભોગ્ય લોકકથાઓ, લોકગીતો પ્રત્યે ધ્યાન દોર્યું. ગોકુળદાસ રાયચુરાએ 'શારદા' માસિક દ્વારા લોકકથાઓ આપી. ચારણી સાહિત્યમાં રતુદાન રોહડિયા, કેશુભાઈ બારોટ, શિવદાન ગઢવી વગેરેનું પ્રદાન નોંધપાત્ર છે.

## ગુજરાતનાં લોકનૃત્ય

**૧. ગરબો :** ગરબો શબ્દ 'ગર્ભદીપ' (ઘડામાં મુકાયેલો દીવો) પરથી બન્યો છે. ગુજરાતમાં શક્તિપૂજા પ્રચલિત થઈ ત્યારથી ગરબો લોકપ્રિય છે. ગરબામાં માટલીમાં છિદ્રો રાખીને દીવો ગોઠવવામાં આવે છે. આ ગરબાને માથા પર લઈને નવરાત્રિમાં મહિલાઓ આદ્યશક્તિ અંબિકા, બહુચરા, ચામુંડા વગેરેના ગરબા ગાય છે. ગરબામાં ગીત, સ્વર, લય અને તાલ મહત્ત્વનાં છે. ગરબામાં મ્હાડ, કાફી, પીલુ, ધનાશ્રી, કાલિંગડો અને સારંગ રાગનાં મિશ્રણ હોય છે. એક તાળી, ત્રણ તાળી અને તાળી ચપટી એ ગરબાના પ્રચલિત પ્રકારો છે.

**૨. રાસ :** હલ્લીસક અને લાસ્ય નૃત્યમાંથી રાસનો જન્મ થયો છે. વૈષ્ણવ સંપ્રદાયની અસર વધતાં રાસ લોકપ્રિય બન્યો છે.

**૩. હાલીનૃત્ય :** હાલીનૃત્ય સુરત જિલ્લાના દૂબળા આદિવાસીઓનું નૃત્ય છે. એક પુરુષ અને એક સ્ત્રી ગોળાકારમાં ગોઠવાઈને, કમ્મર પર હાથ રાખીને નાચે છે. સાથે ઢોલ અને થાળી વગાડતાં હોય છે.

**૪. ભીલનૃત્ય :** પંચમહાલનાં ભીલનૃત્યો પૈકી યુદ્ધનૃત્ય વિશેષ જાણીતું છે. યુદ્ધનું કારણ પ્રેમપ્રસંગ હોય છે. આ નૃત્ય પુરુષો કરે છે. ઉન્માદમાં આવી જઈને તેઓ ચિચિયારીઓ પાડે છે અને જોરથી કૂદકા મારે છે. આ નૃત્ય કરતી વખતે તેઓ તીરકામઠાં, ભાલાં વગેરે સાથે રાખે છે અને પગમાં ઘૂઘરા બાંધે છે. સાથે મંજીરા પૂંગીવાદ્ય અને ઢોલ પણ વાગતાં હોય છે. ભરૂચ જિલ્લામાં શિયાળામાં થતું આ નૃત્ય 'આગવા' તરીકે ઓળખાય છે. ઓખામંડળના વાઘેરો અને પોરબંદરના મેર તલવાર સાથે કૂદકા મારતાં આ નૃત્ય કરે છે.

**૫. દાંડિયા રાસ :** દાંડિયા રાસમાં ભાગ લેનારના હાથમાં બે દાંડિયા હોય છે. આ દાંડિયા સાથે તે તાલબદ્ધ રીતે ગોળાકારમાં ફરે છે અને સામસામા બેસીને અથવા ફરતાં ફરતાં પરસ્પર દાંડિયા અથડાવે છે. આ રાસ સાથે ઢોલ, તબલાં, મંજીરા વગેરે પણ વાગતાં હોય છે.

**૬. ગોફગૂંથણ :** રંગીન કાપડની પટ્ટી, રાશ કે દોરીને એક કડીમાં બાંધીને ગુચ્છો બનાવાય છે. એક હાથમાં દોરીનો છેડો અને બીજા હાથમાં દાંડિયો પકડીને નૃત્ય કરવામાં આવે છે. આ નૃત્યમાં પુરુષો ભાગ લે છે.

**૭. ટિપ્પણી નૃત્ય :** આ નૃત્ય ધાબું ભરવા માટે ચૂનાને પીસતી વખતે કરવામાં આવે છે. ચોરવાડ અને વેરાવળની ખારવણ બહેનો ટિપ્પણી વડે ટીપવાની ક્રિયા સાથે તાલબદ્ધ નૃત્ય કરે છે.

**૮. પઢારોનું નૃત્ય :** નળકાંઠાના પઢારો મંજીરાં લઈને ગોળાકારમાં નૃત્ય કરતા હોય છે. પગ પહોળા રાખીને હલેસાં મારતા હોય છે કે અડધા બેસીને, અડધા બેસીને, અડધા સૂઈને નૃત્યની વિવિધ મુદ્રાઓ કરતા હોય છે. આ નૃત્ય સાથે એકતારો, તબલાં, બગલિયું અને મોટાં મંજીરાં વગાડવામાં આવે છે.

**૯. માંડવી અને જાગનૃત્ય :** ઉત્તર ગુજરાતમાં નવરાત્રિમાં સોજા, મહેરવાડા, રૂપાલ વગેરે સ્થળોએ તથા આમદાવાદમાં ઠાકરડા, પાટીદાર, રજપૂત વગેરે કોમની બહેનો માથે માંડવી કે જાગ મૂકીને આ નૃત્ય કરે છે. એક બહેન ગવરાવે છે અને બીજી બહેનો માથે માંડવી મૂકી હાથમાં તાળી આપી નૃત્ય કરે છે.

**૧૦. રૂમાલનૃત્ય :** મહેસાણા જિલ્લાના ઠાકોરો હોળી તથા મેળાના પ્રસંગોએ હાથમાં રૂમાલ રાખી નૃત્ય કરતા હોય છે. ઘોડા કે અન્ય પશુનું મહોરું પહેરીને પણ આ નૃત્ય કરવામાં આવે છે.

**૧૧. હમચી કે હીંચનૃત્યુ :** સીમંત, લગ્ન કે

જનોઈના પ્રસંગે રાંદલ માતાને તેડવામાં આવે છે. રાંદલ માતા ફરતી બહેનો રાંદલમાની સ્તુતિ કરતાં હમચી ખૂંદે છે કે હીંચ લે છે.

**૧૨. રાસડા :** રાસડામાં લોકસંગીત મુખ્ય હોય છે. આ ત્રણ તાલી રાસનો એક પ્રકાર છે. કોળી અને ભરવાડ કોમમાં મહિલાઓ પુરુષો સાથે રાસડા લે છે. રાસડામાં ઉપયોગમાં લેવાતાં વાદ્યોમાં મોરલી, પાવા, શરણાઈ, કરતાલ, ઝાંઝ, ઘૂઘરા, મંજીરા, ઢોલ, ઢોલક, ડફ અને ખંજરી મુખ્ય છે.

**૧૩. કોળી નૃત્યુ :** કોળી સૌરાષ્ટ્રની રંગીલી કોમ છે. તેઓ મધ્યમ કદના હોય છે. તેમનાં શરીર પાતળાં અને ચેતનવંતાં હોય છે. તરણેતરનો મેળો કોળીઓનો જ મેળો છે. કોળી મહિલા ત્રમ તાલીના રાસમાં ચગે છે. મીઠી હલકે, મીઠા કંઠે અને મોકળા મને ગાતી તેમજ વાયુના હિલોળાની જેમ ઝૂમતી કોળી મહિલાને જોવી એ એક લહાવો છે.

**૧૪. મેરનૃત્ય :** મેર જાતિનું લડાયક ખમીર અને આકર્ષક બાહુબળ આ નૃત્યમાં આગવું સ્વરૂપ ધારણ કરે છે. ઢોલ અને શરણાઈ એમનાં શૂરાતનને બિરદાવતાં હોય છે. મેર લોકોમાં પગની ગતિ તાલબદ્ધ હોવા છતાં તરલતા ઓછી હોય છે. ક્યારેક તેઓ એકથી દોઢ મીટર જેટલા ઊંચા ઊછળે છે અને વીરરસ તથા રૌદ્રરસની પ્રસન્ન ગંભીર છટા ઊભી કરે છે.

**૧૫. સીદીઓનું ધમાલનૃત્ય :** જાફરાબાદ પાસે જંબુસર ગામમાં સીદી લોકોની ત્રણસો વર્ષ જૂની વસાહત છે. તેઓ મૂળ આફ્રિકાના અહીં આવીને વસેલા મુસલમાનો છે. હાથમાં મશીરાને (નાળિયેરની આખી કાચલીમાં કોડીઓ ભરીને) તાલબદ્ધ ખખડાવે છે. મોરપીંચ્છનું ઝુંડ, નાનાં ઢોલકાં એમનાં સાધન છે. સીદીઓનો મુખી ગીતો ગાતો અને ગવરાવતો જાય, ઠેક મારતો જાય અને બધાને માથે મોરપીંચ્છનો ઝૂડો ફેરવતો જાય છે.

**૧૬. મેરાયો :** આ બનાસકાંઠાના વાવ તાલુકાના ઠાકોરોનું લોકનૃત્ય છે. સરખડ અથવા ઝૂંઝાળી નામના ઘાસમાંથી તોરણ જેવાં ઝૂમખાં ગૂંથીને 'મેરાયો' બનાવવામાં આવે છે. મેરાયો ઘુમાવતી આ ટોળી મેળાના સ્થળે પહોંચે છે. પછી ખુલ્લી તલવારોથી પટાબાજી ખેલતા બે મોટિયારો દ્વંદ્વયુદ્ધ માટે એકબીજાને પડકારે છે. આ દશ્ય જોનારને હૃદય થંભી જતું હોય એમ લાગે છે. ત્યાં એકાએક બંને લડવૈયા સામસામે એકબીજાને ભેટી પડે છે. આ વખતે 'હુડીલા' (શૌર્યગાન) ગવાય છે.

**૧૭. ડાંગીનૃત્ય :** ડાંગ જિલ્લાના આદિવાસીઓનું ડાંગીનૃત્ય 'ચાળો' તરીકે ઓળખાય છે. 'માળીનો ચાળો', 'ઠાકર્યા ચાળો' વગેરે. ડાંગીનૃત્યના ૨૭ જાતના તાલ છે. તેઓ ચકલી, મોર, કાચબા વગેરે જેવાં પ્રાણીઓ અને પંખીઓની નકલ નૃત્ય સ્વરૂપે કરે છે. થાપી, ઢોલક, મંજીરા કે પાવરી નામનાં વાજિંત્રોમાંથી સૂર વહેતા થતાં જ મહિલાઓ અને પુરુષો નાચવા માંડે છે.

## ગુજરાત ના મેળા

ગુજરાતમાં દર વર્ષે નાના-મોટા ૧૬૦૦ ઉપરાંત મેળાઓ યોજાય છે. આમાંથી ૫૦૦થી વધુ મેળાઓ શ્રાવણ માસમાં યોજાય છે. સૌથી વધુ, આશરે ૧૫૯ મેળાઓ સુરત જિલ્લામાં અને સૌથી ઓછા, આશરે ૭ મેળાઓ ડાંગ જિલ્લામાં યોજાય છે. કેટલાક પ્રચલિત મેળાઓ નીચે પ્રમાણે છે :

**૧. શામળાજીનો મેળો :** સાબરકાંઠા જિલ્લામાં મેશ્વો નદીના કિનારે આવેલા પ્રાચીન તીર્થ શામળાજીમાં દેવઉઠી અગિયારસથી કાર્તિકી પૂર્ણિમા સુધી મેળો ભરાય છે. આ મેળામાં આદિવાસીઓ અને ભીલો મોટી સંખ્યામાં આવે છે.

**૨. તરણેતરનો મેળો :** સુરેન્દ્રનગર જિલ્લાના તરણેતર ગામમાં ત્રિનેત્રેશ્વર મહાદેવના મંદિરમાં ભાદરવા સુદ ચોથથી ભાદરવા સુદ છઠ સુધી ભરાતો આ મેળો ગુજરાત સહિત ભારતભરમાં સુપ્રસિદ્ધ છે. ભારતના પ્રવાસે આવેલા વિદેશીઓ પણ આ મેળાનો લહાવો લે છે. સુંદર ભરતભર્યાં અંગરખાં અને લાલ ફેંટા બાંધેલા આહીર, રબારી, કાઠી અને ભરવાડ યુવાનો તથા તેમની સાથે આભલાં ભરેલા રંગબેરંગી ઘેરદાર ઘાઘરા અને ઓઢણાં સાથે ભરત ભરેલી છત્રીઓ ઓઢી ઘૂમતી યુવતીઓ આ મેળાનું વિશિષ્ટ આકર્ષણ છે.

**૩. ભવનાથનો મેળો :** જૂનાગઢ પાસે ગિરનારની તળેટીમાં સુવર્ણરેખા નદી નજીક આવેલા ભવનાથ મહાદેવના મંદિરમાં મહાશિવરાત્રીની મધ્ય રાત્રિએ ભગવાન ભવનાથની મહાપૂજા થાય છે. આ મહાપૂજાના દર્શન કરવા માટે નાગાબાવાઓનાં ઝુંડ આ સ્થળે ઊમટી પડે છે. આ ઉપરાંત જૂનાગઢ જિલ્લાના આહીર અને મેર લોકો, સાધુ-સંતો, ભક્તો અને શ્રદ્ધાળુઓ લાખોની સંખ્યામાં દર્શનાર્થે આવે છે.

**૪. વૌઠાનો મેળો :** અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના વૌઠા ગામ પાસે સાબરમતી, વાત્રક, હાથમતી, ખારી, મેશ્વો, માઝમ અને શેઢી એમ સાત નદીઓનો સંગમ થાય છે. 'સપ્તસંગમ' તરીકે ઓળખાતું આ સ્થળ પવિત્ર તીર્થ મનાય છે. કાર્તિકી અગિયારસથી કાર્તિકી પૂર્ણિમા સુધી ગુજરાતભરમાંથી લાખો લોકો અહીં સ્નાન કરવા આવે છે.

**૫. ડાકોરનો માણેકઠારી પૂનમનો મેળો :** ખેડા જિલ્લાના ડાકોરમાં દર પૂનમે મેળો ભરાય છે. પરંતુ આસો માસની પૂનમ (શરદ પૂનમ-માણેકઠારી પૂનમ)નો મેળો મોટો ગણાય છે. એવી લોકવાયકા છે કે આ દિવસે ભગવાન રણછોડરાયજી સાક્ષાત હાજર હોય છે. આ દિવસે રણછોડરાયજીને ખાસ વસ્ત્રો અને કીમતી અલંકારોથી શણગારવામાં આવે છે. આ દિવસે જ ભગવાનને વિશાળ કીમતી મુગટ પહેરાવાય છે.

**૬. જન્માષ્ટમીનો મેળો :** શ્રાવણ વદ આઠમના રોજ કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે ગુજરાતનાં અનેક શહેરો અને ગામડાઓમાં મેળાઓ ભરાય છે.

**૭. પલ્લી :** આસો સુદ નોમના દિવસે રૂપાલ (જિ. ગાંધીનગર)માં માતાની પલ્લી ભરાય છે. જેમાં માંડવી પર શુદ્ધ ઘી ચડાવવામાં આવે છે.

## ગુજરાતના સંતો અને મહાત્માઓ

**૧. મુસ્લિમ સંત શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ (૧૩૩૫-૧૪૪૬),**

**જન્મસ્થળ :** દિલ્લી

શેખસાહેબની ગણના ભારતના છ મોટા પીરોમાં થાય છે. આ મુસ્લિમ સંત તેમની પવિત્રતા અને લોકોત્તરતાને કારણે માત્ર મુસ્લિમોના જ નહીં, પરંતુ અન્ય સંપ્રદાયના લોકોના પણ શ્રદ્ધાપાત્ર બન્યા હતા. શેખસાહેબની પ્રેરણા અને દુઆથી જ ગુજરાતના સુલતાન અહમદશાહે સાબરમતી નદીના કિનારે આશાવલ પાસે ઈ.સ. ૧૪૧૧માં અમદાવાદ શહેરનો પાયો નાખ્યો હતો.

**૨. સ્વામી સહજાનંદ (૧૭૮૧-૧૮૩૦),**
**જન્મસ્થળ :** છપૈયા

સહજાનંદ સ્વામીએ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં પછાત ગણાતી કોમમાં આચારવિચારની નવી ચેતના ફેલાવી. અંધશ્રદ્ધા અને વહેમનું નિરાકરણ કરી તેમણે સમાજના ઉત્થાનનું કપરું કાર્ય કાર્યું. તેમણે બે સુંદર ગ્રંથો રચ્યા : ૧. શિક્ષાપત્રી અને ૨. વચનામૃત. ગુજરાતમાં અનેક લોક ઉપકારક પ્રવૃત્તિઓથી સ્વામિનારાયણ સંપ્રદાય અગ્રણી અને પ્રભાવશાળી બન્યો છે.

**૩. સ્વામી દયાનંદ સરસ્વતી (૧૮૨૪-૧૮૮૩),**
**જન્મસ્થળ :** ટંકારા સ્વામી દયાનંદ અંધશ્રદ્ધા અને ધર્માંધતાના વિરોધી, સંસ્કૃતના પ્રખર જ્ઞાતા, વેદના પરમ સાધક અને પ્રચારક હતા. ૧૦, એપ્રિલ ૧૮૭૫ના રોજ એમણે મુંબઈમાં 'આર્યસમાજ'ની સ્થાપના કરી. આ પછી દેશમાં ઠેર ઠેર 'આર્યસમાજ'ની સ્થાપના થઈ.

**૪. ભક્ત જલારામ (૧૭૯૯-૧૮૮૧),**
**જન્મસ્થળ:** વીરપુર

જલારામનું ચિત્ત બાળપણથી જ ભક્તિભાવ તરફ ઢળેલું હતું. તેમણે ભોજા ભગતને પોતાના ગુરુ બનાવ્યા અને સંતોની સેવામાં જીવન સમર્પિત કર્યું. ગુરુની આજ્ઞા લઈ માત્ર ૨૦ વર્ષની ઉંમરે વીરપુરમાં સદાવ્રત શરૂ કર્યું. તેમની બધી પ્રવૃત્તિઓમાં તેમનાં પત્ની વીરબાઈનો ઘણો મોટો ફાળો હતો. આજે પણ તેમના વીરપુરના સ્થાનકે હજારો ભક્તો ભક્તિથી પ્રેરાઈને સંતની પ્રતિમાના દર્શને આવે છે.

**૫. શ્રીમદ્ રાજચંદ્ર (૧૮૬૭-૧૯૦૧),**
**જન્મસ્થળ :** વવાણિયા

શ્રીમદ્ રાજચંદ્ર અસાધારણ બુદ્ધિપ્રતિભાવાળા, સેવાનિષ્ઠ, કુટુંબવત્સલ, સરળ, સત્યનિષ્ઠ, સાત્ત્વિક, આત્મસાધક, સાંસારિક યોગી હતા. એમની

અવધાનશક્તિના કારણે તેમને મુંબઈમાં 'સાક્ષાત્ સરસ્વતી'નું બિરુદ આપવામાં આવ્યું હતું.

**૬. સ્વામીશ્રી ગંગેશ્વરાનંદજી (૧૮૮૧-૧૯૯૨), જન્મસ્થળ :** પંજાબ સ્વામીજીની જન્મભૂમિ પંજાબ હતી, પણ કર્મભૂમિ ગુજરાત રહી તેમણે ઈ.સ. ૧૯૫૨માં અમદાવાદમાં વેદમંદિરની સ્થાપના કરી હતી વિશ્વભરનું આ સૌપ્રથમ વેદમંદિર છે. સ્વામીજીએ ભારતમાં અંદાજે ૫૦૦ વેદમંદિરોની સ્થાપના કરી હતી. સ્વામીજીએ સંસ્કૃત તેમજ હિન્દી ભાષામાં વૈદિક સાહિત્યનું વિપુલ સર્જન કર્યું છે. સ્વામીજીનું મોટામાં મોટું પ્રદાન છે 'ભગવાન્ વેદ'નું પ્રકાશન. આ પુસ્તક ૨૨ કિલો વજન ધરાવે છે.

**૭. શ્રી મોટા (ચુનીલાલ આશારામ ભગત) (૧૮૯૮-૧૯૭૬) જન્મસ્થળ :** સાવલી (જિ. વડોદરા)

શ્રી મોટાએ પોતાના માનવબંધુઓ માટે જીવનભર અનેક કલ્યાણકારી પ્રવૃત્તિઓ કરી. તેમણે વિકટ સાધના કરી ઉચ્ચ આધ્યાત્મિક વિકાસ સાધ્યો હતો. નડિયાદ, સુરત અને કુંભકોણમમાં તેમણે આશ્રમો તથા મૌન મંદિરો સ્થાપ્યાં. તરણસ્પર્ધા અને સાઈકલિંગ સ્પર્ધાઓ યોજવા, સ્નાનાગર બાંધવા, સાહસિક કાર્યો અને વૈજ્ઞાનિક શોધખોળોને પ્રોત્સાહન આપવા તેમજ 'જ્ઞાનગંગોત્રી' નામક મહાગ્રંથનું પ્રકાશ કરવા તેમણે લાખો રૂપિયાની ધનરાશિ વહેતી કરી હતી.

**૮. દાદા પાંડુરંગ આઠવલે (૧૯૨૦-૨૦૦૩), જન્મસ્થળ :** રોહા (મહારાષ્ટ્ર)

વેદશાસ્ત્ર સંપન્ન દાર્શનિક અને ચિંતક દાદાએ ભારતીય તથા પાશ્ચાત્ય તત્ત્વજ્ઞાન અને સમાજશાસ્ત્રનો તુલનાત્મક અને તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. તેમણે ઈ.સ. ૧૯૫૬માં મુંબઈમાં 'તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ'ની સ્થાપના કરી. તેમની પ્રેરણાથી દેશવિદેશમાં સ્વાધ્યાય કેન્દ્રો, બાળ સંસ્કાર કેન્દ્રો, મહિલા સ્વાધ્યાય કેન્દ્રો, યુવા કેન્દ્રો : થયાં છે. ગુજરાતમાં દાદાની પ્રવૃત્તિઓ ધાર્મિક કરતાં આધ્યાત્મિક અને સમાજલક્ષી વધુ છે. નિરક્ષર અને અબુધ ગ્રામજનો સુધી વિસ્તરે તેમની સંસ્કાર પ્રવૃત્તિઓ ફિલ્મ 'અંતરનાદ'માં દર્શાવી છે.

**૯. નારેશ્વરના સંતશ્રી રંગ અવધૂતજી (પાંડુરંગ) (૧૮૯૮-૧૯૬૮), જન્મસ્થળ :** ગોધરા

બાળપણથી ઉત્તમ યાદશક્તિ ધરાવતા અને વાચનપ્રેમી પાંડુ વાસુદેવાનંદ સરસ્વતી સ્વામીને પોતાના ગુરુ માન્યા હતા. દત્તપુરાણ પારાયણ કરવા તેમણે નારેશ્વર પસંદ કર્યું. તેમણે ગુરુલીલામૃત, અવધૂત આનંદ, રંગ હૃદયમ્, વાસુદેવ સપ્તશતી, રંગતરંગ, અમરઆદેશ પ્રશ્નોત્તર ગીતા, દત્તયોગ પદ્ધતિ વગેરે પુસ્તકો લખ્યાં છે.

**૧૦. પ્રમુખ સ્વામી (નારાયણ સ્વરૂપદાસ સ્વામી) (જન્મ : ઈ.સ. ૧૯૨૧), જન્મસ્થળ :** ચાણસદ (જિ. વડોદરા)

શાસ્ત્રીજી મહારાજની આજ્ઞાથી ઈ.સ. ૧૯૩૯માં શાંતિલાલે દીક્ષા લીધી અને ઈ.સ. ૧૯૪૦માં ગોંડલમાં ભાગવતી દીક્ષા લીધી સૌને નારાયણ સ્વરૂપદાસ સ્વામી મળ્યા. આજે તેઓ પ્રમુખ સ્વામી તરીકે ઓળખાય છે. તેમણે અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા વિશ્વવ્યાપી બનાવી. ૫૦થી વધુ દેશોમાં ૪૨૫થી વધુ મંદિરો બંધાવી તેમણે ભારતીય સંસ્કૃતિનો ફેલાવો કર્યો છે.

**૧૧. સંતશ્રી મોરારીબાપુ (જન્મ : ઈ.સ. ૧૯૪૬), જન્મસ્થળ :** તલગાજરડા (જિ. ભાવનગર)

મોરારીબાપુએ ૭૦૦થી વધુ રામકથા-પારાયણ દેશવિદેશમાં કર્યા છે. તીવ્ર સ્મરણશક્તિ અને સુંદર વાક્છટાનું વરદાન તેમને મળેલું છે. સ્ટીમરમાં, વિમાનમાં તથા કૈલાસ માનસરોલવરમાં તેમણે કથા કરેલી છે. તેઓ મધ્યકાલીન તેમજ સાંપ્રત ગુજરાતી સાહિત્યના અભ્યાસી અને મર્મજ્ઞ છે. તેઓ અવારનવાર સાહિત્યની સુંદર કાવ્યપંક્તિઓ ટાંકીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરે છે.

## ગુજરાતના શબ્દશિલ્પીઓ

**૧. હેમચંદ્રાચાર્ય (૧૦૮૯-૧૧૭૩), જન્મ-સ્થળ :** ધંધુકા

પ્રખર જૈનાચાર્ય દેવચંદ્રસૂરિએ ૫ વર્ષના ચાંગદેવને દીક્ષા આપી. તેમણે જૈન ધર્મ તેમજ અન્ય

ધર્મોના ગ્રંથોનું ઊંડું અધ્યયન કર્યું. તેમની અનન્ય પ્રતિભા જોઈ માત્ર ૨૧ વર્ષની વયે ગુરુએ પોતાની કંથા તેમને ઓઢાડી. ત્યારથી તેઓ 'આચાર્ય હેમચંદ્ર' બન્યા.

**કૃતિઓ** : સિદ્ધહેમશબ્દાનુશાસન (વ્યાકરણ), અભિધાન-ચિંતામણિ, કાવ્યાનુશાસન, છંદાનુશાસન, પ્રમાણમીમાંસા, દ્વયાશ્રય કાવ્ય, સંસ્કૃત ભાષાકોશ, દેશીનામમાળા, યોગશાસ્ત્ર, વીતરાગ સ્તોત્ર વગેરે.

**૨. નરસિંહ મહેતા ( ૧૪૧૪-૧૪૮૦), જન્મ-સ્થળ :** તળાજા

વડનગરા નાગર કુટુંબમાં જન્મેલા નરસિંહને બાળપણથી જ કૃષ્ણભક્તિની લગની લાગી હતી. ભાભીનું મહેણું નરસિંહ માટે શ્રીહરિનો સાક્ષાત્કાર કરવાનું નિમિત્ત બન્યું. ગોપનાથમાં સાત દિવસની અખંડ તપસ્યાથી તેમના હૃદયમાં ભક્તિ અને જ્ઞાનનો ઉદય થયો. તેમનાં પદો એક ભક્ત હૃદયની વ્યાકુળતા, આનંદ અને તલસાટની સહજ રીતે પ્રસ્ફુટિત થયેલી વાણી છે.

**કૃતિઓ** : સુદામાચરિત્ર, દાણલીલા, ચાતુરીઓ (ભક્તિ રચનાઓ), શામળશાનો વિવાહ, હૂંડી, કુંવરબાઈનું મામેરું વગેરે.

**૩. મીરાં (૧૪૯૯-૧૫૪૭), જન્મસ્થળ :** મેડતા (મારવાડ)

મેડતામાં દાદા રાવ દુદાજી પાસે રહીને મીરાંએ ભક્તિરસ પીધો, માતાએ રમવા આપેલી શામળિયાની મૂર્તિ એમની પ્રેમભક્તિનું કેન્દ્ર બની. ચિત્તોડગઢના રાણા સાંગાના જયેષ્ઠ પુત્ર ભોજરાજ સાથે એમનાં લગ્ન થયાં પણ કૃષ્ણભક્તિ ન છૂટી. ભોજરાજનું આકસ્મિક મૃત્યુ થતાં મીરાંએ ચિત્તૌડગઢ છોડ્યું. તેઓ વૃંદાવન થઈ દ્વારકા ગયાં અને ત્યાં કૃષ્ણમાં લીન થઈ ગયાં.

**કૃતિઓ** : રામ રમકડું જડિયું રે, હાં રે કોઈ માધવ લો, લે ને તારી લાકડી, પગ ઘૂંઘરું બાંધ મીરાં નાચી રે, વૃંદાવન કી કુંજગલિન મેં વગેરે.

**૪. અખો (૧૫૯૧-૧૬૫૬).**

**જન્મસ્થળ :** જેતલપુર (અમદાવાદ પાસે)

અખો-અક્ષયદાસ-ધંધે સોની. ઓછું ભણેલો પણ બુદ્ધિશાળી અને જ્ઞાનની તીવ્ર ભૂખવાળો. પહેલેથી જ મન સંસારથી વિરક્ત. આ વેદાંતમર્મજ્ઞ કવિએ કઠિન વેદાંતને સરળ અને સ્પષ્ટ ભાષામાં સહજરૂપે વ્યક્ત કર્યું. વેધક વ્યંગ્ય અને સચોટ મર્માળી અખાની વાણી ક્યારેક તીરની જેમ સોંસરવી ઊતરી જાય તેવી છે.

**કૃતિઓ** : પંચીકરણ, ગુરુશિષ્ય સંવાદ, અનુભવબિંદુ, અખેગીતા, કૈવલ્યગીતા, બાર મહિના, સાખીઓ, ચિત્તવિચારસંવાદ, કૃષ્ણઉદ્ધવસંવાદ વગેરે.

**૫. પ્રેમાનંદ (૧૬૩૬-૧૭૩૪), જન્મસ્થળ :** વડોદર

ગુજરાતી સમાજ અને સ્વભાવનું આબેહૂબ અને આકર્ષક આલેખન કરનાર પ્રેમાનંદની કવિતામાં સૌથી વધુ ગુજરાતીપણું જોવા મળે છે. પુરાણો સમાં પવિત્ર ગણાતાં, વ્રત-તહેવાર અને વિશેષ અવસરે ગવાતાં તેમનાં આખ્યાનોમાં શ્રેય અને પ્રેયનો અપૂર્વ સંગમ જોવા મળે છે.

**કૃતિઓ** : નળાખ્યાન, સુદામાચરિત્ર, મામેરું, રણયજ્ઞ, અભિમન્યુ આખ્યાન, સુધન્વા આખ્યાન, સુભદ્રાહરણ, ઓખાહરણ, દશમસ્કંધ, વિવેક વણજારો વગેરે.

**૬. શામળ (૧૭૦૦-૧૭૭૦), જન્મસ્થળ :** અમદાવાદ

શામળ એટલે મધ્યકાળનો ઉત્તમ પદ્યવાર્તાકાર. તેની રસિક, કુતૂહલપ્રેરક પદ્યવાર્તાઓએ જીવનનાં અનેક ચિત્રો આલેખ્યા છે અને સમાજનું મનોરંજન કર્યું છે.

**કૃતિઓ** : પદ્માવતી, ચંદ્રચંદ્રાવતી, નંદબત્રીસી, મદનમોહના, સિંહાસનબત્રીસી, સૂડાબહોતેરી, બરાસકસ્તુરી, અંગદવિષ્ટિ, શિવપુરાણ, દ્રૌપદી વસ્ત્રાહરણ, વૈતાલપચીસી, રાવણમંદોદરી સંવાદ વગેરે.

**૭. ભક્તકવિ દયારામ (૧૭૭૫-૧૮૫૩), જન્મસ્થળ :** ડભોઈ

દયારામ મસ્ત અને રંગીન સ્વભાવના કવિ હતા. તે એમની ગરબીઓથી ઘેર ઘેર જાણીતા છે. તેમણે ગરબીઓમાં શૃંગારરસ દ્વારા સ્ત્રીહૃદયના સહજ ભાવોને માધુર્ય છલકતી વાણીમાં ઉતાર્યા છે.

**કૃતિઓ** : રસિકવલ્લભ, ભક્તિપોષણ,

ભક્તિવેલ, રુકિમણી વિવાહ, સત્યભામા વિવાહ, અજામિલ આખ્યાન, દાણચાતુરી, પ્રેમરસગીતા, શ્રીકૃષ્ણનામમાહાત્મ્ય, શોભા સલૂણા શ્યામની, શ્યામ રંગ સમીપે ન જાવું ઋતુવર્ણન, કૃષ્ણલીલા વગેરે.

**૮. કવિ દલપતરામ (૧૮૨૦-૧૮૯૮), જન્મસ્થળ :** વઢવાણ

નાનપણથી જ પદ્યરચના કરવાનો નાદ ધરાવતા દલપતરામને સદ્‌ભાગ્યે સ્વામિનારાયણ સંપ્રદાયના કેટલાક સાધુઓનો સત્સંગ થયો અને તેમને ગુજરાતીમાં લખવાની પ્રેરણા મળી. ફાર્બસસાહેબ સાથેની મૈત્રી એ તેમનું બીજું સદ્‌ભાગ્ય. દલપતરામની બોધલક્ષી પરંતુ ચાતુરીપૂર્ણ રસિક અને નર્મયુક્ત મર્માળી રચનાઓએ લોકરંજન અને લોકશિક્ષણનું કાર્ય કર્યું.

**કૃતિઓ :** દલપતકાવ્ય : ભાગ ૧ અને ૨, લક્ષ્મી, મિથ્યાભિમાન, દલપતપિંગળ, કાવ્યદોહન, ભૂતિનિબંધ, જ્ઞાતિનિબંધ, બાલવિવાહ નિબંધ, દૈવજ્ઞદર્પણ, શામળ સતસઈ, કથન સપ્તશતી, ફાર્બસવિરહ, તાર્કિક બોધ વગેરે.

**૯. અલેક્ઝેન્ડર ફાર્બસ (૧૮૨૧-૧૮૬૫), જન્મસ્થળ :** લંડન ફાર્બસસાહેબે ગુજરાતી સાહિત્ય સંસ્થાઓ, પુસ્તકાલયો, સમાચારપત્રો, કન્યાશાળાઓ તેમજ ઇતિહાસ-સંશોધનની પ્રવૃત્તિ કરી ગુજરાતી પ્રજામાં નવજાગૃતિ આણી. ફાર્બસસાહેબે પોતાના વહીવટી દરમિયાન પોતે ગુજરાતના જે પ્રદેશમાં રહ્યા ત્યાં શિક્ષણ અને સાહિત્યવિષયક અનેક લોકોપયોગી કાર્યો કર્યાં. આ કારણે તેઓ ગુજરાતની પ્રજામાં લોકપ્રિય થયા. સાદરામાં લોકોએ તેમના નામે ‘ફાર્બસ બજાર’ અને ‘ફાર્બસ સ્કૂલ’ની સ્થાપના કરી હતી.

**કૃતિઓ :** રાસમાળા : ભાગ ૧ અને ૨

**૧૦. નર્મદ (૧૮૩૩-૧૮૮૬), જન્મસ્થળ :** સુરત

અર્વાચીન સાહિત્યયુગના આ પ્રતિનિધિ પુરુષનો જીવનમંત્ર એટલે પ્રેમ અને શૌર્ય. એમનાં કાવ્યોમાં લય, લાલિત્ય કે ચારુતા કરતાં આંતરિક જોમ અને જુસ્સો વધુ દેખાય છે.

**કૃતિઓ :** નર્મકવિતા, નર્મગદ્ય, પિંગળપ્રવેશ, અલંકારપ્રવેશ, નર્મવ્યાકરણ, રસપ્રવેશ, નર્મકોશ, નર્મકથાકોશ, મારી હકીકત, મેવાડની હકીકત, રાજ્યરંગ, ઉત્તર નર્મદચરિત્ર, ધર્મવિચાર, કૃષ્ણકુમારી, શ્રી દ્રૌપદી દર્શન, સીતાહરણ, શ્રી સારશાકુન્તલ, કવિ અને કવિતા, કવિચરિત્ર, સજીવારોપણ વગેરે.

**૧૧. ગોવર્ધનરામ ત્રિપાઠી (૧૮૫૫-૧૯૦૭), જન્મસ્થળ :** નડિયાદ

અનેક પ્રતિકૂળતાઓ વચ્ચે તેમણે એલએલ.બી. થઈ વકીલાત શરૂ કરી. ચાળીસમા વર્ષે ધીકતી વકીલાત છોડી સાહિત્યોપાસનામાં ઝંપલાવ્યું. તેમનાં સઘળાં સર્જનોમાં તેમની અદ્વિતીય વિદ્વતા અને ઉત્કૃષ્ટ પ્રતિભાનાં દર્શન થાય છે. તેમનું સબળ યશદાયી અને સર્વશ્રેષ્ઠ સર્જન ‘સરસ્વતીચંદ્ર’ છે.

**કૃતિઓ :** સરસ્વતીચંદ્ર : ભાગ ૧થી ૪, સ્નેહમુદ્રા, સાક્ષરજીવન, કવિ દયારામનો અક્ષરદે, સ્ક્રેપ બુક, લીલાવતી જીવનકલા વગેરે.

**૧૨. મણિલાલ નભુભાઈ દ્વિવેદી (૧૮૫૮-૧૮૯૮) જન્મસ્થળ :** નડિયાદ

માત્ર ચાળીસ વર્ષની યુવાન વયે અવસાન પામનાર પ્રકાંડ પંડિત, વેદાંતી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષાસાહિત્યના વિદ્વાન મણિલાલને આજે પણ ગુજરાત પ્રખર વિચારક તરીકે સન્માન આપે છે.

**કૃતિઓ :** કાન્તા, નૃસિંહાવતાર, ગુલાબસિંહ, સુદર્શન, ગદ્યાવલી પ્રાણવિનિમય, અમર આશા, નારી પ્રતિષ્ઠા, ગુજરાતના બ્રાહ્મણો સિદ્ધાંતસાર, માલતીમાધવ, ઉત્તમરામચરિત (રૂપાંતર), આત્મ નિમજ્જન, પ્રેમજીવન, શિક્ષાશતક વગેરે.

**૧૩. નરસિંહરાવ દિવેટિયા (૧૮૫૯-૧૯૩૭), જન્મસ્થળ :** અમદાવાદ

નસસિંહરાવ સાહિત્યક્ષેત્રે અર્વાચીન યુગના અગ્રેસર હતા. કવિતા ઘડતર કરી, ગદ્યશૈલી વિકસાવી, સામાજિક અને ધાર્મિકક્ષેત્રે વિકાસ અવરોધતી પ્રણાલિકાઓનું ખંડન કરી તેમણે પોતાના જીવનકાળ દરમિયાન વિધાયક ફાળો આપ્યો હતો.

**કૃતિઓ :** કુસુમમાળા, પ્રેમળજ્યોતિ, હૃદયવીણા, નૂપુરઝંકાર સ્મરણસંહિતા, મનોમુકુર : ભાગ ૧ થી ૪,

સ્મરણમુકુર, નરસિંહરાવ રોજનીશી, ગુજરાતી લૅંગ્વેજ ઍન્ડ લિટરેચર : ભાગ ૧ અને ૨ વિવર્તલીલા, તરંગલીલા વગેરે.

**૧૪. મણિશંકર રત્નજી ભટ્ટ ‘કાન્ત’ (૧૮૬૭-૧૯૨૩),**

**જન્મસ્થળ :** ચાવંડ

ઉત્તમ ખંડકાવ્યો અને ચિરંજીવ ગુણોવાળાં ઊર્મિકાવ્યોના સર્જક કવિ ‘કાન્ત’નું ગુજરાતી કાવ્યસાહિત્યના ઇતિહાસમાં વિશિષ્ટ સ્થાન છે. તેમની શૈલી પ્રૌઢ, શિષ્ટ, મધુર અને સંસ્કારની દીપ્તિવા છે. તેમનો એકમાત્ર કાવ્યસંગ્રહ ‘પૂર્વાલાપ’ તેમના અવસાનના દિવસે જ પ્રગટ થયો હતો.

**કૃતિઓ :** પૂર્વાલાપ, સાગર અને શશી, ઉદ્‌ગાર, અતિજ્ઞા વસંતવિજય, ચક્રવાક મિથુન, રોમન સ્વરાજ્ય, ગુરુ ગોવિંદસિંહ, દુઃખદ સંસાર, શિક્ષણનો ઈતિહાસ, પ્રેસિડન્ટ લિંકનનું ચરિત્ર, સંવાદમાળા સિદ્ધાંતસારનું અવલોકન, હીરામાણેકની મોટી એક ખાણ, કુમાર, ગૌરી વગેરે.

**૧૫. રમણભાઈ નીલકંઠ (૧૮૬૮-૧૯૨૮), જન્મસ્થળ :** અમદાવાદ

ગુજરાતના પ્રથમ સમર્થ હાસ્યકાર રમણભાઈની ઊંડી અવલોકનશક્તિએ માનવસ્વભાવનાં અનેક પાસાં જોયાં. તેમનામાં રહેલી સુષુપ્ત વિનોદવૃત્તિ જાગી ઊઠી અને તેમાં સંસારસુધારાની સંનિષ્ઠ ભાવના ગદ્યકાર, હાસ્યકાર, નાટ્યકાર, કવિ અને વિવેચક તરીકે રમણભાઈ ગુજરાતના સાહિત્યકારોમાં અગ્રગણ્ય છે.

**કૃતિઓ :** ભદ્રંભદ્ર, શોધમાં, રાઈનો પર્વત, હાસ્યમંદિર, અને સાહિત્ય : ભાગ ૧થી ૪, ધર્મ અને સમાજ : ભાગ ૧ અને ૨

**૧૬. આનંદશંકર ધ્રુવ (૧૮૬૯-૧૯૪૨), જન્મસ્થળ :** અમદાવાદ

આચાર્ય આનંદશંકર ધ્રુવ પંડિતયુગની પ્રતિભામૂર્તિઓમાં અગ્રણી હતા. પંડિતયુગ ચિંતનાત્મક સ્વરૂપે આનંદશંકરમાં મૂર્તિમંત થયો હતો. પ્રકાંડ પાંડિત્ય, પ્રખર બુદ્ધિમત્તા અને હૃદયની પ્રસન્નતાના તેઓ સ્વામી હતા. સંસ્કારી આભિજાત્ય તેમનામાં સહજ રીતે પ્રગટ થયું હતું.

**કૃતિઓ :** કાવ્યતત્ત્વ વિચાર, સાહિત્યવિચાર, આપણો ધર્મ, હિંદુ ધર્મની બાળપોથી, ધર્મવર્ણન, વિચારમાધુરી , હિંદુ (વેદ) ધર્મ, દિગ્દર્શન વગેરે.

**૧૭. બળવંતરાય કલ્યાણરાય ઠાકોર (૧૮૬૯-૧૯૫૨), જન્મસ્થળ :** ભરૂચ

સાહિત્યના પીઠ પ્રહરી બ.ક. ઠાકોરને પુસ્તકોના ઢગલા વચ્ચે બેઠેલા જોવા એ એક લહાવો હતો. તેઓ સાહિત્ય, ઈતિહાસ, વિજ્ઞાન અને અર્થશાસ્ત્ર જેવા અનેક વિષયોનાં પુસ્તકોની સૃષ્ટિમાં આજીવન ગળાડૂબ રહ્યા હતા. તેમનામાં રહેલી બંડખોર, પ્રયોગશીલ વૃત્તિએ નવી પેઢીને જૂની પેઢીથી જુદી તારવવાનું કાર્ય કર્યું હતું. તેમણે તેમના સર્જન દ્વારા ગુજરાતી સાહિત્યમાં નવાં રૂપો, આકારો, ઉદ્‌ગારો અને ઉન્મેષોનું ઉમેરણ કર્યું હતું.

**કૃતિઓ :** ભણકારા ધારા : ભાગ ૧ અને ૨, ઊગતી જવાની, લગ્નમાં બ્રહ્મચર્ય, સોવિયેત નવજુવાની, દર્શનિયું, કવિતાશિક્ષણ, પ્રયોગમાળા, પંચોતેરમે વગેરે.

**૧૮. સુરસિંહજી ગોહિલ** ‘કલાપી’ (૧૮૭૪-૧૯૦૦)

**જન્મસ્થળ :** લાઠી

મધુર રસથી ભર્યા ભર્યા જામ જેવી માત્ર છવ્વીસ વર્ષની ટૂંકી જિંદગી જીવી જનાર કવિ કલાપીએ પ્રજાવત્સલ રાજા તરીકે, પ્રેમયોગી તરીકે અને જાગ્રત કલાકાર તરીકે ગુજરાતના લોકહૃદયમાં ચિરંજીવ સ્થાન પ્રાપ્ત કર્યું છે. પ્રકૃતિ, પ્રણય અને ત્યાગ એ કલાપીનાં મુખ્ય પ્રેરક બળ હતાં. તેમનાં શરૂઆતનાં કાવ્યો વિરહ, વ્યથા અને ઝંખનાની લાગણીઓથી ભરપૂર છે. જ્યારે શોભના સાથેના લગ્ન પછીનાં કાવ્યો તૃપ્તિ અને મસ્તીની ભરતીથી ઊછળતા મહાસાગર જેવાં છે.

**કૃતિઓ :** કલાપીનો કેકારવ, કલાપીની પત્રધારા, કશ્મીરનો પ્રવાસ, સ્વીડનબર્ગના વિચારો, માયા અને મુદ્રિકા, બિલ્વમંગળ, હમીરજી ગોહિલ, હૃદયત્રિપુટી, ભરત વગેરે.

**૧૯. ન્હાનાલાલ દલપતરામ (૧૮૭૭-૧૯૪૬),**

**જન્મસ્થળ :** અમદાવાદ

કવિ દલપતરામના ઘેર જન્મવાનું સદ્ભાગ્ય પામનાર કવિ ન્હાનાલાલ ગુજરાતી સાહિત્યના કાવ્યાકાશમાં 'પ્રફુલ્લ અમીવર્ષણ ચંદ્રરાજ' તરીકે શોભાયમાન બની રહ્યા. કલ્પનાનો જે વૈભવ તેમનાં કાવ્યોમાં જોવા મળે છે તેવો વૈભવ ભાગ્યે જ બીજા ગુજરાતી કવિમાં મળશે. તેમણે પોતાનાં સર્જન દ્વારા ગુજરાતી ભાષાનું સામર્થ્ય વધાર્યું. શબ્દને ન્હાનાલાલનો સ્પર્શ થતાં એ જાણે પુષ્પ બની જાય છે.

**કૃતિઓ :** કેટલાંક કાવ્યો : ભાગ ૧થી૩, ન્હાના ન્હાના રાસઃ ભાગ ૧થી ૩, ચિત્રદર્શનો, ગીતમંજરી, વિરાટનો હિંડોળો, પ્રાણેશ્વરી, વિલાસની શોભા, પિતૃતર્પણ, કુરુક્ષેત્ર, બાળકાવ્યો, મહેરામણનાં મોતી, વસંતોત્સવ, હરિદર્શન, હરિસંહિતા : ભાગ ૧થી ૩, ઉષા, સારથિ, કવિશ્વર દલપતરામ, આપણાં સાક્ષરરત્નો, સાહિત્યમંથન.

**૨૦. સુખલાલજી (૧૮૮૦-૧૯૭૮),**

**જન્મસ્થળ :** લીંબડી

શીતળાના રોગનો ભોગ બનતાં પંડિતજીએ ૧૬ વર્ષની ઉંમરે આંખો ગુમાવી હતી. ઈશ્વરે ચર્મચક્ષુ લઈ લીધાં, પણ પ્રજ્ઞાચક્ષુ બક્ષ્યાં. તેમને બનારસમાં મુનિ ધર્મવિજયજીની પાઠશાળામાં સંસ્કૃત અને પ્રાકૃત ભાષાનો અભ્યાસ કર્યો હતો. તેઓ વ્યક્તિ મટી એક વિદ્યાપીઠ બની ગયા. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવનાર ભારતીય દાર્શનિકોમાં એમનું સ્થાન અગ્રગણ્ય છે.

**કૃતિઓ :** મારું જીવનવૃત્ત, નિર્ગ્રંથ સંપ્રદાય, તત્ત્વાર્થસૂત્ર, યોગદર્શન, દર્શન અને ચિંતન : ભાગ ૧થી ૩, જૈન ધર્મનો પ્રાણ, વાદમહાર્ણવ : ભાગ ૧થી ૬, પ્રમાણમીમાંસા, જ્ઞાનબિંદુ વગેરે.

**૨૧. રણજિતરામ વાવાભાઈ મહેતા (૧૮૮૧-૧૯૧૭),**

**જન્મસ્થળ :** સુરત

રણજિતરામે ગુજરાતની અસ્મિતા અને ગુજરાતી સાહિત્ય સાથે સંકળાયેલી વિવિધ પ્રવૃત્તિઓ તરફ પ્રજાનું ધ્યાન દોર્યું હતું. તેમના અથાગ પરિશ્રમથી ઈ.સ. ૧૯૦૫માં અમદાવાદમાં 'ગુજરાતી સાહિત્ય પરિષદ'નું પ્રથમ અધિવેશન ભરાયું હતું. અમદાવાદની ગુજરાત સાહિત્ય સભાએ તેમના નામે ઈ.સ. ૧૯૨૮થી વિશિષ્ટ સાહિત્યસેવા માટે 'રણજિતરામ સુવર્ણચંદ્રક' આપવાનું શરૂ કર્યું હતું, જે આજ સુધી ચાલુ છે. ગુજરાતી સાહિત્યમાં આ ચંદ્રક સૌથી પ્રતિષ્ઠિત ગણાય છે.

**કૃતિઓ :** રણજિતકૃતિ સંગ્રહ, રણજિતરામના નિબંધો, લોકગીત, રણજિતરામ ગદ્યસંચય : ભાગ ૧ અને ૨ વગેરે.

**(૨૨) દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર (૧૮૮૫-૧૯૮૧),**

**જન્મ સ્થળ :** સતારા (મહારાષ્ટ્ર)

માતૃભાષા મરાઠી હોવા છતાં તેમના સાહિત્યસર્જનનાં પૂર ઊભરાયાં ગુજરાતી ભાષામાં. ગુજરાતી ભાષાનું આ એક પરમ સદ્ભાગ્ય જ કહેવાય. સંસ્કૃતિની સુવાસ ફેલાવતાં એમનાં પુસ્તકોએ ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. મહાત્મા ગાંધીએ તેમને 'સવાઈ ગુજરાતી'નું બિરુદ આપ્યું હતું.

**કૃતિઓ :** ઓતરાદી દીવાલો, જીવનનો આનંદ, રખડવાનો આનંદ, જીવનલીલા, હિમાલયનો પ્રવાસ, જીવનભારતી, પૂર્ણરંગ, જીવનસંસ્કૃતિ, જીવન ચિંતન, જીવતા તહેવારો, જીવન પ્રદીપ, ગીતાધર્મ, સ્મરણયાત્રા વગેરે.

**(૨૩) રામનારાયણ વિ. પાઠક (૧૮૭૭-૧૯૫૫), જન્મસ્થળ :** ગાણોલ

રામનારાયણ પાઠક 'દ્વિરેફની વાતો' જેવા ટૂંકી વાર્તાના પ્રથમ સંગ્રહથી જ ગુજરાતી સાહિત્ય જગતમાં એક સમર્થ વાર્તાકાર તરીકે પ્રસ્થાપિત થયા હતા. વકીલાતમાં પોતાનો જીવ ન લાગતાં તેમણે શિક્ષણ અને સાહિત્યના ક્ષેત્રમાં પોતાની કારકિર્દી શરૂ કરી. તેમની વાર્તાઓથી ગુજરાતી સાહિત્યને ઘાટ અને ઘડતરની નવી દૃષ્ટિ મળી.

**કૃતિઓ :** દ્વિરેફની વાતો : ભાગ ૧, ૨ અને ૩, શેષનાં કાવ્યો, ખેમી, એક પ્રશ્ન, મુકુન્દરાય, જક્ષણી, ઉદધિને, કાવ્યની શક્તિ, સાહિત્યવિમર્શ, સાહિત્યલોક, કાવ્યપરિશીલન, મનોવિહાર, ગોવિંદગમન, બૃહત્ પિંગળ વગેરે.

(૨૪) **સ્વામી આનંદ (૧૮૮૭-૧૯૭૬), જન્મસ્થળ :** શિયાણી

સ્વામી આનંદનું વ્યક્તિત્વ તેજસ્વી, સમૃદ્ધ અને પ્રજ્ઞાવંત હતું. ગુજરાતી, મરાઠી, હિન્દી, બંગાળી અને અંગ્રેજી ભાષા પર તેમનું પ્રભુત્વ હતું. એમના સાહિત્યમાં માનવીનાં ગૌરવ, શીલ અને સત્ત્વની પ્રતિષ્ઠા કેન્દ્રસ્થાને છે.

**કૃતિઓ :** ઈશુનું બલિદાન, ધરતીનું લૂણ, લોકગીતા, ઈશોપનિષદ, ભગવાન બુદ્ધ, ગાંધીજીનાં સંસ્મરણો, ઉત્તરાપથની યાત્રા, બચપણનાં બાર વરસ, ઈશુભાગવત વગેરે.

(૨૫) **કનૈયાલાલ મુનશી (૧૮૮૭-૧૯૭૧), જન્મસ્થળ :** ભરૂચ

એમનો જન્મ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. બી.એ., એલએલ.બી. થઈ તેમણે વકીલાત શરૂ કરી. વકીલાતની સાથે પહેલાં 'ઘનશ્યામ' ઉપનામે અને પછી સ્વનામે લેખનકાર્ય શરૂ કર્યું. તેમણે સાહિત્ય-સર્જન, રાજનીતિ, ઈતિહાસ, ભારતીય અસ્મિતાનાં મૂલ્યોની પ્રસ્થાપના વગેરે ક્ષેત્રોમાં સારું ખેડાણ કર્યું છે. સ્વતંત્ર ભારતનું બંધારણ ઘડનારી બંધારણસભામાં તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો હતો. તેઓએ હૈદરાબાદ (નિઝામ) રાજ્યના ભારત સંઘમાં વિલીનીકરણ માટે સફળ કામગીરી બજાવી હતી. તેઓ ઈ.સ. ૧૯૫૦થી ૧૯૫૨ સુધી કેન્દ્ર સરકારમાં પ્રધાનપદે અને ઈ.સ. ૧૯૫૨થી ૧૯૫૭ સુધી ઉત્તર પ્રદેશના રાજ્યપાલ પદે રહ્યા હતા. તેઓ 'ભારતીય વિદ્યાભવન'ના સ્થાપક હતા.

**કૃતિઓ :** વેરની વસૂલાત, પાટણની પ્રભુતા, ગુજરાતનો નાથ, જય સોમનાથ, કૃષ્ણાવતાર : ભાગ ૧ થી ૮, રાજાધિરાજ, પૃથિવીવલ્લભ, ભગ્ન પાદુકા, લોપામુદ્રા, અડધેરસ્તે, સીધાં ચઢાણ, સ્વપ્નસિદ્ધિની શોધમાં, ભગવાન કૌટિલ્ય વગેરે.

(૨૬) **રમણલાલ વસંતલાલ દેસાઈ (૧૮૯૨-૧૯૫૪),**

**જન્મસ્થળ :** શિનોર

રમણલાલ વડનગરા નાગર હતા. ઈ.સ. ૧૯૩૦થી ૧૯૪૦નાં વર્ષો દરમિયાન તેઓ ગુજરાતની સાહિત્યરસિક પ્રજા પર, મુખ્યત્વે યુવાન વર્ગ પર છવાઈ ગયા હતા. તેમની નવલકથાઓ ગુજરાતના ઘરઘરમાં વંચાતી થઈ હતી.

**કૃતિઓ :** જયંત, શિરીષ, ઠગ, પ્રલય, બાલાજોગણ, અપ્સરા, હૃદયવિભૂતિ, પૂર્ણિમા, હૃદયનાથ, દિવ્યચક્ષુ, ગ્રામલક્ષ્મી : ભાગ ૧થી ૪, કોકિલા, ભારેલો અગ્નિ વગેરે.

(૨૭) **ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ' (૧૮૯૨-૧૯૬૫),**

**જન્મસ્થળ :** વીરપુર

ઈ.સ. ૧૯૨૬માં ધૂમકેતુના પ્રથમ વાર્તાસંગ્રહ 'તણખા'નો પહેલો ભાગ પ્રસિદ્ધ થયો ત્યારે જ તેઓ સર્વમાન્ય અને સર્વશ્રેષ્ઠ વાર્તાકાર તરીકે પ્રજાના હૃદયમાં વસી ગયા હતા. ધૂમકેતુ રંગદર્શી પ્રકૃતિના સર્જક હતા, પરિણામે લાગણી, નિરૂપણ, વેગ, કવિતાની નિકટવર્તી ગદ્યશૈલી, વાતાવરણની ચિત્રાત્મકતા અને ધૂની-તરંગી પાત્રો એમની નવલિકાઓની વિશેષતાઓ છે.

**કૃતિઓ :** તણખા : ભાગ ૧થી ૪, ચૌલાદેવી, રાજ-સંન્યાસી ત્રિભેટો, વનવેણુ, ધ્રુવદેવી, જિબ્રાનની જીવનવાણી, કર્ણાવર્ત અવંતિનાથ, આમ્રપાલી વગેરે.

(૨૮) **ઝવેરચંદ મેઘાણી (૧૮૯૬-૧૯૪૭), જન્મસ્થળ :** ચોટીલા

ઝવેરચંદ મેઘાણીએ લોકહૃદયમાં ઊભરાતી લાગણીઓને કંઠ આપી એ વારસાને જીવતો રાખવાનું અમૂલ્ય કાર્ય કર્યું હતું. સૌરાષ્ટ્રના દુહાઓ અને લોકકથાઓને પુનર્જીવિત કરી, એને સાહિત્યક રંગ આપી એમણે સૌરાષ્ટ્રના ખમીરને લોકો સમક્ષ મૂક્યું હતું.

**કૃતિઓ :** સૌરાષ્ટ્રની રસધાર : ભાગ ૧થી ૫, સોરઠી બહારવટિયા વસુંધરાનાં વહાલાં દવલાં, તુલસી-ક્યારો, વેવિશાળ, પ્રભુ પધાર્યા રાણો પ્રતાપ, કંકાવટી, રવીન્દ્ર વીણા, યુગ વંદના વગેરે.

(૨૯) **રસિકલાલ પરીખ (૧૮૯૭-૧૯૮૨),**

**જન્મસ્થળ :** સાદરા

રસિકભાઈ વૈદિક, બૌદ્ધ, જૈન આદિ ભારતીય

પરંપરા તે પાશ્ચાત્ય ભાષા, સાહિત્ય, તત્ત્વજ્ઞાન વગેરેને સ્પર્શતી વિદેશી પરંપરા વ્યાપક જ્ઞાન ધરાવતા હતા. આથી તેઓ કોઈ પણ જાતિ, પંથ દેશની સંકુચિત સીમાઓમાં બંધાઈને રહ્યા નહોતા.

**કૃતિઓ :** સ્મૃતિ, કાવ્યાનુશાસન, જીવનનાં વહેણો, મેનાગુર્જરી શર્વિલક વગેરે.

**(૩૦) જયંતિ દલાલ (૧૯૦૯-૧૯૭૦),**

**જન્મસ્થળ :** અમદાવાદ

જયંતિ દલાલ માનવતાવાદી, નાટ્યકાર, નવલિકા નવલકથાકાર, અનુવાદક, તટસ્થ અને પૂર્વગ્રહમુક્ત સમીક્ષક, અને પત્રકાર હતા.

**કૃતિઓ :** સોયનું નાકું, ઝબુક્યાં, જવનિકા, પાદરનાં તીર અવતરણ, માની દીકરી, દ્રૌપદીનો સહકાર, ગાલનું કાજળ, સ્વર્ગ ધીમુ અને વિભા વગેરે.

**(૩૧) કવિ ત્રિભુવનદાસ લુહાર 'સુન્દરમ્' (૧૯૦૮-૧૯૯૧),**

**જન્મસ્થળ :** મિયાં-માતર

ઈ.સ. ૧૯૩૩માં તેમનો કાવ્યસંગ્રહ 'કાવ્યમંગલા' પ્રગટ થતાં જ તેમને અર્વાચીન કવિતાના એક સીમાચિહ્ન તરીકે સ્થાન મળ્યું. તેમણે રાષ્ટ્રીય ચળવળમાં પણ ઝુકાવ્યું હતું. ઈ.સ. ૧૯૪૫થી તેઓ સપરિવાર શ્રી અરવિંદ આશ્રમ, પૉંડિચેરીમાં સ્થાયી થયા હતા.

**કૃતિઓ :** કાવ્યમંગલા, વસુધા, યાત્રા, હીરાકણી અને બીજી વાતો, પાવકના પંથે, વાસંતી પૂર્ણિમા વગેરે.

**(૩૨) ઉમાશંકર જોષી (૧૯૧૧-૧૯૮૮),**

**જન્મસ્થળ :** બામણા

કવિતા, ટૂંકી વાર્તા, એકાંકી, નિબંધ, વિવેચન, સંપાદન, સંશોધન, પ્રવાસવર્ણન-સાહિત્યનાં લગભગ બધાં પાસાં ઉમાશંકરની પ્રતિભાનો સ્પર્શ પામ્યાં છે. ૩૭ વર્ષ સુધી 'સંસ્કૃતિ' માસિકના સંપાદનમાં તેમનું મહત્ત્વનું પ્રદાન રહ્યું હતું. ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ, રાજ્યસભાના સભ્ય, રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીના પ્રમુક અને શાંતિનિકેતન યુનિવર્સિટીના ઉપકુલપતિ જેવાં ઉચ્ચ પદ તેમણે શોભાવ્યાં હતાં. ઈ.સ. ૧૯૬૭માં તેમને ભારતીય જ્ઞાનપીઠનો પુરસ્કાર પ્રાપ્ત થયો હતો.

**કૃતિઓ :** વિશ્વશાંતિ, ગંગોત્રી, નિશીથ (કાવ્યસંગ્રહ), સાપના ભારા, શ્રાવણી મેળો, વિસામો, ઉઘાડી બારી, અખો : એક અધ્યયન, પારકાં જણ્યાં, શાકુંતલ (અનુવાદ) વગેરે.

**(૩૩) પન્નાલાલ પટેલ (૧૯૧૨-૧૯૮૯),**

**જન્મસ્થળ :** માંડલી (રાજસ્થાન)

આઠ ધોરણ ભણેલા અને વડીલોની છત્રછાયા વિનાના પન્નાલાલ ગુજરાતના સમર્થ સાહિત્યકાર બનશે એવી કોઈને કલ્પના પણ નહીં હોય. પન્નાલાલની પ્રતિભાનો સૌથી બળવાન અને પ્રભાવક ઉન્મેષ તેમની નવલકથાઓમાં અને નવલિકાઓમાં જોવા મળે છે. 'મળેલા જીવ' અને 'માનવીની ભવાઈ' એ એમની અત્યંત લોકપ્રિય પ્રણયકથાઓ છે.

**કૃતિઓ :** મળેલા જીવ, માનવીની ભવાઈ, સુરભિ, વળામણાં, નાછૂટકે, પાછલે બારણે, નવું લોહી, અલપઝલપ (આત્મકથા), કંકુ, નગદનારાયણ, પાર્થને કહો ચડાવે બાણ, કચ દેવયાની વગેરે.

**(૩૪) નવલરામ (૧૮૩૬-૧૮૮૮),**

**જન્મસ્થળ :** સુરત

નવલરામ ગુજરાતી સાહિત્યના સૌપ્રથમ પ્રશિષ્ટ વિવેચક હતા. તેઓ સંનિષ્ઠ અભ્યાસુ તેમજ સાહિત્યિક કલા અને રસની ઊંડી સમજ ધરાવતા હતા. ગુજરાતી સાહિત્યનાં સર્જન, સમજણ અને આસ્વાદ અંગે તેમણે દિશા સૂચન કર્યું હતું.

**કૃતિઓ :** ભટનું ભોપાળું, મેઘછંદ વગેરે.

**(૩૫) જ્યોતીન્દ્ર હરિશંકર દવે (૧૯૦૧-૧૯૮૦),**

**જન્મસ્થળ :** સુરત

તેમની લોકપ્રિયતા એટલી પ્રભાવી હતી કે કોઈ પણ સમારંભમાં તેઓ પ્રવચન આપવા ઊભા થતા ત્યારે તેમના બોલતા પહેલાં શ્રોતાઓમાં હાસ્યનું મોજું ફરી વળતું. સાંપ્રત સમાજજીવનમાંથી જ મનુષ્યનાં નિર્બળતા, દંભ, અભિમાન અને પોકળતાને પોતાના વિષયો બનાવીને તેમણે પોતાની હાસ્યરસ અને કટાક્ષપૂર્ણ કૃતિઓનું સર્જન કર્યું છે.

**કૃતિઓ :** રંગતરંગ : ભાગ ૧થી ૫, લગ્નનો ઉમેદવાર, વડ અને ટેટા, ખોટી બે આની વગેરે.

**(૩૬) ચંદ્રવદન ચીમનલાલ મહેતા (૧૯૦૧-૧૯૯૧), જન્મસ્થળ :** વડોદરા

ચંદ્રવદન મહેતાનું નામ ગુજરાતી સાહિત્યના એક સમર્થ નાટ્યકાર, કવિ અને રંગભૂમિના આદ્યપ્રવર્તક તરીકે જાણીતું છે. તેમણે અવિરત પરિશ્રમ લઈ શિષ્ટ અને સંસ્કારી જૂથ ઊભું કર્યું હતું અને અવેતન રંગભૂમિની સ્થાપના કરી હતી.

**કૃતિઓ :** ઈલાકાવ્યો, બાંધ ગઠરિયાં, અખો અને બીજાં નાટકો, પ્રેમનું મોતી અને બીજાં નાટકો વગેરે.

**(૩૭) ઝીણાભાઈ રતનજી દેસાઈ 'સ્નેહરશ્મિ' (૧૯૦૩-૧૯૯૧), જન્મસ્થળ :** ચીખલી

ઝીણાભાઈ જેટલા સાહિત્યકાર એટલા જ કેળવણીકાર હતા. ગુજરાતે તેમનામાં ગાંધી પ્રેરિત દેશભક્તિનો પ્રારંભિક ઉદ્ગાર જોયો અને માણ્યો. હાઈકુનો એક નવતર કાવ્યપ્રકાર તેમણે આરંભ્યો. તેમણે જીવનમાંગલ્ય, આત્મશ્રદ્ધા અને જીવન સંગીત પ્રેરતી નવલિકાઓ આપી. એમણે તેમનું ઘણુંખરું જીવન અમદાવાદની સી. એન. વિદ્યાલય ખાતે સમર્પિત કર્યું હતું.

**કૃતિઓ :** તૂટેલા તાર, ગાતા આસોપાલવ, સ્વર્ગ અને પૃથ્વી, અંતરપટ, નવી દુનિયા, સાફલ્યટાણું, ઊઘડે નવી ક્ષિતિજો વગેરે.

**(૩૮) મનુભાઈ પંચોલી 'દર્શક' (૧૯૧૪-૨૦૦૧), જન્મસ્થળ :** પંચાશિયા

માધ્યમિક સુધીનું શિક્ષણ પામેલા મનુભાઈ પંચોલી માત્ર સ્વયંસૂઝ અને સ્ફુરણાથી 'દીપનિર્વાણ', 'સૉક્રેટિસ', 'ઝેર તો પીધાં છે જાણી જાણી' જેવી મનભર કૃતિઓ સર્જે એ ચમત્કાર જ લાગે. આંબલાની ગ્રામદક્ષિણામૂર્તિ, મણાર (જિ. ભાવનગર)ની ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા અને સણોસરાની લોકભારતી વિદ્યાપીઠ જેવી કેળવણીની બુનિયાદી સંસ્થાઓમાં એમણે સેવાઓ આપી હતી. ઇતિહાસ અને રાજનીતિ એમના રસના વિષય હતા. પરિણામે તેઓ ગુજરાત વિધાનસભાના સભ્ય અને શિક્ષણમંત્રી પણ બન્યાં હતાં.

**કૃતિઓ :** દીપનિર્વાણ, સૉક્રેટિસ, ઝેર તો પીધાં છે જાણી જાણી, કુરુક્ષેત્ર, ચેતોવિસ્તારની યાત્રા, જલિયાંવાલા, અઢારસો સત્તાવન, પરિત્રાણ, મહાભારતનો મર્મ વગેરે.

**(૩૯) ઈશ્વર પેટલીકર (૧૯૧૬-૧૯૮૩), જન્મસ્થળ :** પેટલી

ઈશ્વર પેટલીકર તળપદી શૈલીના સાહિત્યસર્જક, સમાજહિતચિંક, નિર્ભીક વિચારક અને દૃષ્ટિસંપન્ન પત્રકાર હતા. નવલકથા અને ટૂંકી વાર્તાના સર્જનની સાથે તેમણે 'સંસાર' માસિક દ્વારા સામાજિક પ્રશ્નોની છણાવટ પણ કરી હતી.

**કૃતિઓ :** જનમટીપ, ભવસાગર, મારી હૈયાસગડી : ભાગ ૧ અને ૨, ઋણાનુબંધ, કાશીનું કરવત, અકળલીલા, દુઃખનાં પોટલાં વગેરે.

**(૪૦) યશવંત શુક્લ (૧૯૧૫-૧૯૯૯), જન્મસ્થળ :** ઉમરેઠ

યશવંત શુક્લ ગુજરાતના સાહિત્ય, શિક્ષણ અને સંસ્કારજગત સાથે અડધી સદી સુધી સક્રિય રીતે સંકળાયેલા હતા. તેમણે અમદાવાદની ગુજરાત કૉલેજ તથા મુંબઈની ઍલ્ફિન્સ્ટન કૉલેજમાં અધ્યાપનકાર્ય કર્યું હતું. ઈ.સ. ૧૯૫૫થી ૧૯૭૮ સુધી એચ. કે. કૉલેજ, અમદાવાદમાં આચાર્ય પદે રહ્યા હતા. ઈ.સ. ૧૯૯૨માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યો હતો.

**કૃતિઓ :** કેન્દ્ર અને પરિઘ, સ્નેહનો શબ્દ, સમય સાથે વહેતાં, સમાજઘડતર, ઉપલબ્ધિ, શબ્દાન્તરે, ક્રાન્તિકાર ગાંધીજી વગેરે.

**(૪૧) મકરંદ દવે (જન્મ : ૧૯૨૨), જન્મસ્થળ :** ગોંડલ

'ઊર્મિ-નવરચના' માસિક અને 'જયહિંદ' દૈનિકમાં કામ કરવાનું શરૂ કર્યું ત્યારથી સાહિત્ય અને પત્રકારત્વ સાથેનો ફિલસૂફ નાતો બંધાયો હતો. ઈ.સ. ૧૯૮૫માં એમણે વલસાડ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં 'નંદીગ્રામ'ની સ્થાપના કરી. એમને ઈ.સ. ૧૯૭૯માં રણજિતરામ સુવર્ણચંદ્રક અને ઈ.સ. ૧૯૯૬માં 'મેઘાણી ચંદ્રક' એનાયત થયો હતો.

**(૪૨) સુરેશ જોષી (૧૯૨૦-૧૯૮૬),**

**જન્મસ્થળ :** વાલોડ

પ્રકાંડ પાંડિત્યપૂર્ણ સર્જનો દ્વારા નવો ચીલો પાડનાર સુરેશ જોષી વડોદરા યુનિવર્સિટીમાં છેવટ સુધી અધ્યાપનકાર્ય કરતા રહ્યા. પ્રત્યંચા, ઈતરા, નવોન્મેષ, ઉપજાતિ એ તેમના કાવ્યસંગ્રહો અને છિન્નપત્ર, કથાચક્ર, મરણોત્તર વગેરે તેમની શ્રેષ્ઠ નવલકથાઓ છે.

**(૪૩) બકુલ ત્રિપાઠી (૧૯૨૮-૨૦૦૬),**

**જન્મસ્થળ :** નડિયાદ

બકુલ ત્રિપાઠીનો જન્મ નડિયાદમાં થયો પણ અર્વાચીન શ્રેષ્ઠ હાસ્યલેખક તરીકે પંકાયા અમદાવાદમાં. ઈ.સ. ૧૯૫૫માં તેમણે તેમના હાસ્યકટાક્ષ લેખોનો સંગ્રહ 'સચરાચર' પ્રગટ કર્યો અને તેને ગુજરાત સરકાર તરફથી ઉત્તમ હાસ્યપુસ્તકનું ઈનામ મળ્યું હતું. ગુજરાત સમાચારમાં આવતી તેમની કટાર 'કક્કો અને બારાખડી' લોકપ્રિય થઈ હતી. લલિત નિબંધોનો એમનો સંગ્રહ 'વૈકુંઠ નથી જોવું' એમની સર્જકતાનું પરિમાણ છે. એમને ઈ.સ. ૧૯૮૮માં રણજિતરામ ચંદ્રક એનાયત થયો હતો.

**(૪૪) મોહમ્મદ માંકડ (જન્મ : ૧૯૨૮),**

**જન્મસ્થળ :** પાળિયાદ

ઈ.સ. ૧૯૫૧થી ૧૯૬૧ સુધી બોટાદ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે સેવાઓ આપી. કાયર, ધુમ્મસ, મોરપીંછના રંગ, ગ્રહણરાત્રિ, બંધનગર, અશ્વદોડ જેવી અનેક પ્રશિષ્ટ નવલકથાઓ અને ટૂંકી વાર્તાઓએ તેમને સાહિત્યક્ષેત્રે અગ્રણી હરોળમાં ગોઠવી દીધા. તેમની કથાઓ પ્રયોગશીલ છે. ઈ.સ. ૧૯૮૨માં 'ગુજરાતી સાહિત્ય અકાદમી'ના પ્રથમ અધ્યક્ષ તરીકે તેમની વરણી થઈ હતી. તેમને ગુજરાત સરકાર તરફથી ત્રણ પારિતોષિકો તેમજ સદ્‌વિચાર પરિવાર તરફથી બહુમાન મળ્યાં હતાં.

**(૪૫) ભૂપત વડોદરિયા (૧૯૨૯-૨૦૧૧),**

**જન્મસ્થળ :** ધ્રાંગધ્રા

ગુજરાતના લોકપ્રિય નવલકથાકાર, વાર્તાકાર, નિબંધકાર અને પત્રકાર ભૂપત વડોદરિયાના સર્જનમાં ૩૦ નવલકથાઓ, ૪ વાર્તાસંગ્રહો અને ૬ નિબંધસંગ્રહનો સમાવેશ થાય છે. ઈ.સ. ૧૯૫૫ થી ૧૯૬૨ સુધી તેઓ રાજકોટના દૈનિક 'ફૂલછાબ'ના તંત્રીપદે રહ્યા. ઈ.સ. ૧૯૮૨થી ૧૯૮૬ સુધી ગુજરાત સરકારના માહિતી નિયામક તરીકે રહ્યા. તેઓ 'સમભાવ' દૈનિકના તંત્રીપદે પણ રહ્યા હતા.

**(૪૬) હરીન્દ્ર દવે (૧૯૩૦-૧૯૯૫),**

**જન્મસ્થળ :** ખંભારા

ઊર્મિશીલ કવિ, સિદ્ધહસ્ત નવલકથાકાર અને 'જન્મભૂમિ' તેમજ 'પ્રવાસી' દૈનિકોના તંત્રી હરીન્દ્ર દવેનું કવિતા, નવલકથા, પત્રકારત્વ, નાટક, નિબંધ અને વિવેચનક્ષેત્રે ઘણું સારું પ્રદાન હતું. એમણે ગઝલ અને સૉનેટ પણ રચ્યાં હતાં. 'આસવ', 'મૌન', 'અર્પણ', 'સમય' અને 'સૂર્યોપનિષદ' એમના કાવ્યસંગ્રહો છે. 'કૃષ્ણ અને માનવસંબંધો' તેમનો અભ્યાસપૂર્ણ ગ્રંથ છે. 'માધવ ક્યાંય નથી' એ તેમની નવલકથા છે. સુકોમળ ભાવોની ઉદાત્ત રજૂઆત અને ચિંતન ભરી અભિવ્યક્તિ તેમની કવિતાઓમાં તથા નવલકથાઓમાં જોવા મળે છે.

**(૪૭) ચંદ્રકાન્ત બક્ષી (૧૯૩૨-૨૦૦૬),**

**જન્મસ્થળ :** પાલનપુર

અભિનવ વિભાવનાથી પ્રેરિત નવલકથાઓ લખવામાં ચંદ્રકાન્ત બક્ષીનું મહત્ત્વનું પ્રદાન છે. અસ્તિત્વવાદી વિચારસરણીવાળા એ લેખકને 'ઘટનાના બેતાજ બાદશાહ' તરીકે નવાજવામાં આવ્યા 'પડઘા ડૂબી ગયા', 'રોમા', 'એકલતાના કિનારા', 'એક અને એક તેમની વિશિષ્ટ નવલકથાઓ છે. 'જયુથિકા' એમનું ત્રિઅંકી નાટક વર્તમાનપત્રો અને સામયિકોમાં એ નિયમિત લખતા રહ્યા છે. એમ વાચકવર્ગ ખૂબ વિશાળ છે.

**(૪૮) સુરેશ દલાલ (૧૯૩૨-૨૦૧૨),**

**જન્મસ્થળ :** થાણા

મુંબઈમાંથી 'કવિતા' દ્વિમાસિક દ્વારા કાવ્યોનો મબલખ કવિતારસિકો સુધી પહોંચાડી કવિતાને લોકપ્રિય કરવામાં સુરેશ દલાલ ફાળો મહત્ત્વનો છે. એમણે સાહિત્યના વિવિદ પ્રકારો ખેડ્યા છે. તેમ 'એકાન્ત', 'હસ્તાક્ષર', 'સિમ્ફની', 'તારીખનું ઘર' વગેરે પુસ્તક પુરસ્કારો પ્રાપ્ત થયાં છે. 'ચલક ચલાણું', 'ભિલ્લુ',

'ધીંગામસ્તી 'ઈટા કિટ્ટા' જેવાં એમનાં બાળકાવ્યો પુરસ્કૃત થયાં છે. 'ભૂરા આ આશા' અને 'મારી બારીએથી' નિબંધસંગ્રહો ઉલ્લેખનીય છે.

**(૪૯) ભોળાભાઈ પટેલ (જન્મ : ૧૯૩૪), જન્મ સ્થળ :** સોજા

ભોળાભાઈએ પ્રવાસનિબંધોના લલિત નિરૂપણમાં પોતાની આગવી પ્રતિભા ઉપસાવી છે. એમાં સ્થળકાળનાં સંવેદનો સાથે એમની અંગત સંવેદનાઓની અર્થછાયાઓ ભળી છે. 'વિદિશા', 'પૂર્વોત્તર', 'કાંચન-જંઘા', 'રાધે તારા ડુંગરિયા પર', 'દેવોની ઘાટી', 'દેવતાત્મા હિમાલય', 'બોલે ઝીણા મોર', 'શાલભંજિકા' અને 'ચૈતર ચમકે ચાંદની' વગેરે એમના પ્રસિદ્ધ પ્રવાસનિબંધો છે.

**(૫) લાભશંકર ઠાકર (જન્મ : ૧૯૩૫), જન્મસ્થળ :** પાટડી

લાભશંકર ઠાકર પરંપરાગત સર્જનમાંથી બહાર નીકળી નવો ચીલો પાડનાર અને વિલક્ષણ વ્યક્તિત્વ ધરાવનાર સાહિત્યકાર છે. 'વહી જતી પાછળ રમ્યઘોષા', 'માણસની વાત', 'મારા નામને દરવાજે', 'બૂમ કાગળમાં કોરા' તેમના કાવ્યસંગ્રહો છે. 'અકસ્માત' અને 'કોણ' તેમની નવલકથાઓ છે. 'એક ઉંદર અને જદુનાથ', 'મરી જવાની મઝા' અને 'પીળું ગુલાબ' તેમનાં નાટકો છે. એમની કલમ એબ્સર્ડ પ્રકારનાં નાટકોમાં ગતિશીલ રહી છે.

**(૫૧) આદિલ મનસૂરી (૧૯૩૬-૨૦૦૮), જન્મસ્થળ :** અમદાવાદ

'આદિલ' તખલ્લુસ, પરંતુ મૂળ નામ ફકીર મહંમદ ગુલામનબી મનસૂરી. ૧૮ વર્ષની ઉંમરે એમણે કાવ્યો રચ્યાં હતાં. 'ક્યાં છે દરિયો, ક્યાં છે સાહિલ' એ એમની પહેલી ગઝલ હતી. તેમના કાવ્યસંગ્રહ 'પગરવ'ને ગુજરાત સરકારના ઉત્તમ પુસ્તક તરીકેનું પારિતોષિક મળ્યું હતું. 'વળાંક' અને 'સતત' એમના અન્ય કાવ્યસંગ્રહો છે. 'હાથપગ બંધાયેલા છે.', 'પેન્સિલની કબર અને મીણબત્તી', 'જડબેસલાક રામ જાંબુ' એમનાં ખૂબ લોકપ્રિય એકાંકી છે.

**(૫૨) વિનોદ ભટ્ટ (જન્મ : ૧૯૩૮), જન્મસ્થળ :** નાંદોલ

વ્યવસાય વકીલાતનો પણ જીવ સાહિત્યની દુનિયાનો, ખાસ કરી હાસ્યલેખનો. કોઈક નાજુક પળે વિનોદ ભટ્ટે હાસ્યકાર બનવાનું બીડું ઝડપ્યું. 'ઈદમ્ તૃતીયમ્', 'વિનોદની નજરે', 'અને ઈતિહાસ', 'આંખ આડા કાન' વગેરે કૉલમ દ્વારા તેઓ વર્તમાનપત્રોમાં હાસ્યલેખનની પ્રવૃત્તિ કરે છે. 'અમદાવાદ એટલે અમદાવાદ' એ તેમની વિલક્ષણ શૈલીમાં લખાયેલું વ્યંગચિત્ર છે. 'વિનોદ વિમર્શ' એ ગુજરાતી ભાષાનું હાસ્યનું સર્વપ્રથમ ગંભીર પુસ્તક છે.

**(૫૩) રઘુવીર ચૌધરી (જન્મ : ૧૯૩૮), જન્મસ્થળ :** બાપુપુરા

ગુજરાત યુનિવર્સિટીમાં અધ્યાપનકાર્ય કરતા રઘુવીર ચૌધરીએ ઉત્કૃષ્ટ સાહિત્યસર્જન કર્યું છે. ઉપરાંત સાહિત્યિક પ્રવૃત્તિઓના પ્રસારમાં અને તેને લોકાભિમુખ બનાવવામાં તેમણે મહત્ત્વનો ફાળો આપ્યો છે. 'પૂર્વરાગ', 'પરસ્પર', 'પ્રેમઅંશ' અને 'અમૃતા' એ તેમની શ્રેષ્ઠ નવલકથાઓ છે. 'ઉપરવાસ', 'સહવાસ' અને 'અંતરવાસ' એ એમની મહત્ત્વાકાંક્ષી કથાત્રયી છે. 'તેડાગર', 'રુદ્રમહાલય', 'શ્રાવણી રાતે', 'લાગણી' અને 'ઈચ્છાવર' તેમની જાણીતી લઘુનવલો છે. 'તમસા' અને 'વહેતાં વૃક્ષ પવન' તેમના કાવ્યસંગ્રહો છે.

**(૫૪) ભગવતીકુમાર શર્મા (જન્મ : ૧૯૩૪), જન્મસ્થળ :** સુરત

ભગવતીકુમાર કવિ, નવલકથાકાર, વાર્તાકાર, નિબંધકાર, પત્રકાર-સંપાદક તરીકે જાણીતા છે. તેઓ ૧૯૫૫થી 'ગુજરાત મિત્ર' દૈનિકના તંત્રી વિભાગ સાથે સંલગ્ન છે. નવલકથા લેખનમાં એમનો ઊર્ધ્વગામી વિકાસ દેખાય છે. તેમની નવલકથાઓમાં કલ્પનાનિષ્ઠ શૈલી પ્રભાવક નીવડે છે. 'સમયદ્વીપ', 'અવ્યક્તમધ્ય', 'ઊર્ધ્વમૂલ', 'અસૂર્યલોક' વગેરે તેમની જાણીતી કૃતિઓ છે. તેમની 'અસૂર્યલોક' નવલકથાને રાષ્ટ્રીય સાહિત્યિક અકાદમીનો ઍવોર્ડ મળ્યો છે.

**(૫૫) વર્ષા અડાલજા (જન્મ : ૧૯૪૦), જન્મસ્થળ :** મુંબઈ

વર્ષા અડાલજા નવલકથાકાર, નાટ્યકાર, વાર્તાકાર તરીકે જાણીતા છે. 'શ્રાવણ તારાં સરવડાં', 'આતશ', 'ગાંઠ છૂટ્યાની વેળા' તેમની પ્રસિદ્ધ નવલકથાો છે. લઘુનવલોમાં 'મારે પણ એક ઘર હોય' 'રેતપંખી' અને 'ખરી પડેલો ટહુકો' સ્પર્શક્ષમ છે. એમની 'અણસાર' નવલકથાને રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીનું પારિતોષિક પ્રાપ્ત થયું છે.

**(૫૬) ડૉ. પ્રવીણ દરજી (જન્મ : ૧૯૪૪), જન્મસ્થળ :** મહેલોલ

ડૉ. પ્રવીણ દરજી કવિ, વિવેચક તેમજ સંપાદક તરીકે ખ્યાતિ પામ્યા છે. 'ચીસ' અને 'ઉત્સેધ' એમના જાણીતા કાવ્યસંગ્રહો છે. 'અડખેપડખે'માં લઘુ ચિંતનાત્મક નિબંધો અને 'લીલા પર્ણ'માં લલિત નિબંધો સંચિત છે. 'સ્પંદ', 'પશ્ચાત્', 'નવલકથા સ્વરૂપ', 'લલિત નિબંધ એમના વિવેચનસંગ્રહો છે. ગુજરાતી સાહિત્યમાં ઉત્કૃષ્ઠ સેવાઓ આપવા બદલ તેમને ભારત સરકાર તરફથી પદ્મશ્રી ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

**(૫૭) વીનેશ અંતાણી (જન્મ : ૧૯૪૬), જન્મસ્થળ :** માંડવી, કચ્છ

વીનેશભાઈ તેમનાં પ્રયોગશીલ સર્જનો માટે જાણીતા છે. તેમની કૃતિઓમાં જગતની અર્થશૂન્યતા અને માનવવ્યવહારની ક્ષુદ્રતાનું સચોટ નિરૂપણ જોવા મળે છે. ઈ.સ. ૨૦૦૦માં તેમને તેમની નવલકથા 'ધુંધભરી ખીણ' માટે રાષ્ટ્રીય સાહિત્ય અકાદમી 'ઍવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. 'એકાન્તદ્વીપ', 'પ્રિયજન', 'કાફલો', 'પોત પોતાનો વરસાદ', 'નગરવાસી' વગેરે તેમની પ્રસિદ્ધ કૃતિઓ છે.

**(૫૮) ધીરુબહેન પટેલ (જન્મ : ૧૯૨૬), જન્મસ્થળ :** વડોદરા

ધીરુબહેન પટેલ નવલકથાકાર, નાટકકાર, વાર્તાકાર તેમજ અનુવાદક તરીકે જાણીતા છે. તેમની રચનાઓમાં પ્રવાહી ભાષા, નારીહૃદયની ગૂઢ લાગણીઓનું આલેખન તથા માનવમનના ઊંડાણોને તાગવાની મથામણ દેખાઈ આવે છે. 'વડવાનલ', વાંસનો અંકુર', 'આગંતુક, 'ટાઢ', 'શીમળાનાં ફૂલ' વગેરે તેમની રચનાઓ છે. તેમની 'આગંતુક' નવલકથાને રાષ્ટ્રીય સાહિત્ય અકાદમીનું પારિતોષિક મળ્યું છે.

**(૫૯) કેશવરામ કાશીરામ શાસ્ત્રી (૧૯૦૫-૨૦૦૬), જન્મસ્થળ :** માંગરોળ

કે. કા. શાસ્ત્રીના નામથી પરિચિત એવા કેશવરામ કાશીરામ શાસ્ત્રી એક ચરિત્રલેખક, કોશકાર, સંશોધક, સંપાદક તેમજ અનુવાદક તરીકે જાણીતા છે. એમની લેખનપ્રવૃત્તિનો આરંભ સંસ્કૃત ગ્રંથોના સંપાદન અને અનુવાદથી થયો. પરંતુ એમનું વિશેષ સત્ત્વ વિકસ્યું જૂના ગુજરાતીના ગ્રંથોના સંપાદનમાં તથા ગુજરાતી હસ્તપ્રતોને આધારે મધ્યકાલીન ગુજરાતી કવિઓને લગતી માહિતીના સંકલનમાં. એમણે ગુજરાતી ભાષા, વ્યાકરણ અને કોશના સંદર્ભમાં પણ વિશેષ પ્રદાન કર્યું છે. 'ભાસનાં નાટકો', 'બૃહદ્ ગુજરાતી કોષ', 'આપણા કવિઓ', 'ગીતા દર્શન', 'ગીતા શતશ્લોકી,' 'ગુજરાતી ભાષાનો વિકાસ અને સ્વરૂપ' તથા 'શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજી' તેમની નોંધપાત્ર રચનાઓ છે. તેમને ૧૯૫૨માં રણજિતરામ સુવર્ણચંદ્રક, ૧૯૬૬માં 'વિદ્યાવાચસ્પતિ'ની સન્માનનીય પદવી, ૧૯૭૬માં પદ્મશ્રીનો ખિતાબ તેમજ ૧૯૭૭માં 'મહામહિમોપાધ્યાયની માનદ પદવીથી નવાજવામાં આવ્યા હતા.

**(૬૦) રાધેશ્યામ શર્મા (જન્મ : ૧૯૩૬), જન્મસ્થળ :** વાવોલ

ગુજરાતી સાહિત્યના લઘુનવલ ક્ષેત્રે રાધેશ્યામ શર્માનું નામ જાણીતું છે. 'ફેરો', 'સ્વપ્નતીર્થ', 'સાડા ત્રણ ફૂટની ઘટના', 'આંસુ અને ચાંદરણું' વગેરે તેમની ઉત્તમ સાહિત્યિક રચનાઓ છે. તેઓ 'યુવક', 'ધર્મસંદેશ' અને 'ધર્મલોક'ના સંપાદક તરીકે રહી ચૂક્યા છે. 'બીચારાં', 'બદસૂરત', 'પવન પાવડી' વગેરે તેમના ઉત્તમ વાર્તાસંગ્રહો છે. ગુજરાતી સાહિત્યમાં શ્રેષ્ઠ પ્રદાન બદલ તેમને વર્ષ ૨૦૦૪નો રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો.

**અન્ય શબ્દશિલ્પીઓ :**

**લઘુનવલના ક્ષેત્રે :** શિવકુમાર જોષી; મધુ રાય; પિનાકિન દવે; કિશોર જાદવ; ધીરેન્દ્ર મહેતા; કુંદનિકા કાપડિયા; સરોજ પાઠક; ઈવા ડેવ; મફત ઓઝા.

**કવિતા ક્ષેત્રે :** શ્રીધરાણી; હરિશ્ચંદ્ર ભટ્ટ; પ્રહ્લાદ પારેખ; બાલમુકુંદ દવે; વેણીભાઈ પુરોહિત; રાજેન્દ્ર શાહ; નિરંજન ભગત; પ્રિયકાન્ત મણિયાર; રાજેન્દ્ર શુક્લ; સિતાંશુ યશશ્ચન્દ્ર; મનહર મોદી; હેમંત દેસાઈ; હસમુખ પાઠક; નલિન રાવળ; ગુલામ મોહમ્મદ શેખ; મણિલાલ પટેલ; ચંદ્રકાન્ત શેઠ

**ગઝલના ક્ષેત્રે :** સ્વ. અમૃત ઘાયલ; સ્વ. મનોજ ખંડેરિયા; ચિનુ મોદી

**નવલકથા અને નવલિકા ક્ષેત્રે :** અશ્વિની ભટ્ટ; હરકિશન મહેતા; વિઠ્ઠલ પંડ્યા; ઉશનસ્; હસુ યાજ્ઞિક; અશોકપુરી ગોસ્વામી

**નાટકના ક્ષેત્રે :** શ્રીકાંત શાહ; મુકુંદ પરીખ; ઉત્પલ ભાયાણી; ઈન્દુ પુવાર; લવકુમાર દેસાઈ; ચં. પુ. વ્યાસ; હસમુખ બારાડી

**નિબંધાત્મક ગદ્યના ક્ષેત્રે :** અનંતરાય રાવળ; ધીરુભાઈ ઠાકર; રમણલાલ જોષી

**વિવેચનના ક્ષેત્રે :** ચંદ્રકાન્ત ટોપીવાળા; પ્રમોદકુમાર પટેલ; અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ; સુમન શાહ; જયંત કોઠારી; શિરીષ પંચાલ; નરેશ વેદ

**નાટ્યવિવેચનના ક્ષેત્રે :** જશવંત શેખડીવાળા; વિનોદ અધ્વર્યુ; સતીષ વ્યાસ; કૃષ્ણકાંત કડકિયા

**લલિત નિબંધના ક્ષેત્રે :** વાડીલાલ ડગલી; ગુણવંત શાહ; યશવંત દોશી; પ્રીતિ સેનગુપ્તા; દિગીશ મહેતા

હાસ્યના ક્ષેત્રે : ચીનુભાઈ પટવા; તારક મહેતા; મધુસૂદન પારેખ; રતિલાલ બોરીસાગર; રમણલાલ પાઠક; અશોક દવે; નિરંજન ત્રિવેદી; પલ્લવી મિસ્ત્રી

**ભાષા-વિજ્ઞાનના ક્ષેત્રે :** ડૉ. હરિવલ્લભ ભાયાણી; ડૉ. યોગેન્દ્ર વ્યાસ; શાંતિલાલ આચાર્ય

**ઈતિહાસ-સંશોધનના ક્ષેત્રે :** રત્નમણિરાવ ભીમરાવ; રામસિંહજી રાઠોડ; રસિકલાલ પરીખ; ભોગીલાલ સાંડેસરા; ચીનુભાઈ નાયક; પ્રવીણભાઈ પરીખ.

## ચિત્રકલા

**(૧) રવિશંકર રાવળ (૧૮૯૨-૧૯૭૭),**

**જન્મસ્થળ :** ભાવનગર

જ્યારે ચિત્રકલાના અસ્તિત્વનો કોઈને ખ્યાલ પણ ન હતો તે વખતે રવિશંકર રાવળે ગુજરાતમાં કલાસંસ્કારનું બીજારોપણ કરી પ્રજાનાં રસ-રુચિ કેળવ્યાં. તેમને બૉમ્બે આર્ટ સોસાયટીનો સુવર્ણચંદ્રક મળ્યો હતો. તેમણે અનેક સુંદર ચિત્રો, વ્યક્તિચિત્રો અને પ્રસંગચિત્રો બનાવી ગુજરાતની કલાસમૃદ્ધિમાં બહુમૂલ્ય ઉમેરો કર્યો. ઈ.સ. ૧૯૩૦માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્રક અને ઈ.સ. ૧૯૬૫માં ભારત સરકાર પદ્મશ્રીનો ખિતાબ આપ્યો હતો. તેઓ 'કલાગુરુ' તરીકેનું મહત્ત્વનું સ્થળ ધરાવે છે. તેમણે 'કુમાર' માસિક દ્વારા અનેક ચિત્રકારો તૈયાર કર્યા.

**(૨) કનુ દેસાઈ (૧૯૦૭-૧૯૮૦),**

**જન્મસ્થળ :** અમદાવાદ

ગુજરાતમાં 'કલા' શબ્દના પર્યાય તરીકે કનુ દેસાઈનું નામ વાત સુધી ટકી રહ્યું હતું. દિવાળી અંકોના મુખપૃષ્ઠો, દિવાળી કાર્ડ, કૅલેન્ડર ચિત્રો, અર્ધશિલ્પો વગેરે અનેક પ્રકારની કલાઅભિવ્યક્તિથી તે ગુજરાતભરમાં છવાઈ ગયા હતા. તેમણે ઈ.સ. ૧૯૩૦ની દાંડીયાત્રા ભાગ લીધો હતો. ઈ.સ. ૧૯૩૮માં તેમને રણજિતરામ સુવર્ણચંદ્ર મળ્યો હતો અને ઈ.સ. ૧૯૬૫માં ગુજરાત રાજ્ય તરફથી તેમનું સન્માન થયું હતું. કનુ દેસાઈની કલાનો વ્યાપ 'રામરાજ્ય' જેવી ફિલ્મ ફેલાયેલો છે.

**(૩) ખોડીદાસ પરમાર (જન્મ : ૧૯૩૦),**

**જન્મસ્થળ :** ભાવનગર

અદના માનવીના અંતરમાંથી, તેમની કોઠાસૂઝથી સહજ પ્રગટતી કલાશૈલીના સિદ્ધહસ્ત કલાકાર છે ખોડીદાસ પરમાર. તે લોકશૈલીની ચિત્રકલા પર હાથ અજમાવ્યો અને ખૂબ પ્રસિદ્ધિ કરી. તેમને વીસેક જેટલાં પારિતોષિકો મળ્યાં છે. તેમણે ગુજરાત લોકસાહિત્ય અને લોકકલાના વિષયો પર દસ પ્રકાશનો પ્રગટ કર્યા દેશભરનાં અડધો ડઝન જેટલાં મ્યુઝિયમ અને આર્ટ ગૅલેરીઓમાં તે ચિત્રો સંગ્રહાયેલાં છે.

**(૪) પિરાજી સાગરા (જન્મ : ૧૯૩૧),**

**જન્મસ્થળ :** અમદાવાદ

નિજી શૈલીનાં મબલખ ચિત્રસર્જનોના લીધે ગુજરાતના ચિત્રજગત પિરાજીનું આગવું સ્થાન છે. સુઘડ અને સફાઈદાર રેખાચિત્રો પેઈન્ટિંગથી તેમણે સારી પ્રસિદ્ધિ મેળવી છે. પોતાની કલાકૃતિ તેમણે રેતી તથા અન્ય પદાર્થોનો ઉપયોગ કર્યો છે. પિરાજીને સંખ્ય પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. એમાં કોલકાતાની ફાઇન આર્ટ્સ અકાદમી સુવર્ણચંદ્રકો તેમજ લલિતકલા અકાદમીનો નૅશનલ ઍવોર્ડ છે. પિરાજી સાગરાનાં ચિત્રો દેશમાં તેમજ પરદેશમાં અનેક સ્થળ પહોંચ્યાં છે.

**(૫) ભૂપેન ખખ્ખર (૧૯૩૪-૨૦૦૩),**

**જન્મસ્થળ :** મુંબઈ

ભૂપેન ખખ્ખરે પોતાની એક નવતર ચિત્રશૈલીનો આદિ કરી આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી છે. ઈ.સ. ૧૯૬૫માં ચિત્રોનું પ્રદર્શન યોજી તેમણે પોતાની કારકિર્દીનો પ્રારંભ કર્યો ઈ.સ. ૧૯૬૮માં ભારતના પ્રથમ 'ત્રિનાલે'માં તેમની કૃતિઓ દશ હતી. ઈ.સ. ૧૯૭૬માં તેમણે લંડન ખાતે એક સફળ પ્રદર્શન યોજ્યુ. ઈ.સ. ૧૯૮૪માં ભારત સરકારે તેમને પદ્મશ્રીનો ઍવૉર્ડ આપ્યો.

**(૬) બંસીલાલ વર્મા 'ચકોર' (૧૯૧૭-૨૦૦૩),**

**જન્મસ્થળ :** ચોટિયા (જિ. મહેસાણા)

મૌલિક વિચાર, વેધક કટાક્ષ અને ધારદાર પીંછીના સ્વામી બંસીલાલ વર્મા 'ચકોર' ઉપનામથી જાણીતા છે. તેમણે 'નવસૌરાષ્ટ્ર', 'પ્રજાબંધ', 'ગતિ', 'રેખા', 'હિન્દુસ્તાન', 'જનશક્તિ', 'જન્મભૂમિ' વગેરે અનેક પત્ર-પત્રિકાઓમાં કાર્ટૂનો દ્વારા રાજકારણીઓ અને સમાજ વિરોધી તત્ત્વોને હચમચાવી મૂક્યાં હતાં. ઈ.સ. ૧૯૭૮થી તેઓ 'સંદેશ' દૈનિકમાં પોતાની કાર્ટૂનકલા પિરસી રહ્યાં હતાં. કાર્ટૂન ઉપરાંત તેમણે ગતિશીલ ભાવાત્મક પ્રસંગચિત્રો પણ દોર્યા છે. બંસીભાઈને તેમનાં કાર્ટૂનો માટે અનેક પારિતોષિકો પ્રાપ્ત થયાં છે. તેમાં મોન્ટ્રીયલના કાર્ટૂન પ્રદર્શનમાં મળેલું પારિતોષિક યશકલગી સમાન છે.

**(૭) ચંદ્ર ત્રિવેદી (૧૯૨૨-૧૯૯૪),**

**જન્મસ્થળ :** ભાવનગર

ગુજરાતી વર્તમાનપત્રમાં સંખ્યાબંધ કાર્ટૂનો આપનાર ચંદ્ર ત્રિવેદી 'રાયજી'ના હુલામણા નામથી ઓળખાતા હતા. સુંદર આયોજન, કમનીય નારીપાત્રો અને સૌષ્ઠવપૂર્ણ પુરુષપાત્રોના આલેખનથી તેમનાં પ્રસંગચિત્રો ખૂબ જીવંત અને કથાસૌંદર્યને પૂરક બન્યાં હતાં. તેમનું મોટું પ્રદાન ચિત્રવાર્તાઓનું હતું. તેમણે 'ઝગમગ' બાલસાપ્તાહિકમાં ચિત્રવાર્તાઓથી બાળકોને ઘેલું લગાડ્યું હતું. તેમણે ચિત્રકામ ઉપરાંત કિશોરો માટેની વાર્તાઓ અને રાજકારણ સંબંધી લેખો પણ લખ્યાં હતાં.

**અન્ય ચિત્રકલાના આરાધકો :** શ્રી ધુરંધર; રાજા કવિ વર્મા; જગન્નાથ અહિવાસી; રવિભાઈ; રસિકલાલ પરીખ; છગનલાલ જાદવ; યજ્ઞેશ્વર શુક્લ; ભીખુ આચાર્ય; શાંતિ શાહ; દશરથ પટેલ; સોમાલાલ શાહ; વિનય ત્રિવેદી; માર્કંડ ભટ્ટ; જયોતિ ભટ્ટ; વૃંદાવન સોલંકી; મહેન્દ્ર પંડ્યા

## ગુજરાતના સ્થપતિઓ

**(૧) પ્રભાશંકર સોમપુરા (૧૯૯૬-૧૯૭૮)**

સોમપુરા શિલ્પીઓ પોતાની શિલ્પકલા માટે ભારતભરમાં ખૂબ જાણીતા છે. તેઓ શૈવ, વૈષ્ણવ અને જૈન ધર્મનાં અનેક રમણીય અને અમૂલ્ય કલાકૃતિથી શોભતાં મંદિરોના સર્જકો છે. પ્રભાસપાટણના સોમનાથ મંદિરનું નિર્માણ કરવા માટે મુખ્ય સ્થપતિ તરીકે પ્રભાશંકર સોમપુરાની વરણી થઈ હતી. તેમણે ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ, કેરલ, મધ્ય પ્રદેશ, પશ્ચિમ બંગાળ, પંજાબ વગેરે રાજ્યોમાં ભવ્ય દેવાલયો બાંધ્યાં છે. તેઓ ગુજરાતમાં સોમનાથ મંદિર (પુનરોદ્ધાર-પ્રભાસપાટણ), શામળાજી મંદિર (જીર્ણોદ્ધાર-શામળાજી), રાણી સતી મંદિર (અમદાવાદ), લકુલીશ મંદિર (કાયાવરોહણ), અંબાજી માતાનું મંદિર (અંબાજી), હસ્તગીરી દેરાસર ૭૨ જિનાલય (પાલિતાણા), પંચાસરા જૈન મંદિર (પાટણ) વગેરે સ્થાપત્યોના નિર્માતા છે. ઈ.સ. ૧૯૭૩માં ભારત સરકારે તેમને પદ્મશ્રીનો ઍવૉર્ડ આપીને સન્માન્યા હતા.

**(૨) કાન્તિભાઈ પટેલ (જન્મ : ૧૯૨૫)**

શિલ્પકલા ક્ષેત્રે ગુજરાત અને ભારતનું ગૌરવ વધારનાર કાન્તિભાઈએ તિલક વિદ્યાપીઠના શિલ્પાચાર્ય શ્રી મધે ગુરુજી પાસે કલાસાધના કરી હતી. તેમણે ૨૭ વર્ષની ઉંમરે વલ્લભવિદ્યાનગર ખાતેની સરદાર પટેલની ૪ મીટર ઊંચી કાંસ્ય પ્રતિમાનું સર્જન કર્યું હતું. ગાંધીજીની ૧૧૭મી જન્મજયંતિ પ્રસંગે કાન્તિભાઈએ બનાવેલું ગાંધીજીનું ૨.૫ મીટર ઊંચું બાવલું ન્યૂયૉર્કના મેનહટન વિસ્તારમાં ઊભું કરાયું છે.

**(૩) બાલકૃષ્ણ દોશી (જન્મ : ૧૯૨૭)**

લા. કારબુઝિયોના પ્રતિનિધિ અને સીનિયર ડિઝાઈનર તરીકે ચંડીગઢ અને ગાંધીનગરના નિર્માણમાં મુખ્ય ભાગ ભજવનાર શિલ્પી બાલકૃષ્ણ દોશીને લંડન અને અમેરિકાનાં અનેક મંડળો તરફથી ઍવૉર્ડ મળેલા છે. ભારત સરકારે તેમને પદ્મશ્રીથી નવાજ્યા છે. અમદાવાદમાં સ્કૂલ ઑફ આર્કિટેક્ચરની સ્થાપના અને એ સંસ્થાએ પ્રાપ્ત કરેલી પ્રતિષ્ઠા એ તેમનું અમૂલું પ્રદાન છે. તેમણે અનેક ભવનોના નિર્માણમાં મહત્ત્વની કામગીરી બજાવી છે. શ્રી દોશી ગુજરાતના, દેશના અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ઉત્તમ સ્થપતિ છે.

## ગુજરાતના સંગીત સાધકો

**(૧) સંગીતકાર આદિત્યરામ વ્યાસ (૧૮૧૯-૧૮૮૦). જન્મસ્થળ :** જૂનાગઢ

માત્ર નવ વર્ષની વયે આદિત્યરામના હલકદાર કંઠ અને મધુર અવાજની ખ્યાતિ સાંભળીને જૂનાગઢના નવાબે તેમને લખનઉના ઉસ્તાદ નન્નુમિયાં પાસે શાસ્ત્રીય સંગીતની તાલીમ લેવા મોકલ્યા. તાલીમ લઈને નિપુણ બનેલા આદિત્યરામને રાજ્યગાયક તરીકે નીમવામાં આવ્યા હતા. સંગીતકાર તરીકે આદિત્યરામની ખ્યાતિ ભારતની સંગીતની દુનિયામાં ખૂણે ખૂણે વ્યાપી ગઈ હતી.

**(૨) ઓમ્‌કારનાથ ઠાકુર (૧૮૯૭-૧૯૬૭).**

**જન્મસ્થળ :** જહાજ (જિ. ખેડા)

જન્મે, કર્મે તથા આચાર-વિચારે ગુજરાતી પંડિત ઓમ્‌કારનાથે, ભારતીય સંગીતની સાધના અને સિદ્ધિ દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય વ્યક્તિ તરીકે અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમણે પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કરની નિશ્રામાં સંગીતની આકરી સાધના કરી હતી. ઈ.સ. ૧૯૫૩માં બુડાપેસ્ટ ખાતે મળેલી 'વિશ્વ શાંતિ પરિષદ'માં તેમણે ભારતનું પ્રતિનિધિત્વ કરી ભારતીય સંસ્કૃતિનો વિજયધ્વજ ફરકાવ્યો હતો. ભજન અને ભાવગીતોની તેમની રજૂઆત અપૂર્વ હતી. તેમણે સંગીત વિષયક વિદ્વત્તાપૂર્ણ ગ્રંથો લખ્યા છે.

**(૩) મહારાણા જશવંતસિંહજી (૧૯૦૪-૧૯૮૧)**

ગુજરાતનાં રાજવી કુળોમાં સાણંદનરેશ જશવંતસિંહજીનું નામ સંગીતપ્રેમી અને સંગીતશાસ્ત્રના જ્ઞાતા તરીકે મોખરે છે. ભક્તિ અને સંગીત તેમને સંસ્કાર વારસામાં જ પ્રાપ્ત થયાં હતાં. તેમના દાદા જલતરંગવાદક હતા અને તેમના પિતા સંગીત તેમજ તબલાવાદનમાં રસ ધરાવતા હતા. તેમણે સંગીત, કંઠ્યસંગીત, સિતાર, રુદ્રવીણા અને વિચિત્રવીણાનું શિક્ષણ લીધું હતું. સાણંદબાપુના આ સંગીતપ્રેમને કારણે ભારતભરના ખ્યાતનામ સંગીતકારો તેમની પાસે આવતા.

**(૪) અવિનાશ વ્યાસ (૧૯૧૨-૧૯૮૪)**

શબ્દ અને સૂરની સરવાણી વહાવનાર તથા ગીત-ગરબાને ગુજરાતમાં ઘેર ઘેર ગૂંજતા કરનાર અવિનાશ વ્યાસનો જન્મ અમદાવાદમાં થયો હતો. તેમના ગીતની પહેલી રેકર્ડ ઈ.સ. ૧૯૪૦માં તૈયાર થઈ હતી. એમના શબ્દ અને બંદિશની ખૂબી એમની રચનાની સરળતામાં હતી, આથી જ તેમનાં ગીતો લોકહૈયે જડાઈ જતાં હતાં. તેમણે આશરે ૧૨,૦૦૦ ગીતો લખ્યાં છે અને એટલાં જ ગીતોને બંદિશ આપી છે. તેમણે ૧૭૫ ગુજરાતી ફિલ્મો સહિત ૨૫૦ ફિલ્મોમાં સંગીત આપ્યું છે. ઈ.સ. ૧૯૭૦માં ભારત સરકારે તેમને પદ્મશ્રીનો ઍવૉર્ડ આપ્યો હતો.

**(૫) નિનુ મઝમુદાર (જન્મ : ૧૯૧૫)**

તેઓ બાળપણમાં ઉસ્તાદ ફૈયાઝખાં તેમજ ઉસ્તાદ ઈમામલીખાન પાસે સંગીત શીખ્યા હતા. મુંબઈમાં તેઓ રવીન્દ્ર સંગીત અને બંસરીવાદન શીખ્યા. તેમણે ઈ.સ. ૧૯૩૭માં વારાણસી જઈ ઉત્તર હિંદુસ્તાની લોકસંગીત, ઠુમરી અને દાદરા શૈલીના સંગીતની આરાધના કરી.

ઈ.સ. ૧૯૫૪માં તેઓ સ્વરકિન્નરી કૌમુદી મુનશી સાથે લગ્નગ્રંથિથી જોડાયા. એમણે હિન્દી ફિલ્મ 'ગોપીનાથ' સહિત અનેક ફિલ્મોમાં સંગીત દિગ્દર્શક તરીકે કામ કર્યું છે. નિનુ મઝમુદારની ગીત બંદિશોમાં કાવ્ય અને સંગીતના ઊંડા રસની અભિવ્યક્તિ થાય છે.

**(૬) દિલીપ ધોળકિયા (૧૯૨૧-૨૦૧૧)**

ખ્યાતનામ સંગીતકાર દિલીપ ધોળકિયાનો જન્મ જૂનાગઢમાં થયો હતો. તેઓ સરકારી નોકરી છોડી ફિલ્મક્ષેત્રમાં જોડાયા. ગુજરાતી અને હિન્દી ફિલ્મો મળી કુલ ૩૫ ફિલ્મોમાં તેમણે સંગીત નિર્દેશક તરીકે કામ કર્યું છે, જેમાં 'કંકુ', 'મેના ગુર્જરી' અને 'ડાકુરાણી ગંગા' મુખ્ય છે.

**(૭) ક્ષેમુ દિવેટિયા (જન્મ : ૧૯૨૪)**

ઈ.સ. ૧૯૪૨થી તેમણે નાટકો અને ગરબાના કાર્યક્રમોમાં સંગીત નિર્દેશક તરીકે કામ કર્યું હતું. ઈ.સ. ૧૯૫૦થી આકાશવાણી ઉપરથી સંગીતરૂપકો અને તેમણે રચેલાં સ્વરાંકનો ગુજરાતના સંગીતરસિકોને સાંભળવા મળ્યાં હતાં. તેમણે અનેક નાટકોને સંગીતથી સજાવ્યાં હતાં અને 'કાશીનો દીકરો' ફિલ્મમાં કર્ણપ્રિય સંગીત આપ્યું હતું. ગુજરાત સરકારે તેમને અનેક પુરસ્કારો અને સંગીતના ઍવૉર્ડથી નવાજ્યા છે.

**(૮) પુરુષોત્તમ ઉપાધ્યાય (જન્મ : ૧૯૩૪)**

પોતાના કંઠની ઘેરી મધુરતાને લીધે પુરુષોત્તમ ઉપાધ્યાયે ગુજરાતમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમનામાં ગાયક તથા સ્વરકાર તરીકેની સ્વાભાવિક પ્રતિભા હતી, જે તક મળતાં પોષાઈ, અનુભવે પુષ્ટ થઈ અને ગુજરાતી ગીત મહેફિલોનું ઘરેણું બની. તેમણે ગુજરાત, ભારત અને વિદેશોમાં અનેક કાર્યક્રમો આપી લોકપ્રિયતા હાંસલ કરી છે.

**(૯) ગૌરાંગ વ્યાસ (જન્મ : ૧૯૪૦)**

છેલ્લા ત્રણ દાયકાથી સંગીતક્ષેત્રે મૂલ્યવાન સેવા આપનાર ગૌરાંગ વ્યાસને સંગીતના સંસ્કાર પિતા અવિનાશ વ્યાસ અને માતા વસુબહેન પાસેથી ગળથૂથીમાંથી જ મળ્યા છે. 'લાખો ફુલાણી' તેમની સંગીત નિર્દેશિત પ્રથમ ફિલ્મ હતી. ગુજરાત સરકારે તેમને ત્રણ ફિલ્મો માટે શ્રેષ્ઠ સંગીત નિર્દેશકનો ઍવૉર્ડ આપ્યો હતો.

**(૧૦) આસિત દેસાઈ (જન્મ : ૧૯૫૧)**

માતા મયૂરીબહેન અને પિતા કુંજબિહારી દેસાઈ પાસેથી ગળથૂથી જ સંગીતનો વારસો મેળવનાર આસિત દેસાઈએ તે વારસાને દીપાવી આંતરરાષ્ટ્રીય સીમાડા સર કર્યા છે. ભારતનાં તમામ રેડિયો અને ટી સ્ટેશનો પરથી તેમના કાર્યક્રમો નિયમિતપણે રજૂ થાય છે. ૨૫ ગુજરાત ફિલ્મોમાં તેમણે પાર્શ્વગીતો ગાયાં છે. 'સોનબાઈની ચૂંદડી' (૧૯૭૬) ગાયેલાં ગીતો માટે તેમને ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ પાર્શ્વગાયક ઍવૉર્ડ મળ્યો હતો. સર રિચાર્ડ એટનબરોની ફિલ્મ 'ગાંધી'માં 'રઘુપથ રાઘવ' ભજન આસિતે ગાયું હતું. ઈ.સ. ૧૯૮૨માં એશિયાડ પ્રસંગ તેમણે આપેલી સેવાઓ બદલ રાષ્ટ્રપતિએ તેમને 'એશિયાડ જ્યોતિ ચંદ્રક આપ્યો હતો, જે પદ્મશ્રી ઍવૉર્ડથી સમકક્ષ છે.

**(૧૧) પરેશ ભટ્ટ (૧૯૫૦-૧૯૮૩)**

પરેશ એક ઉત્તમ ગાયક, સ્વરકાર, અને અભિનેતા હતા. દસકાની કાર્યશીલ જિંદગીમાં તેમણે પચીસ-ત્રીસ વર્ષનું કામ કરી નાખ્યો એવો તેમનો ઉત્સાહ હતો. સુગમ સંગીતની દુનિયામાં એ છવાઈ ગયું હતા. એ જ્યાં જતા ત્યાં બધે પોતાની મોહિની પાથરી દેતા. તેમણે અસંખ્ય ગીતો ગાયાં, સ્વરરચનાઓ કરી, અનેક શિબિરો અને સંસ્કૃત કાર્યક્રમોમાં ભાગ લીધો. તેમણે સ્વરબદ્ધ કરેલાં ગીતોની એક શ્રાવ્ય કે પ્રગટ થઈ છે.

**(૧૨) દુલા ભાયા કાગ (૧૯૦૪-૧૯૭૭)**

લોકસાહિત્યના ઘૂઘવતા મહેરામણ સમા દુલા કાગ મહાન કવિ, કથાકાર અને લોકગાયક હતા. લોકસાહિત્યના ક્ષેત્રે તેઓ એક યુગનું સર્જન કરી ગયા. તેઓ 'કાગબાપુ' તરીકે લોકપ્રિય હતા. કવિ કાગના કંઠેથી વહેતી લોકસાહિત્યની ગંગાધારામાં નિમજ્જન કરવું એ એક લહાવો હતો. સંત મુક્તાનંદની કૃપાથી એમનામાં કવિતાની સરવાણી ફૂટી અને એમાંથી અલૌકિક કવિતાનો દરિયો ઘૂઘવતો થયો. એમની વાણી 'કાગવાણી' આઠ ભાગ અક્ષરદેહ પામી છે. કાગબાપુમાં

કંઠ, કહેણી અને કવિતાનો સુધી સમન્વય થયો હતો. ભારત સરકારે પદ્મશ્રીના પુરસ્કારથી એમનું બહુમાન કર્યું હતું.

**(૧૩) હેમુ ગઢવી (૧૯૨૯-૧૯૬૫)**

કસુંબલ ડાયરાને દરબારગઢમાંથી પ્રજાની વચ્ચે લાવવાનું યશકાર્ય કરનાર હેમુ ગઢવી દિવ્ય ગાયક હતા. ઝવેરચંદ મેઘાણીએ સંગ્રહી કરેલા લોકસાહિત્યને પોતાની અદ્‌ભુત ગાયકી દ્વારા ઘર ઘર સુધી લોકહૈયાં સુધી પહોંચાડવાનું શ્રેય હેમુ ગઢવીને ફાળે જાય છે. તે લોકગીતો, દુહા, છંદ વગેરેને પોતાની હલકદાર શૈલીમાં રજૂ કરી લો રસતરબોળ કરી મૂકતા હતા.

**સુગમ સંગીતના સાધકો :** રસિકલાલ ભોજક; ભાઈલાલ બારોટ; રાસવિહરી દેસાઈ; જનાર્દન રાવળ; નૈનેષ જાની; સૌ મુનશી; શ્યામલ મુનશી; સંજય ઓઝા; હર્ષિદા રાવળ; વિભા દેસાઈ સુધાબહેન દિવેટિયા; મધુસૂદન શાસ્ત્રી; સુરેશ જાની; બંસરી શશીકાન્ત; સરોજ ગુંદાણી; મુકુંદ વ્યાસ; રાજેન્દ્ર શાહ; કેતુમાન મૃદુલા પરીખ; જયશ્રી વોરા; માલતી લાંગે; બિપિન ચાચુ; જગદીપ વિરાણી; પુષ્પા છાયા; વિનુ વ્યાસ; પિનાકિન મહેતા; પ્રજ્ઞા છાયા; કૌમુદી મુનશી; સીમા ત્રિવેદી; જયેશ નાયક; પાર્થિવ ગોહિલ; સચિન લીમયે; આશીતા લીમયે.

**લોકસંગીતના સાધકો :** દાસી જીવણ; હોથી સુમરા; અભરામ ભગત; ઈસ્માઈલ વાલેરા; રવિ; ભાણ; મોરાર; રોહીદાસ; પીપાભગત; ત્રિકમ; પ્રેમસાહેબ; પિંગળશીભાઈ; શંકરદાનજી; મેઘાણંદ ગઢવી; મેરુભા મેઘાણંદ; પિંગળશી મેઘાણંદ; રતિકુમાર વ્યાસ; મધુસૂદન વ્યાસ; લાખા ગઢવી; બચુભાઈ ગઢવી; દિવાળીબહેન ભીલ; કરસન પઢિયાર; નાનજી મિસ્ત્રી; અનુપમ વ્યાસ.

## ૧. નોંધપાત્ર ગુજરાતી ફિલ્મો

- **'શેઠ સગાળશા'** (૧૯૧૭) : સર્વપ્રથમ મૂક ગુજરાતી ફિલ્મ-પ્રિન્ટ કાઢવાની પ્રક્રિયા સફળ ન થતાં આ ફઈલ્મ રજૂઆત પામી શકી નહિ.
- **'શ્રીકૃષ્ણ-સુદામા'** (૧૯૨૦) : ગુજરાતની પ્રાદેશિક - સાંસ્કૃતિક લાક્ષણિકતા ધરાવતી સર્વપ્રથમ ગુજરાતી મૂક ફિલ્મ
- **'નરસિંહ મહેતા'** (૧૯૨૦) : દ્વિતીય ગુજરાતી ફિલ્મ-આમાં કાનજીભાઈ રાઠોડે નરસિંહ મહેતાની ભૂમિકા ભજવી હતી.
- **'ભક્ત વિદૂર'** (૧૯૨૧) : ભારતની સર્વપ્રથમ ગુજરાતી રાજકીય ફિલ્મ-રાજકીય કારણોસર પ્રતિબંધિત થનાર ભારતની સર્વપ્રથમ ફિલ્મ
- **'કાળો નાગ'** (૧૯૨૩) : અપરાધ, રહસ્ય અને રોમાંચથી ભરપૂર ભારતની સર્વપ્રથમ ગુજરાતી ફિલ્મ
- **'મનોરમા'** (૧૯૨૩) : 'કલાપી'ની જાણીતી કાવ્યકૃતિ 'હૃદયત્રિપુટી'નું ફિલ્મી રૂપાંતર
- **'સમુદ્રમંથન'** (૧૯૨૪) : દિગ્દર્શક ચંપકરાય પટ્ટણીને આ ચિત્રના કેટલાંક સ્પેશિયલ ઈફેક્ટનાં દશ્યોની સિદ્ધિ માટે ઈ.સ. ૧૯૨૫માં ઈંગ્લૅન્ડની 'રૉયલ ફોટોગ્રાફી સોસાયટી'એ માનદ્ ઍસોશિયેટ નિયુક્ત કર્યા હતા.
- **'ચવચવનો મુરબ્બો' અને 'મુંબઈની શેઠાણી'** (૧૯૩૧) : ટૂંકી સવાક્ (બોલતી) ગુજરાતી ફિલ્મ
- **'નરસિંહ મહેતા (૭ એપ્રિલ, ૧૯૩૨)** : નિર્માતા : ચીમનભાઈ દેસાઈ, દિગ્દર્શક : નાનુભાઈ વકીલની સર્વપ્રથમ સવાક્ ગુજરાતી ફિલ્મ
- **'સતી સાવિત્રી' (૧૬ એપ્રિલ, ૧૯૩૨)** : નિર્માતા ચંદુલાલ શાહની દ્વિતીય સવાક્ ગુજરાતી ફિલ્મ. આમાં ગૌહરબાનુ અને ભગવાનદાસે અભિનય આપ્યો હતો.
- **'ફાંફડો ફિતૂરી'** (૧૯૪૦) : પ્રથમ ગુજરાતી સવાક્ રમૂજી ફિલ્મ
- **'રાણકદેવી'** (૧૯૪૬) : દિગ્દર્શક વી. એમ. વ્યાસની અત્યંત લોકપ્રિય ફિલ્મ
- **'ભક્ત સૂરદાસ'** (૧૯૪૭) : દિગ્દર્શક શાન્તિકુમાર દવેની નોંધપાત્ર ફિલ્મ - અરવિંદ પંડ્યા અભિનિત પ્રથમ ફિલ્મ
- **'મીરાંબાઈ'** (૧૯૪૭) : દિગ્દર્શક નાનાભાઈ ભટ્ટની નિરુપા રૉયની મુખ્ય ભૂમિકાવાળી ફિલ્મ

- ‘**કરિયાવર’ (૧૯૪૮)** : દિગ્દર્શક ચતુર્ભુજ દોશીની ગ્રામસમાજની પૃષ્ઠભૂમિવાળી સ્નેહકથા - દીના પાઠક અભિનિત પ્રથમ ફિલ્મ
- **‘મહેંદી રંગ લાગ્યો’ (૧૯૬૦)** : સૌપ્રથમ વાર ગુજરાત સરકાર તરફથી પ્રોત્સાહક પારિતોષિક મેળવનાર ફિલ્મ
- **‘હીરો સલાટ’ (૧૯૬૧)** : દિગ્દર્શક રામચંદ્ર ઠાકુરની આ ફિલ્મને ઈ.સ. ૧૯૬૧ની શ્રેષ્ઠ ફિલ્મનો ઍવૉર્ડ મળ્યો.
- **‘નંદનવન’ (૧૯૬૩) અને ‘કસુંબીનો રંગ’ (૧૯૬૯)** : રાષ્ટ્રપતિ તરફથી ગુણવત્તાનું પ્રમાણપત્ર મેળવનારી ફિલ્મો
- ‘અખંડ સૌભાગ્યવતી’ (૧૯૬૩-૬૪) : ગુજરાત સરકારે સૌપ્રથમ વાર આ ફિલ્મને કરમુક્તિ આપી.
- **‘લીલુડી ધરતી (૧૯૬૮)** : પ્રથમ રંગીન ગુજરાતી ફિલ્મ
- **‘કંકુ’ (૧૯૬૯)** : પન્નાલાલ પટેલની જાણીતી વાર્તા ‘કંકુ’ પર આધારિત દિગ્દર્શક કાંતિલાલ રાઠોડની ફિલ્મ. આ ફિલ્મની અભિનેત્રી પલ્લવી મહેતાને ઈ.સ. ૧૯૬૯ના શિકાગો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં શ્રેષ્ઠ અભિનેત્રીનો પુરસ્કાર મળ્યો. આ ફિલ્મને ઈ.સ. ૧૯૭૦માં શ્રેષ્ઠ પ્રાદેશિક ફિલ્મ તરીકેનો રાષ્ટ્રીય પુરસ્કાર પણ મળ્યો.
- **‘જેસલ-તોરલ’ (૧૯૭૧)** : રંગભૂમિના કલાકાર ઉપેન્દ્ર ત્રિવેદીની પ્રથમ ફિલ્મ
- **‘રાણકદેવી’ (૧૯૭૨)** : વડોદરા પાસે આવેલી ‘લક્ષ્મી ફિલ્મ સ્ટુડિયોઝ ઍન્ડ લૅબોરેટરીઝ’ની પ્રથમ ફિલ્મ
- **‘ગુણસુંદરીનો ઘરસંસાર’ (૧૯૭૨)** : ગોવર્ધનરામ ત્રિપાઠીની મહાનવલ ‘સરસ્વતીચંદ્ર’ના આધારે ગોવિંદ સરૈયાએ બનાવેલી એક સ્વચ્છ અને કલાત્મક ફિલ્મ
- **‘અછૂતનો વેશ’ (૧૯૭૮)** : દિલ્લી ખાતે આઠમા આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં આ ફિલ્મને રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો. ‘ન્યૂયૉર્ક મ્યુઝિયમ ઑફ મૉડર્ન આર્ટ’ દ્વારા આયોજિત આંતરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં આ ફિલ્મ પ્રદર્શિત થઈ. ફ્રાન્સમાં યોજાયેલા ત્રીજા યૂનેસ્કો આંતરરાષ્ટ્રીય ફિલ્મ મહોત્સવમાં આ ફિલ્મને ‘યુનેસ્કો હ્યુમન રાઇટ્સ’ ઍવૉર્ડ પ્રાપ્ત થયો. લંડનમાં યોજાયેલા ‘ન્યૂ ઇન્ડિયન સિનેમા’ ઉત્સવમાં આ ફિલ્મ દર્શાવવામાં આવી હતી.
- **‘મહિયરની ચૂંદડી’ (૧૯૮૩)** : દિગ્દર્શક વિભાકર મહેતાની આ ફિલ્મને ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ ફિલ્મનું દ્વિતીય પારિતોષિક મળ્યું. હિંદી (સાજન કા ઘર) સહિત ભારતની નવ ભાષાઓમાં આ ફિલ્મની વાર્તા પર આધારિત ફિલ્મો બની. ‘માહેરચી સાડી’ મરાઠી ફિલ્મોના ઇતિહાસમાં સૌથી વધુ સફળ ફિલ્મ હતી.
- **‘હું હુંશી હુંશીલાલ’ (૧૯૯૩)** : દિગ્દર્શક સંજીવ શાહની વર્તમાન રાજકારણ પર વ્યંગ કરતી પ્રયોગાત્મક ફિલ્મ. ઈ.સ. ૧૯૯૩માં દિલ્લી ખાતે યોજાયેલા ભારતના આંતરરાષ્ટ્રીય ફિલ્મોત્સવમાં આ ફિલ્મ દર્શાવાઈ હતી.
- **‘માનવીની ભવાઈ’ (૧૯૯૪)** : પન્નાલાલ પટેલની જ્ઞાનપીઠ પારિતોષિક મેળવનાર નવલકથા પર આધારિત ફિલ્મ
- **‘દેશ રે જોયા દાદા પરદેશ જોયા’ (૧૯૯૮)** : નિર્માતા ગોવિંદભાઈ પટેલની ટિકિટબારી પર અભૂતપૂર્વ સફળતા મેળવનાર ફિલ્મ
- **‘દરિયા છોરું’ (૧૯૯૮)** : દિગ્દર્શક વિપુલ શાહની ૩૫ MM સિનેમા સ્કૉપમાં બનેલી પ્રથમ ગુજરાતી ફિલ્મ
- **‘સાદ’ (૧૯૯૮)** : પર્યાવરણ અને પ્રકૃતિ પ્રત્યે પ્રેમ વ્યક્ત કરતી મૂક ફિલ્મ. આ ફિલ્મને ગુજરાત સરકાર તરફથી શ્રેષ્ઠ ફિલ્મનું પારિતોષિક એનાયત થયું પરંતુ આ ફિલ્મ છબીઘરો સુધી પહોંચી શકી નહિ.
- **‘દીકરીનો માંડવો’ (૨૦૦૦)** : નિર્માતા સવજીભાઈ સતાણીની આ ફિલ્મને શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ તરીકે અને અભિનેત્રી મોના થીબાને શ્રેષ્ઠ અભિનેત્રી તરીકેનો ઍવૉર્ડ મળ્યો.

➤ કરમુક્તિ યુગમાં ઉપેન્દ્ર ત્રિવેદી ૪૫ જેટલી ફિલ્મોમાં અભિનેતા રહ્યા. અભિનેત્રી સ્નેહલતા સાથે તેમણે ૨૮ ફિલ્મોમાં કામ કરી નવો વિક્રમ સ્થાપ્યો.

## ૨. ભારતીય ફિલ્મઉદ્યોગમાં ગુજરાતીઓ

**૧. દિગ્દર્શક :** સરદાર ચંદુલાલ, દલસુખ પંચોલી, વિજય ભટ્ટ, સોહરાબ મોદી, મહેબૂબ ખાન, ગોવિંદ સરૈયા, કાંતિલાલ રાઠોડ, કેતન મહેતા, મનમોહન દેસાઈ, મહેશ ભટ્ટ, પ્રવીણ ભટ્ટ, વિક્રમ ભટ્ટ, મેહુલકુમાર, અબ્બાસ મુસ્તાન, ઈન્દ્રકુમાર, સંજય લીલા ભણશાલી, વિપુલ શાહ, સંજય ગઢવી, નીરજ વોરા, સંજય છેલ વગેરે.

**૨. સંગીત નિર્દેશક :** અવિનાશ વ્યાસ, કલ્યાણજી આણંદજી, વીજુ શાહ, ગૌરાંગ વ્યાસ.

**૩. કલાનિર્દેશક :** કનુ દેસાઈ

**૪. કલાકારો :** દ્વારકાદાસ સંપટ, માણેકલાલ પટેલ, હોમી માસ્ટર, દિનશા બિલીમોરીયા, કેકી અડાજણીયા, ફાતમા બેગમ, ઝૂબેદા, કૃષ્ણકાંત, સોહરાબ મોદી, આશા પારેખ, પ્રતાપ ઓઝા, નિરુપા રૉય, સંજીવકુમાર, વી. એસ. દેસાઈ, દીના પાઠક, ઉપેન્દ્ર ત્રિવેદી, અરુણા ઈરાની, ઊર્મિલા ભટ્ટ, બિન્દુ, પરેશ રાવલ, સુપ્રિયા પાઠક, સિદ્ધાર્થ રાંદેરીયા, દેવેન ભોજાણી, શર્મન જોષી, ડિમ્પલ કપાડિયા, અરવિંદ રાઠોડ, દેવેન વર્મા, ફારૂખ શેખ, નિમેષ દેસાઈ, ગોપી દેસાઈ, મલ્લિકા સારાભાઈ, પરવીન બાબી, જેકી શ્રોફ, અરવિંદ જોષી, જુગલ હંસરાજ, જયંતી પટેલ, મહાવીર શાહ, રત્ના પાઠક, સમીર ખખ્ખર, સંજય ગોરડીયા, અમૃત પટેલ, હોમી વાડિયા, રુબી પટે, શરદ સ્માર્ત, પ્રવીણ જોષી, રાજેશ જોષી, દિનેશ હિંગુ, સુજાતા મહેતા, આદિત્ય લાખિયા, ખુરુશ દેબુ, ટીકુ તલસાણીયા, સ્વરૂપ સંપટ, રાજુ બારોટ વગેરે.

ફિલ્મ નિર્માણક્ષેત્રે અનેક ગુજરાતીઓએ પોતાનું યોગદાન આપ્યું છે.

## ૧. ગુજરાતી ભાષાની પ્રથમ કૃતિઓ

**આત્મકથા :** મારી હકીકત, નર્મદ

**ઈતિહાસ :** ગુજરાતનો ઈતિહાસ, પ્રાણલાલ એદલજી ડોસા

**કાવ્યસંગ્રહ (સંપાદન) :** ગુજરાતી કાવ્યદોહન, દલપતરામ

**જીવનચરિત્ર :** કોલંબસનો વૃત્તાંત, પ્રાણલાલ મથુરદાસ

**નાટક :** લક્ષ્મી, દલપતરામ

**પ્રબંધ :** કાન્હડદે પ્રબંધ, પદ્મનાભ (૧૪૫૬)

**પંચાંગ :** સંવત ૧૮૭૧નું ગુજરાતી પંચાંગ

**બારમાસી કાવ્ય :** નેમિનાથ ચતુષ્પદિકા, વિનયચંદ્ર

**નવલકથા :** કરણઘેલો, નંદશંકર મહેતા

**મહાનવલ :** સરસ્વતીચંદ્ર, ગોવર્ધનરામ ત્રિપાઠી

**મનોવિજ્ઞાન :** ચિત્તશાસ્ત્ર, મણિલાલ નભુભાઈ દ્વિવેદી

**મુદ્રિત પુસ્તક :** વિદ્યાસંગ્રહ પોથી

**રાસ :** ભરતેશ્વર બાહુબલિરાસ, શાલિભદ્રસૂરિ (૧૧૮૫)

**વાચનમાળા :** હોપ વાચનમાળા

**ફાગુ કાવ્ય :** સિરિથૂલિભદ્દ ફાગુ, જિનપદ્મસૂરિ (૧૩૩૪)

**ઋતુ કાવ્ય અને શૃગાંર કાવ્ય :** વસંતવિલાસ (૧૪૫૨)

**રૂપક કાવ્ય :** ત્રિભુવનદીપક પ્રબંધ, જયશેખરસૂરિ

**લોકવાર્તા :** હંસરાજ-વચ્છરાજ ચઉપઈ, વિજયભદ્ર (૧૩૫૫)

## ૨. મધ્યયુગના સાહિત્યકારો

રાસ યુગ

**વજ્રસેનસૂરિ :** ભરતેશ્વર બાહુબલિઘોર (૧૧૭૦)

**શાલિભદ્રસૂરિ :** ભરતેશ્વર બાહુબલિઘોર (૧૧૭૦)

**ધર્મસૂરિ :** જંબૂસામિચરિય (૧૨૧૦)

**વિજયસેમસૂરિ :** રેવંતગિરિરાસ (૧૨૩૧)

**વિનયપ્રભરચિત :** ગૌતમ રાસ (૧૩૫૬)

**વિનયચંદ્ર :** નેમિનાથ ચતુષ્પદિકા (૧૩૫૬)

**જિનપદ્મસૂરિ :** સિરિથૂલિભદ્દ ફાગુ (૧૩૩૪)

**રાજશેખરસૂરિ :** નેમિનાથ ફાગુ (૧૩૪૯)

**વિજયભદ્ર** : હંસરાજ-વચ્છરાજ ચઉપઈ (૧૩૫૫)

**અસાઈત** : હંસાઉલી (૧૩૭૦)

**ભીમદેવ** : સદયવત્સચરિત (૧૪૧૦)

**સંગ્રામસિંહ** : આરાધના (૧૨૭૪)

ભક્તિ યુગ

**નરસિંહ મહેતા** : સુદામાચરિત્ર, શામળશાનો વિવાહ

**પદ્મનાભ** : કાન્હડદે પ્રબંધ (૧૪૫૬)

**ભાલણ** : દશમસ્કંધ, નળાખ્યાન, દુર્વાસા આખ્યાન, કાદંબરી

**ભીમ** : પ્રબોધપ્રકાશ (૧૪૯૦)

**મીરાંબાઈ** : આત્મચરિત્રાત્મક પદો, કૃષ્ણલીલા અને પ્રાર્થનાનાં પદો, વિરહ અને મિલનનાં પદો

**નાકર** : હરિશ્ચંદ્રાખ્યાન, શુકદેવાખ્યાન

**કાયસ્થ ભગવાનદાસ** : યોગવાસિષ્ઠ, એકાદશસ્કંધ

**અખો** : અનુભવબિંદુ, અખેગીતા

**ભાણદાસ** : હસ્તામલક, બારમાસ, પ્રહ્લાદ આખ્યાન

**શિવદાસ** : પરશુરામ આખ્યાન

**મુરારિ** : ઈશ્વરવિવાહ

**ગોવિંદ** : સુધન્વાખ્યાન

**માધવ** : આદિપર્વ

**વિશ્વનાથ જાની** : મોસાળચરિત્ર

**પ્રેમાનંદ** : અભિમન્યુ આખ્યાન, ચંદ્રહાસ આખ્યાન, ઓખાહરણ, નળાખ્યાન

**ઋષભદાસ** : કુમારપાળ રાસ, હિતશિક્ષારાસ

**સમયસુંદર** : વસ્તુપાલ-તેજપાલ રાસ

**વલ્લભ મેવાડો** : આનંદના ગરબા, આરાસુરના ગરબા

**શામળ ભટ્ટ** : સિંહાસન બત્રીસી, સુડા બહોતેરી

**જીવરામ ભટ્ટ** : જીવરાજ શેઠની મુસાફરી

**પ્રીતમ** : જ્ઞાનગીતા, પ્રેમપ્રકાશ

**મીઠું** : રાસરસ

**ધીરો** : રણયજ્ઞ, અશ્વમેધ

**ભોજો** : ચેલૈયા આખ્યાન, નાની ભક્તમાળ

**સહજાનંદ સ્વામિ** : વચનામૃત

**મુક્તાનંદ** : મુકુંદબાવની

**દયારામ** : રસિકવલ્લભ, પ્રેમરસગીતા, પ્રેમપરીક્ષા

## ૩. અર્વાચીન યુગના સાહિત્યકારો

**દલપતરામ** : દલપતકાવ્ય:ભાગ ૧ અને ૨, ફાર્બસવિરહ, મિથ્યાભિમાન, લક્ષ્મી, દલપતપિંગળ, કાવ્યદોહન, ભૂતિનિબંધ, જ્ઞાતિનિબંધ, દૈવજ્ઞદર્પણ, બાલવિવાહ નિબંધ, શામળ સતસઈ, કથન સપ્તશતી, તાર્કિક બોધ

**નર્મદશંકર દવે (ગુજરાતી ગદ્યના પિતા)** : મારી હકીકત, રાજ્યરંગ, નર્મકવિતા, નર્મગદ્ય, અલંકારપ્રવેશ, નર્મકોશ, નર્મવ્યાકરણ, રસપ્રવેશ, નર્મકથાકોશ, ઉત્તર નર્મદચરિત્ર, ધર્મવિચાર, કૃષ્ણકુમારી, શ્રી દ્રોપદી દર્શન, સીતાહરણ, શ્રી સારશાકુન્તલ, કવિ અને કવિતા, કવિચરિત્ર, સજીવારોપણ, મેવાડની હકીકત, પિંગળપ્રવેશ

**નવલરામ પંડ્યા** : ભટનું ભોપાળું, કવિજીવન, નિબંધરીતિ, જનાવરની જાન

**નંદશંકર મહેતા** : કરમઘેલો

**ભોળાનાથ સારાભાઈ** : અભંગમાળા

**મહીપતરામ નીલકંઠ** : ઈંગ્લૅન્ડની મુસાફરી વર્ણન, વનરાજ ચાવડો

**રણછોડભાઈ દવે** : લલિતાદુઃખ દર્શક

## ૮. ગુજરાતના દીવડા

**(૧) કચકડાના કસબીઓ** : જગત મહેતા; અશ્વિન મહેતા; બળવંત ભટ્ટ; દત્તા ખોપકર; શ્રીદામ ભટ્ટ; મફતલાલ દૂધિયા; માલી; લાલજીભાઈ પોમલ; પ્રાણલાલ પટેલ; દલવાડી; હેમંત શાહ; ધીરજ ચાવડા; સુલેમાન પટેલ; ઝવેરીલાલ મહેતા; જી. એચ. માસ્ટર અનુભાઈ; સમત ઝવેરી; પ્રફુલ ઠાકર; ઈકબાલ વૉઝ; હર્ષદ ઝાટકીયા જયેન્દ્ર ઝાટકીયા

(૨) **હાસ્ય કલાકારો :** શ્યામસુંદર પુરોહિત; કાંતિ પટેલ; જગદીશ પંડ્યા; દિનેશ શુક્લ; મહેશ શાસ્ત્રી; દિનકર મહેતા; કિરીટ વ્યાસ; અરુણ પંડ્યા; મહેશ વૈદ્ય; અતુલ ભુપેન્દ્ર; નિરવ મહેતા; શાહબુદ્દીન રાઠોડ; વસંત પરેશ; હરસુર ગઢવી; વિનુ ચાર્લી; ઠાકોરભાઈ જોષી

(૩) **વિજ્ઞાન-સંશોધકો :** ત્રિભુવનદાસ ગજ્જર, ભગવાન લાલ ઇન્દ્રજી, જયકૃષ્ણ ઇન્દ્રજી, ડૉ. હોમી એન. શેઠના, ડૉ. હોમી ભાભા, સામ પિત્રોડા, ડૉ. વિક્રમ સારાભાઈ

(૪) **શિક્ષણના સાધકો :** મુનિ પુણ્યવિજયજી, હસમુખ સાંકળિયા, સલીમ અલી, હરિનારાયણ આચાર્ય, રત્નમણિરાવ જોટે, નાનાભાઈ ભટ્ટ, ભાઈલાલભાઈ પટેલ, મગનભાઈ દેસાઈ

(૫) **ઉદ્યોગપતિઓ :** જમશેદજી જીજીભાઈ, પ્રેમચંદ રાયચંદ, રા. બ. રણછોડલાલ છોટાલાલ, નાનજીભાઈ કાલિદાસ મહેતા, જમશેદજી તાતા, કસ્તૂરભાઈ લાલભાઈ, અંબાલાલ સારાભાઈ, સુમતિ મોરારજી, ધીરુભાઈ અંબાણી

(૬) **દેશસેવકો-સમાજસેવકો :** દાદાભાઈ નવરોજી, શ્યામ કૃષ્ણ વર્મા, સરદારસિંહ રાણા, મૅડમ ભિખાઈજી કામા, મહાદેવભ દેસાઈ, વિઠ્ઠલભાઈ પટેલ, કિશોરલાલ મશરૂવાળા, ઠક્કરબાપા, સરદાર વલ્લભભાઈ પટેલ, જુગતરામ દવે, રવિશંકર મહારાજ, છોટુભાઈ પુરાણી, ઇન્દુલાલ યાજ્ઞિક, ડૉ. જીવરાજ મહેતા, મોરારજી દેસાઈ, ઉચ્છંગરાય ઢેબર, એચ. એમ. પટેલ, ડૉ. આઈ. જી. પટેલ, ભુલાભાઈ જી. દેસાઈ, પુષ્પાબહેન મહેતા, મૃદુલા સારાભાઈ, જામ રણજી, જનરલ રાજેન્દ્રસિંહ, જનરલ માણેકશા

- **અંબાલાલ દેસાઈ :** શાંતિદાસ
- **ગણપતરામ ભટ્ટ :** પ્રતાપ નાટક
- **અનંતપ્રસાદ વૈષ્ણવ :** રાણકદેવી
- **નથુરામ શુક્લ :** કાવ્યશાસ્ત્ર, નાટ્યશાસ્ત્ર
- **મગનલાલ વખતચંદ :** અમદાવાદનો ઇતિહાસ
- **બહેરામજી મલબારી :** નીતિવિનોદ, અનુભવિકા
- **જહાંગીર મર્ઝબાન :** અક્કલના સમુંદર
- **ગોવર્ધનરામ ત્રિપાઠી :** સરસ્વતીચંદ્ર-ભાગ ૧ થી ૪, સ્નેહમુદ્રા, લીલાવતી જીવનકલા, સાક્ષરજીવન, સ્ક્રૅપ બુક, કવિ દયારામનો અક્ષરદેહ
- **મણિલાલ દ્વિવેદી :** કાન્તા, નૃસિંહાવતાર, અમર આશા, ગુલાબસિંહ, સુદર્શન, ગદ્યાવલી, પ્રાણવિનિમય, નારી પ્રતિષ્ઠા, ગુજરાતના બ્રાહ્મણો, સિદ્ધાંતસાર, માલતીમાધવ, ઉત્તરામચરિત (રૂપાંતર), આત્મનિમજ્જન, પ્રેમજીવન, શિક્ષાશતક
- **બાળાશંકર કંથારિયા :** કલાન્ત કવિ, હરિપ્રેમ પંચદશી
- **કેશવલાલ ધ્રુવ :** મેળની મુદ્રિકા, સાહિત્ય અને વિવેચન
- **આનંદશંકર ધ્રુવ :** આપણો ધર્મ, વિચારમાધુરી, કાવ્યતત્ત્વ વિચાર, સાહિત્યવિચાર, હિંદુ ધર્મની બાળપોથી, ધર્મવર્ણન, હિંદુ (વેદ) ધર્મ, દિગ્દર્શન.
- **નરસિંહરાવ દિવેટિયા :** કુસુમમાળા, નૂપુરઝંકાર, સ્મરણસંહિતા, મનોમુકુર-ભાગ ૧ થી ૪, સ્મરણમુકુર, નરસિંહરાવની રોજનીશી, ગુજરાતી લૅંગ્વેજ ઍન્ડ લિટરેચર-ભાગ ૧ અને ૨, વિવર્તલીલા, તરંગલીલા, હૃદયવીણા, પ્રેમળજયોતિ
- **રમણભાઈ નીલકંઠ :** રાઈનો પર્વત, ભદ્રંભદ્ર, શોધમાં, હાસ્યમંદિર, કવિતા અને સાહિત્ય-ભાગ ૧ થી ૪, ધર્મ અને સમાજ-ભાગ ૧ અને ૨
- **મણિશંકર ભટ્ટ :** સાગર અને શશી, પૂર્વાલાપ, રોમન સ્વરાજ્ય, ગુરુ ગોવિંદસિંહ, દુઃખી સંસાર, શિક્ષણનો ઇતિહાસ, પ્રેસિડેન્ટ લિંકનનું ચરિત્ર, સંવાદમાલા, સિદ્ધાંતસારનું અવલોકન, હીરામાણેકની મોટી એક ખાણ, કુમાર અને ગૌરી, ઉદ્‌ગાર, અતિજ્ઞાન, વસંતવિજય, ચક્રવાક મિથુન
- **સુરસિંહજી ગોહિલ :** કલાપીનો કેકારવ, બિલ્વમંગળ, કલાપીની પત્રધારા, કશ્મીરનો પ્રવાસ, સ્વીડનબોર્ગના વિચારો, માયા અને મુદ્રિકા, હમીરજી ગોહિલ, હૃદયત્રિપુટી, ભરત

- **ન્હાનાલાલ દલપતરામ :** વિરાટનો હિંડોળો, હરિદર્શન, હરિસંહિતા - ભાગ ૧ થી ૩, કવિશ્વર દલપતરામ, આપણાં સાક્ષરરત્નો, કેટલાંક કાવ્યો-ભાગ ૧ થી ૩, ન્હાના ન્હાના રાસ-ભાગ ૧ થી ૩, સાહિત્યમંથન, ચિત્રદર્શનો, ગીતમંજરી, બાળકાવ્યો, મહેરામણનાં મોતી, વસંતોત્સવ, પ્રાણેશ્વરી, વિલાસની શોભા, પિતૃતર્પણ, કુરુક્ષેત્ર, ઉષા, સારથિ
- **બલવંતરામ ઠાકોર :** ભણકાર ધારા ૧, મ્હારાં સૉનેટ, એક તોડેલી ડાળ
- **અરદેશર ખબરદાર :** ભજનિકા, કલ્યાણિકા, ગાંધી બાપુનો પવાડો
- **દામોદર બોટાદકર :** કલ્લોલિની, સ્તોતસ્વિની, નિર્ઝરિણી
- **હરિ હર્ષદ ધ્રુવ :** કુંજવિહાર, પ્રવાસ પુષ્પાંજલિ
- **ત્રિભુવન પ્રેમશંકર :** વિભાવરી સ્વપ્ન
- **ભોગીન્દ્રરાવ દિવેટિયા :** ઉષાકાન્ત, કૉલેજિયન
- **ગાંધીજી :** સત્યના પ્રયોગો, દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ બાપુના પત્રો
- **કાકા કાલેલકર (સવાઈ ગુજરાતી) :** ઓતરાતી દીવાલો, જીવનલીલા હિમાલયનો પ્રવાસ, રખડવાનો આનંદ, જીવનનો આનંદ, જીવ-ભારતી, પૂર્ણરંગ, જીવનસંસ્કૃતિ, ગીતાધર્મ, સ્મરણયાત્રા, જીવનચિંતન, જીવતા તહેવારો, જીવન પ્રદીપ
- **કિશોરલાલ મશરૂવાળા :** જીવનશોધન, કેળવણીના પાયા, અહિંસા વિવેચન
- **મહાદેવ દેસાઈ :** વીર વલ્લભભાઈ, બારડોલી સત્યાગ્રહનો ઇતિહાસ મહાદેવભાઈની ડાયરી-ભાગ ૧થી ૨૩
- **નરહરિ પરીખ :** માનવ અર્થશાસ્ત્ર
- **રવિશંકર શુક્લ :** સરિતાથી સાગર
- **કનૈયાલાલ મુનશી :** વેરની વસૂલાત, પાટણની પ્રભુતા, ગુજરાતનાથ, રાજાધિરાજ, સ્વપ્નદ્રષ્ટા, પૃથિવીવલ્લભ, કાકાની શશી કૃષ્ણાવતાર-ભાગ ૧થી ૮
- **રમણલાલ દેસાઈ :** જયંત, શિરીષ, કોકિલા, હૃદયનાથ, ભારેલો અગ્નિ, કાંચન અને ગેરુ
- **ગૌરીશંકર જોષી :** શામળશાનો વિવાહ, ગોમતીદાદાનું ગૌરવ, તણખામંડળ-ભાગ ૧થી ૪, ભૈયાદાદા, પૃથ્વી અને સ્વર્ગ, પોસ્ટ-ઑફિસ, ચૌલાદેવી, આમ્રપાલી, વૈશાલી
- **રામનારાયણ પાઠક :** ખેમી, દ્વિરેફની વાતો-ભાગ ૧થી સાહિત્યલોક, બૃહત્ પિંગળ, કાવ્યની શક્તિ, સાહિત્ય, ગોવિંદગુરૂ વિમર્શ, એક પ્રશ્ન, મુકુન્દરાય, જક્ષણી, શેષનાં કાવ્યો, ઉદધિ મનોવિહાર.
- **ઝવેરચંદ મેઘાણી :** સિંધુડો, શિવાજીનું હાલરડું, કોઈનો લાડકવાયા યુગવંદના, સોરઠ તારાં વહેતાં પાણી, વેવિશાળ, માણસાઈના દીવા, સૌરાષ્ટ્રની રસધાર-ભાગ ૧થી ૫,
- રઢિયાળી રાત-ભાગ ૧થી ૪
- **ગુણવંતરાય આચાર્ય :** અખોવન, આપઘાત, અલ્લાબેલી
- **ચુનીલાલ શાહ :** કર્મયોગી રાજેશ્વર, વિષચક્ર, તપોવન, જિગર અને અમી
- **ધનસુખલાલ મહેતા :** છેલ્લો ફાલ, સર્જનને આરે, સ્નેહનાં ઝેર, દસ મિનિટ, આથમતે અજવાળે
- **બાલાભાઈ દેસાઈ :** ભગવાન ઋષભદેવ, ભાગ્યનિર્માણ, માદરે કંચન અને કામિની, ગીતગોવિંદનો ગાયક
- **મનુભાઈ જોધાણી :** જનપદ શ્રેણી, ખાટીમીઠી બાળવાતો, કુમાર પ્રવાસકથા, પાદરની વનસ્પતિ, આંગણાનાં પંખી
- **શારદાબહેન મહેતા :** જીવનસંભારણાં
- **હંસાબહેન મહેતા :** અરુણનું અદ્ભુત સ્વપ્ન
- **લીલાવતી મુનશી :** કુમારદેવી અને બીજાં નાટકો
- **ત્રિભુવનદાસ લુહાર :** કાવ્યમંગલા, કડવી વાણી, યાત્રા, મુદિતા, ઉત્કંઠા, લોકલીલા
- **ઉમાશંકર જોષી :** વિશ્વશાંતિ, એક ચુસાયેલા ગોટલા, ધાણીનું નિશીથ, અભિજ્ઞા, પ્રાચીના, સાપના ભારા, હવેલી, ઉઘાડી બારી

- **કૃષ્ણલાલ શ્રીધરાણી :** કોડિયાં, પુનરપિ, વડલો, પિયો ગૌરી
- **ઈન્દુલાલ ગાંધી :** આંધળી માનો કાગળ
- **પ્રેમશંકર ભટ્ટ :** ધરિત્રી, તીર્થોદક, શ્રીમંગલ, પ્રેમામૃત
- **રામપ્રસાદ શુક્લ :** વિનાશ અને વિકાસ
- **ચંદ્રવદન મહેતા :** યમલ, આગગાડી, ધરા ગુર્જરી, સંતાકૂકડી, ખમ્મા બાપુ
- **જયંતિ દલાલ :** સોયનું નાકું, અંધારપટ, ગાલનું કાજળ, સ્વર્ગકંપ, માની દીકરી, દ્રૌપદીનો સહકાર
- **યશવંત પંડ્યા :** મદનમંદિર, રસજીવન, શરતના ઘોડા
- **મનુભાઈ પંચોલી :** દીપનિર્વાણ, ઝેર તો પીધાં છે જાણી જાણી, સૉક્રેટિસ
- **પન્નાલાલ પટેલ :** મળેલા જીવ, માનવીની ભવાઈ, સાચાં શમણાં, જિંદગીના ખેલ, સુખદુઃખનાં સાથી, વાત્રકને કાંઠે, વૈતરણીને કાંઠે
- **ઈશ્વર પેટલીકર :** જનમટીપ, ભવસાગર, મારી હૈયાસગડી-ભાગ ૧ થી ૨, ઋણાનુબંધ, કાશીનું કરવત, લોહીની સગાઈ
- ચુનીલાલ મડિયા : સમ્રાટ શ્રેણિક, હું અને મારી વહુ, વ્યાજનો વારસ, લીલુડી ધરતી, વેળાવેળાની છાંયડી, વાની મારી કોયલ
- **શિવકુમાર જોષી :** પ્રસન્ન દામ્પત્ય, મુક્તિ પ્રસૂન, ખૂની, બારી ઉઘાડી રહી ગઈ, કંચુકી બંધ, અનંગરાગ
- **જ્યોતીન્દ્ર દવે :** રંગતરંગ-ભાગ ૧ થી ૫, લગ્નનો ઉમેદવાર, વડ અને ટેટા, ખોટી બે આની
- **ગુલાબદાસ બ્રોકર :** લતા અને બીજી વાતો, ઊભી વાટે, માણસનાં મન
- **કિશનસિંહ ચાવડા :** અમાસના તારા, અમાસથી પૂનમ ભણી
- **યશોધર મહેતા :** રણછોડલાલ, મંબોજંબો, સરી જતી રેતી, મહારાત્રી
- **પીતાંબર પટેલ :** રસિયો જીવ, ઘરનો મોભ, પરિવર્તન, ખેતરને ખોળે, તેજરેખા
- **પુષ્કર ચંદરવાકર :** માનવીનો માળો, લીલુડાં લેજો, બાવડાના બળે, ભવની કમાણી
- **પ્રાગજી ડોસા :** ચરણરજ, મંગલ મંદિર
- **રંભાબહેન ગાંધી :** કોઈને કહેશો નહિ
- **બાબુભાઈ વૈદ્ય :** એ આવજો
- **ઈન્દુલાલ યાજ્ઞિક :** વરઘોડો, ભોળા શેઠનું ભૂદાન
- **રસિકલાલ પરીખ :** કાવ્યાનુશાસન, શર્વિલક, મેનાગુર્જરી, જીવનનાં વહેણો, સ્મૃતિ
- **નવલરામ ત્રિવેદી :** નવાં વિવેચનો, સમાજસુધારાનું રેખાદર્શન
- **વિજયરાય વૈદ્ય :** સાહિત્ય દર્શન, જૂઈ અને કેતકી
- **વિશ્વનાથ ભટ્ટ :** સાહિત્યસમીક્ષા, નિકષરેખા, પૂજા અને પરીક્ષા
- **વિષ્ણુપ્રસાદ ત્રિવેદી :** વિવેચના, પરિશીલન
- **ડોલરરાય માંકડ :** કાવ્યવિવેચન, પરિશીલન
- **અનંતરાય રાવળ :** સાહિત્ય વિહાર, ગંધાક્ષત
- **જયંત ખત્રી :** લોહીનું ટીપું; તેજ, ગતિ અને ધ્વનિ
- **પ્રહ્લાદ પારેખ :** બારી બહાર
- **રાજેન્દ્ર શાહ :** ધ્વનિ, આંદોલન, શ્રુતિ, શાંત કોલાહલ
- **નિરંજન ભગત :** યંત્રવિજ્ઞાન અને મંત્રકવિતા, ઘડીક સંગ
- **પ્રિયકાન્ત મણિયાર :** પ્રતીક, અશબ્દ રાત્રિ, સ્પર્શ, સમીપ
- **નલિન રાવળ :** ઉદ્ગાર અવકાશ, સ્હવાર-ભાગ ૧ અને ૨
- **બાલમુકુન્દ દવે :** પરિક્રમા, કુંતલ, ચાંદની, તીર્થોત્તમ, હરિનો હંસલો
- **વેણીભાઈ પુરોહિત :** સિંજારવ, દીપ્તિ, આચમન
- **નટવરલાલ પંડ્યા :** પ્રસૂન, રૂપ અને રસ, પૃથ્વી ગતિનો છંદોલય
- **જયંત પાઠક :** મર્મર, સંકેત, સર્ગ, અંતરિક્ષ

- **હરીન્દ્ર દવે :** આસવ, અર્પણ, સુખ નામનો પ્રદેશ, માધવ ક્યાંય નથી, નીરવ સંવાદ
- **સુરેશ દલાલ :** એકાંત, તારીખનું ઘર, કાગળના સમુદ્રમાં ફૂલોની હોડી, મારી બારીએથી-ભાગ ૧થી ૮
- **પિનાકિન ઠાકોર :** આલાપ, ઝાંખી અને પડછાયા
- **હસિત બૂચ :** સાન્નિધ્ય, નિરંતર, સૂરમંગલ
- **હેમંત દેસાઈ :** ઈંગિત, સોનલમૃગ, શરદ
- **દામોદર ભટ્ટ :** જલભેખ, તુંબીજલ
- **મનુભાઈ ત્રિવેદી :** રામરસ, સુરતા, સોનાવાટકડી
- **મકરંદ દવે :** વાલીડાના વાવડ, બેહદની બારાખડી, હૈયાનાં વેણ
- **નાથાલાલ દવે :** રાત થઈ પૂરી

## ૪. આધુનિક યુગના સાહિત્યકારો

- **સુરેશ જોષી :** ઊહાપોહ, એતદ્, ઉપજાતિ, છિન્નપત્ર, ગૃહપ્રવેશ
- **હસમુખ પાઠક :** તણખલું, નમેલી સાંજ, સાયુજ્ય
- **ગુલામ મોહમ્મદ શેખ :** મૃત્યુ
- **લાભશંકર ઠાકર :** માણસની વાત, કોણ ? ક્ષણ તત્ક્ષણ, આયુર્વેદની અમૃતધારા, પીળું ગુલાબ અને હું
- **રાવજી પટેલ :** સ્વ. હુંશીલાલની યાદમાં, વડ વગરનો છાંયો, અશ્રુધર, ઝંઝા
- **સિતાંશુ યશશ્ચંદ્ર :** ઓડિસ્યુસનું હલેસું, યમદૂત
- **ચંદ્રકાન્ત શેઠ :** પવન રૂપેરી, ઊઘડતી દીવાલો, પડઘાની પેલે પાર, સ્વપ્નપિંજર, ધૂળમાંની પગલીઓ
- **રમેશ પારેખ :** ક્યાં, ખડિંગ, ત્વ, સનનન, મીરા સામે પાર, વિતાન સુદ બીજ
- **અનિલ જોષી :** કાયમી જુદાઈ, સૂકી જુદાઈની ડાળ
- **આદિલ મનસૂરી :** વળાંક, પગરવ, સતત
- **ચિનુ મોદી :** વાતાયન, ક્ષણોના મહેલમાં, ભાવ-અભાવ
- **રાજેન્દ્ર શુક્લ :** કોમલ રિષભ, સ્વવાચકની શોધ, અંતર ગંધાર
- **ચંદ્રકાન્ત ટોપીવાળા :** કાન્ત તારી રાણી, પક્ષીતીર્થ
- **મહેશ દવે :** બીજો સૂર્ય, વહેતું આકાશ, મુકાબલો, મને દશ્યો દેખાય છે.
- **મનહર મોદી :** ૐ તત્ સત્, અગિયાર દરિયા, એક વધારાની ક્ષણ, હસુમતી અને બીજાં, અધીત
- **ભગવતીકુમાર શર્મા :** સંભવ, છંદો છે પાંદડાં જેનાં, સમયદ્વીપ, અવ્યક્તમધ્ય, ઊર્ધ્વલોક
- **માધવ રામાનુજ :** પછી, તમે, પિંજરની આરપાર
- **વીરુ પુરોહિત :** આંધળા માણસનું ગીત, વાંસ થકી વહાવેલી
- **મનોજ ખંડેરિયા :** અચાનક, અટકળ, હસ્તપ્રત
- **યશવંત ત્રિવેદી :** ક્ષિતિજને વાંસવન, પરિપ્રશ્ન
- **સુધીર દેસાઈ :** લોહીને કિનારે ઊગેલ વડ
- **જગદીશ જોષી :** આકાશ, વમળનાં વન
- **જ્યોતિષ જાની :** ફીણની દીવાલો, ચાખડીએ ચડીને ચાલ્યા હસમુખલાલ
- **ભરત ઠક્કર :** સોનેરી મૌન
- **હરિકૃષ્ણ પાઠક :** સૂરજ કદાચ ઊગે, ગુલાબી આરસની લગ્ગી, કોઈનું કંઈ ખોવાય છે, ગલીને નાકેથી
- **રામચંદ્ર પટેલ :** મારી અનાગસી ઋતુ, એક સોનેરી નદી, પૃથ્વીની એક બારી, વરાળ, સ્વર્ગનો અગ્નિ
- **પન્ના નાયક :** પ્રવેશ, ફિલાડેલ્ફિયા, નિસ્બત, આવનજાવન, અરસપરસ
- **રઘુવીર ચૌધરી :** તમસા, વહેતાં વૃક્ષ પવનમાં, પૂર્વરાગ, પરસ્પર
- **વિપિન પરીખ :** આશંકા, તલાશ
- **શ્રીકાન્ત શાહ :** એક, અસ્તી, ત્રીજો માણસ, તિરાડ અને બીજાં એકાંકીઓ
- **ચંદ્રકાન્ત બક્ષી :** આકાર, તમે આવશો ? બાર વર્ષે
- **મધુ રાય :** ચહેરા, કામિની, કલ્પવૃક્ષ, હુગલીનાં મેલાંનીર, એક સોમવાર
- **મુકુન્દ પરીખ :** મહાભિનિષ્ક્રમણ, મોક્ષ
- **રાધેશ્યામ શર્મા :** ફેરો, સ્વપ્નતીર્થ, સાડા ત્રણ ફૂટની ઘટના, આંસુ અને ચાંદરણું
- **કિશોર જાદવ :** નિશાચક્ર, સૂર્યારોહણ, છદ્મવેશ, રિક્તરાગ, યુગસભા

- **હરીન્દ્ર દવે :** પળનાં પ્રતિબિંબ
- **ધીરુબહેન પટેલ :** વડવાનલ, વાંસનો અંકુર, કાર્તિક રંગરસિયો, એક ડાળ, મીઠી, શીમળાનાં ફૂલ
- **સરોજ પાઠક :** નાઈટ મેર
- **પિનાકિન દવે :** વિવર્ત, મોહનિશા, વિશ્વજિત, અનુબન્ધ, અનિકેત, વિવર્ત, આધાર
- **બિન્દુ ભટ્ટ :** મીરાં યાજ્ઞિકની ડાયરી, દાદુ દયાલ
- **જયંત ગાડીત :** આવૃત્ત, ચાસપક્ષી અને કર્ણ, ક્યાં છે ઘર ? બદલાતી ક્ષિતિજ
- **ધીરેન્દ્ર મહેતા :** ચિહ્ન, દિશાંતર, ભૂસકાની ઉજાણી, આપણે લોકો, પવનના વેશમાં, વલય
- **મફત ઓઝા :** ઘૂઘવતા સાગરનાં મૌન, પથ્થરની કાયા આંસુનાં દર્પણ, અમે તરસ્યા સાજન, સાતમો પુરુષ
- **પ્રિયકાન્ત પરીખ :** ઉપર ગગન વિશાળ, કોશા, પ્રવાહ, કર્મ, ખોજ, સ્વપ્ન પ્રયાણ
- **કુંદનિકા કાપડિયા :** અગનપિપાસા, સાત પગલાં આકાશમાં, જવાદઈશું તમને, ચંદ્ર તારા વૃક્ષ વાદળ, અને પરોઢ થતાં પહેલાં
- **દિગીશ મહેતા :** આપણો ઘડીક સંગ, દૂરના એ દૂર
- **જૉસેફ મૅકવાન :** આંગળિયાત, સ્વગત, વ્યથાનાં વીતક, લક્ષ્મણની અગ્નિપરીક્ષા, માણસ હોવાની યંત્રણા
- **અશોકપુરી ગોસ્વામી :** કૂવો, નીંભાડો, અર્થાત્, મૂળ
- **પ્રબોધ પરીખ :** કારણ વિનાના લોકો
- **વીનેશ અંતાણી :** એકાન્તદ્વીપ, પ્રિયજન, કાફલો, પોતપોતાનો વરસ
- **અશ્વિની ભટ્ટ :** ઓથાર, નીરજા ભાર્ગવ, શૈલજા સાગર
- **મોહમ્મદ માંકડ :** ધુમ્મસ, બંધનગર, વંચિતા, કેલિડોસ્કૉપ
- **હરકિસન મહેતા :** પીળા રૂમાલની ગાંઠ, જગ્ગા ડાકુનાં વળામણાં
- **દિનકર જોષી :** આકાશનો એક ટુકડો, પ્રકાશનો પડછાયો, વસ્ત્રાહરા
- **વર્ષા અડાલજા :** મારે પણ એક ઘર હોય, ગાંઠ છૂટ્યાની વેળા
- **ઈલા આરબ મહેતા :** આવતી કાલનો સૂરજ, બત્રીસ પૂતળીની વેદ
- **હિમાંશી શેલત :** અંતરાલ, અંધારી ગલીમાં સફેદ ટપકાં
- **વિજય શાસ્ત્રી :** અહીં તો હોવું એટલે હોવું, ઈતરેતર
- **દિલીપ રાણપુરા :** મારી શ્રેષ્ઠ વાર્તાઓ, આંસુ ભીનો ઉજાસ, મીરાંનો રહી મ્હેક, સરનામું, કરમકથા, સૂકી ધરતી સૂકા હોઠ, સંકેત, વંચન
- **મણિલાલ પટેલ :** રાતવાસો, સુખ આપણા હાથમાં
- **ઉજમશી પરમાર :** ઊંચી જાર નીચાં માનવી
- **રમેશ મોદી :** વહેલી સવારનો સૂર્યાસ્ત
- **રજનીકુમાર પંડ્યા :** ખલેલ, ચંદ્રદાહ, વલોણું, ચૂનરિ, ઝબકારા બિલોરી શ્રેણી
- **જયવદન પટેલ :** જિંદગી તો શમણાંનું ઘર, ટહુક્યાં ઝાકળ પંખી
- **સુમંત રાવલ :** શિલાલેખ, ઘટનાલય, સાયંકાળ, કાગનગરી, ગોકી
- **ફાધર વાલેસ :** જીવનઘડતર, સમાજઘડતર, વ્યક્તિઘડતર
- **ભૂપત વડોદરિયા :** ઘરે બાહિરે, પ્રેમ એક પૂજા, જિંદગી ઝિંદાદિલી નામ, પરખ, અંતરના રૂપ

## ૫. બાલસાહિત્યકારો

- **દેશળજી પરમાર :** ગલગોટા, ટ્હૌકા
- **ચંદ્રવદન મહેતા :** ચાંદાપોળી, રમકડાંની દુકાન, સંતાકૂકડી
- **મેઘાણી :** કિલ્લો, હાલરડાં, કંકાવટી
- **સુન્દરમ્ :** રંગ રંગ વાદળિયાં
- **સ્નેહરશ્મિ :** ઉજાણી, તરાપો
- **કૃષ્ણલાલ શ્રીધરાણી :** ફોરાં, બાળારાજા, સોનાપરી, વડલો, પીળી પળાશ
- **મકરંદ દવે :** ઝબૂક વીજળી ! ઝબૂક, બે ભાઈ

- **રમણલાલ સોની :** ગલગલિયાં, ચાણક્ય, બાલમંદિરનાં નાટકો
- **રમણિક અરાલવાળા :** નગીનાવાડી
- **જુગતરામ દવે :** કૌશિકાખ્યાન, આંધળાનું ગાડું, ખેડૂતનો શિકાર
- **સુરેશ દલાલ :** ઈટ્ટાકિટ્ટા, ધિંગામસ્તી
- **ગિજુભાઈ બધેકા :** બાલસાહિત્ય વાટિકા, બાલસાહિત્યમાળા, બાલવાર્તાઓ, કિશોર કથાઓ, ઈસપનાં પાત્રો
- **ઉમાશંકર જોષી :** ગાંધીકથા
- **કુમારપાળ દેસાઈ :** અપંગના ઓજસ, ઝબક દીવડી, વતન તારાં જતા
- **કાલેલકર :** બે કેરી
- **યશવંત પંડ્યા :** બાળનાટકો
- **દુર્ગેશ શુક્લ :** ઉત્સવિકા, ઉલ્લાસિકા
- **નટવરલાલ માળવી :** વિનોદી બાળનાટકો
- **પ્રાગજી ડોસા :** બાળનાટકો

## ૬. મહેલા સાહિત્યકારો

- **નવલિકાકાર :** વિનોદિની નીલકંઠ, લીલાવતી મુનશી, પદ્મા ફડિયા, વસુબહેન ભટ્ટ, સુકન્યા ઝવેરી, સરલા જગમોહન, લાભુબહેન મહેતા, જયાબહેન શાહ, વિજયાબહેન શુક્લ, તારિણીબહેન દેસાઈ, જ્યોત્સનાબહેન શાહ, ગીતા કાપડિયા, પ્રજ્ઞાબહેન પટેલ, સરોજ પાઠક
- **નવલકથાકાર :** ધીરુબહેન પટેલ, વર્ષા અડાલજા, કુંદનિકા કાપડિયા, ઈલા આરબ મહેતા, રંભાબહેન ગાંધી, નીલા શાહ
- **બાલસાહિત્ય :** હંસાબહેન મહેતા, તારાબહેન મોડક, વત્સલા મહેતા
- **વિવેચક :** હીરાબહેન પાઠક
- **કવયિત્રી :** ગીતાબહેન પરીખ, સુરૂપ ધ્રુવ
- **નિબંધકાર :** લીના મંગળદાસ, ઉષા ચતુર્વેદી
- **પ્રવાસ-ડાયરી :** મૃણાલિની દેસાઈ
- **સમાજ-વિષયક :** શ્રુતિબહેન શાહ
- **ચિંતનાત્મક :** ચૈતન્યબહેન દિવેટિયા, લીલાબહેન પટેલ

## ગુજરાત : શાસનતંત્ર

### ૧. રાજ્યપાલશ્રીઓ

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| ૧. | શ્રી મહેંદી નવાઝજંગ | ૦૧-૦૫-૬૦ થી ૩૧-૦૭-૬૫ |
| ૨. | શ્રી નિત્યાનંદ કાનૂનગો | ૦૧-૦૮-૬૫ થી ૦૬-૧૨-૬૭ |
| ૩. | શ્રી પી.એન. ભગવતી (કાર્યકારી) | ૦૭-૧૨-૬૭થી ૨૫-૧૨-૬૭ |
| ૪. | ડૉ. શ્રીમન્નારાયણ | ૨૬-૧૨-૬૭થી ૧૬-૦૩-૭૩ |
| ૫. | શ્રી પી. એન. ભગવતી (કાર્યકારી) | ૧૭-૦૩-૭૩ થી ૦૩-૦૪-૭૩ |
| ૬. | શ્રી કે. કે. વિશ્વનાથન્ | ૦૪-૦૪-૭૩થી ૧૩-૦૮-૭૮ |
| ૭. | શ્રીમતી શારદા મુખરજી | ૧૪-૦૮-૭૮થી ૦૫-૦૮-૮૩ |
| ૮. | પ્રો. કે. એમ. ચાંડી | ૦૬-૦૮-૮૩થી ૨૫-૦૪-૮૪ |
| ૯. | શ્રી બી. કે. નેહરુ | ૨૬-૦૪-૮૩થી ૨૫-૦૨-૮૬ |
| ૧૦. | શ્રી આર. કે. ત્રિવેદી | ૨૬-૦૨-૮૬થી ૦૨-૦૫-૯૦ |
| ૧૧. | શ્રી મહિપાલસિંહ શાસ્ત્રી | ૦૨-૦૫-૯૦થી ૨૦-૧૨-૯૦ |
| ૧૨. | ડૉ. સ્વરૂપસિંહ | ૨૧-૧૨-૯૦થી ૩૦-૦૬-૯૫ |
| ૧૩. | શ્રી નરેશચંદ્ર સકસેના | ૦૧-૦૭-૯૫થી ૨૯-૦૨-૯૬ |
| ૧૪. | શ્રી કૃષ્ણપાલ સિંઘ | ૦૧-૦૩-૯૬થી ૨૪-૦૪-૯૮ |
| ૧૫. | શ્રી અંશુમાન સિંઘ | ૦૧-૦૩-૯૬થી ૧૫-૦૧-૯૯ |

| | | |
|---|---|---|
| ૧૬. | શ્રી. કે.જી. બાલકૃષ્ણન્ (કાર્યકારી) | ૧૬-૦૧-૯૯થી ૧૭-૦૩-૯૯ |
| ૧૭. | શ્રી સુંદરસિંહ ભંડારી | ૧૮-૦૩-૯૯થી ૦૬-૦૫-૦૩ |
| ૧૮. | શ્રી કૈલાસપતિ મિશ્રા | ૦૭-૦૫-૦૩ ૦૨-૦૭-૦૪ |
| ૧૯. | શ્રી બલરામ જાખડ (કાર્યકારી) | ૦૩-૦૭-થી ૨૩-૦૭-૦૪ |
| ૨૦. | શ્રી નવલકિશોર શર્મા | ૨૪-૦૭-૦૪થી ૨૯-૦૭-૦૯ |
| ૨૧. | શ્રી એસ.સી. ઝમીર (કાર્યકારી) | ૩૦-૭-૦૯થી ૨૬-૧૧-૦૯ |
| ૨૨. | ડૉ. કમલા બેનીવાલ | ૨૭-૧૧-૦૯થી આજ સુધી |

## ૨. મુખ્યમંત્રીશ્રીઓ

| ક્રમ | નામ | સમયગાળો |
|---|---|---|
| ૧. | ડૉ. જીવરાજ મહેતા | ૦૧-૦૫-૬૦થી ૧૯-૦૯-૬૩ |
| ૨. | શ્રી બળવંતરાય મહેતા | ૧૯-૦૯-૬૩થી ૧૯-૦૯-૬૫ |
| ૩. | શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ | ૧૯-૯-૬૫થી ૧૩-૦૫-૭૧ |
| ★ | રાષ્ટ્રપતિ શાસન : ડૉ. શ્રીમન્નારાયણ | ૧૩-૦૫-૭૧થી ૧૭-૦૩-૭૨ |
| ૪. | શ્રી ઘનશ્યામભાઈ ઓઝા | ૧૭-૦૩-૭૨થી ૧૭-૦૭-૭૩ |
| ૫. | શ્રી ચીમનભાઈ પટેલ | ૧૭-૦૭-૭૩થી ૦૯-૦૨-૭૪ |
| ★ | રાષ્ટ્રપતિ શાસન : રાજ્યપાલ શ્રી કે.કે. વિશ્વનાથન્ | ૦૯-૦૨-૭૪થી ૧૮-૦૬-૭૫ |
| ૬. | શ્રી બાબુભાઈ પટેલ | ૧૮-૦૬-૭૫થી ૧૨-૦૩-૭૬ |
| ★ | રાષ્ટ્રપતિ શાસન : રાજ્યપાલ શ્રી કે. કે. વિશ્વનાથન્ | ૧૨-૦૩-૭૬થી ૨૪-૧૨-૭૬ |
| ૭. | શ્રી માધવસિંહ સોલંકી | ૨૪-૧૨-૭૬થી ૧૧-૦૪-૭૭ |
| ૮. | શ્રી બાબુભાઈ પટેલ | ૧૧-૦૪-૭૭થી ૧૭-૦૨-૮૦ |
| ★ | રાષ્ટ્રપતિ શાસન : શ્રીમતી શારદા મુખરજી | ૧૭-૦૨-૮૦થી ૦૬-૦૬-૮૦ |
| ૯. | શ્રી માધવસિંહ સોલંકી | ૦૬-૦૬-૮૦થી ૦૬-૦૭-૮૫ |
| ૧૦. | શ્રી અમરસિંહ ચૌધરી | ૦૭-૦૮-૮૫થી ૦૯-૧૨-૮૯ |
| ૧૧. | શ્રી માધવસિંહ સોલંકી | ૧૦-૧૨-૮૯થી ૦૩-૦૩-૯૦ |
| ૧૨. | શ્રી ચીમનભાઈ પટેલ | ૦૪-૦૩-૯૦થી ૧૭-૦૨-૯૪ |
| ૧૩. | શ્રી છબીલદાસ મહેતા | ૧૭-૦૨-૯૪થી ૧૪-૦૩-૯૫ |
| ૧૪. | શ્રી કેશુભાઈ પટેલ | ૧૪-૦૩-૯૫થી ૨૧-૧૦-૯૫ |
| ૧૫. | શ્રી સુરેશચંદ્ર મહેતા | ૨૧-૧૦-૯૫થી ૧૯-૦૯-૯૬ |
| ★ | રાષ્ટ્રપતિ શાસન : રાજ્યપાલ શ્રીકૃષ્ણપાલસિંગ | ૧૯-૦૯-૯૬થી ૨૩-૧૦-૯૬ |
| ૧૬. | શ્રી શંકરસિંહ વાઘેલા | ૨૩-૧૦-૯૬થી ૨૭-૧૦-૯૭ |
| ૧૭. | શ્રી દિલીપભાઈ પરીખ | ૨૮-૧૦-૯૭થી ૦૪-૦૩-૯૮ |
| ૧૮. | શ્રી કેશુભાઈ પટેલ | ૦૪-૦૩-૯૮થી ૦૭-૧૦-૦૧ |
| ૧૯. | શ્રી નરેન્દ્રભાઈ મોદી | ૦૭-૧૦-૦૧થી આજ સુધી |

## ૭. તખલ્લુસ અને સાહિત્યકાર

- **અઝિઝ** : ધનશંકર ત્રિપાઠી
- **અદલ** : અરદેશર ખબરદાર
- **અનામી** : રણજિતભાઈ પટેલ
- **અજ્ઞેય** : સચ્ચિદાનંદ વાત્સ્યાયન
- **ઉપવાસી** : ભોગીલાલ ગાંધી
- **ઉશનસ્** : નટવરલાલ પંડ્યા
- **કલાપી** : સુરસિંહજી ગોહિલ
- **કાન્ત** : મણિશંકર ભટ્ટ
- **કાકાસાહેબ** : દત્તાત્રેય કાલેલકર
- **ઘનશ્યામ** : કનૈયાલાલ મુનશી
- **ગાફિલ** : મનુભાઈ ત્રિવેદી
- **ચકોર** : બંસીલાલ વર્મા
- **ચાંદામામા** : ચંદ્રવદન મહેતા
- **જયભિખ્ખુ** : બાલાભાઈ દેસાઈ
- **જિપ્સી** : કિશનસિંહ ચાવડા
- **ઠોઠ નિશાળીયો** : બકુલ ત્રિપાઠી
- **દર્શક** : મનુભાઈ પંચોળી
- **દ્વિરેફ, શેષ, સ્વૈર વિહારી** : રામનારાયણ પાઠક
- **ધૂમકેતુ** : ગૌરીશંકર જોષી
- **નિરાલા** : સૂર્યકાન્ત ત્રિપાઠી
- **પતીલ** : મગનલાલ પટેલ
- **પારાશર્ય** : મુકુન્દરાય પટણી
- **પ્રાસન્નેય** : હર્ષદ ત્રિવેદી
- **પ્રિયદર્શી** : મધુસૂદન પારેખ
- **પુનર્વસુ** : લાભશંકર ઠાકર
- **પ્રેમભક્તિ** : કવિ ન્હાનાલાલ
- **ફિલસૂફ** : ચિનુભાઈ પટવા
- **બાદરાયણ** : ભાનુશંકર વ્યાસ
- **બુલબુલ** : ડાહ્યાભાઈ દેરાસરી
- **બેકાર** : ઈબ્રાહીમ પટેલ
- **બેફામ** : બરકતઅલી વિરાણી
- **મકરંદ** : રમણભાઈ નીલકંઠ
- **મસ્ત, બાલ, કલાન્ત** : બાલાશંકર કંથારિયા
- **મસ્તકવિ** : ત્રિભુવન ભટ્ટ
- **મૂષિકાર** : રસિકલાલ પરીખ
- **લલિત** : જમનાશંકર બૂચ
- **વનમાળી વાંકો** : દેવેન્દ્ર ઓઝા
- **વાસુકિ** : ઉમાશંકર જોષી
- **વૈશમપાયન** : કરસનદાસ માણેક
- **શયદા** : હરજી દામાણી
- **શિવમ્ સુંદરમ્** : હિંમતલાલ પટેલ
- **શૂન્ય** : અલીખાન બલોચ
- **શૌનિક** : અનંતરાય રાવળ
- **સત્યમ્** : શાંતિલાલ શાહ
- **સરોદ** : મનુભાઈ ત્રિવેદી
- **સવ્યસાચી** : ધીરુભાઈ ઠાકર
- **સાહિત્ય પ્રિય** : ચુનીલાલ શાહ
- **સેહેની** : બળવંતરાય ઠાકોર
- **સુધાંશુ** : દામોદર ભટ્ટ
- **સુન્દરમ્** : ત્રિવનદાસ લુહાર
- સોપાન : મોહનલાલ મહેતા
- **સ્નેહરશ્મિ** : ઝીણાભાઈ દેસાઈ
- **ઈર્શાદ, ગરલ** : ચિનુ મોદી
- **મસ્કિન** : રાજેશ વ્યાસ
- **વિદૂર, ગાર્ગ્ય** : કે. કા. શાસ્ત્રી
- **કથક** : ગુલાબદાસ બ્રોકર
- **યયાતિ** : જયેન્દ્ર દવે

## ૮. ખ્યાતનામ કૃતિઓ

**અમાસના તારા** : કિશનસિંહ ચાવડા
**અમૃતા** : રઘુવીર ચૌધરી
**અહલ્યાથી ઈલિઝાબેથ** : સરોજ પાઠક
**આકાર** : ચંદ્રકાન્ત બક્ષી
**આગગાડી, નાટ્ય ગઠરિયાં, બાંધ ગઠરિયાં, મંદાકિની** : ચંદ્રવદન મહેતા
**આપણો ધર્મ** : આનંદશંકર ધ્રુવ
**અખંડ દીવો** : લીલાબહેન
**અભિનય પંથે** : અમૃત જાની
**અભિનવનો રસવિચાર** : નગીનદાસ પારેખ
**અલગારી રખડપટ્ટી** : રસિક ઝવેરી
**અશ્વત્થ** : ઉશનસ્
**અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ** : નારાયણ દેસાઈ
**અંધારી ગલીમાં સફેદ ટપકાં** : હિમાંશી શેલત
**આત્મકથા (ભાગ ૧ થી ૫)** : ઈન્દુલાલ યાજ્ઞિક
**આપણો ઘડીક સંગ** : દિગીશ મહેતા
**એક ઉંદર અને જદુનાથ, લઘરો** : લાભશંકર ઠાકર
ઊર્ધ્વલોક : ભગવતીકુમાર શર્મા
**કલાપીનો કેકારવ** : કલાપી **(વધુ આવતા અંકે)**